કુમાર

રવિ	૧	૮	૧૫	૨૨	૨૯
સોમ	૨	૯	૧૬	૨૩	૩૦
ભોમ	૩	૧૦	૧૭	૨૪	૩૧
બુધ	૪	૧૧	૧૮	૨૫	-
ગુરુ	૫	૧૨	૧૯	૨૬	-
શુક્ર	૬	૧૩	૨૦	૨૭	-
શનિ	૭	૧૪	૨૧	૨૮	-

ફેબ્રુઆરી ૧૯૩૩

રવિ	-	૫	૧૨	૧૯	૨૬
સોમ	-	૬	૧૩	૨૦	૨૭
ભોમ	-	૭	૧૪	૨૧	૨૮
બુધ	૧	૮	૧૫	૨૨	-
ગુરુ	૨	૯	૧૬	૨૩	-
શુક્ર	૩	૧૦	૧૭	૨૪	-
શનિ	૪	૧૧	૧૮	૨૫	-

માર્ચ ૧૯૩૩

રવિ	-	૫	૧૨	૧૯	૨૬
સોમ	-	૬	૧૩	૨૦	૨૭
ભોમ	-	૭	૧૪	૨૧	૨૮
બુધ	૧	૮	૧૫	૨૨	૨૯
ગુરુ	૨	૯	૧૬	૨૩	૩૦
શુક્ર	૩	૧૦	૧૭	૨૪	૩૧
શનિ	૪	૧૧	૧૮	૨૫	-

એપ્રિલ ૧૯૩૩

રવિ	-	૨	૯	૧૬	૨૩	૩૦
સોમ	-	૩	૧૦	૧૭	૨૪	-
ભોમ	-	૪	૧૧	૧૮	૨૫	-
બુધ	-	૫	૧૨	૧૯	૨૬	-
ગુરુ	-	૬	૧૩	૨૦	૨૭	-
શુક્ર	-	૭	૧૪	૨૧	૨૮	-
શનિ	૧	૮	૧૫	૨૨	૨૯	-

મે ૧૯૩૩

રવિ	-	૭	૧૪	૨૧	૨૮
સોમ	૧	૮	૧૫	૨૨	૨૯
ભોમ	૨	૯	૧૬	૨૩	૩૦
બુધ	૩	૧૦	૧૭	૨૪	૩૧
ગુરુ	૪	૧૧	૧૮	૨૫	-
શુક્ર	૫	૧૨	૧૯	૨૬	-
શનિ	૬	૧૩	૨૦	૨૭	-

જૂન ૧૯૩૩

રવિ	-	૪	૧૧	૧૮	૨૫
સોમ	-	૫	૧૨	૧૯	૨૬
ભોમ	-	૬	૧૩	૨૦	૨૭
બુધ	-	૭	૧૪	૨૧	૨૮
ગુરુ	૧	૮	૧૫	૨૨	૨૯
શુક્ર	૨	૯	૧૬	૨૩	૩૦
શનિ	૩	૧૦	૧૭	૨૪	-

રવિ	-	૨	૯	૧૬	૨૩	૩૦
સોમ	-	૩	૧૦	૧૭	૨૪	૩૧
ભોમ	-	૪	૧૧	૧૮	૨૫	-
બુધ	-	૫	૧૨	૧૯	૨૬	-
ગુરુ	-	૬	૧૩	૨૦	૨૭	-
શુક્ર	-	૭	૧૪	૨૧	૨૮	-
શનિ	૧	૮	૧૫	૨૨	૨૯	-

ઑગસ્ટ ૧૯૩૩

રવિ	-	૬	૧૩	૨૦	૨૭
સોમ	-	૭	૧૪	૨૧	૨૮
ભોમ	૧	૮	૧૫	૨૨	૨૯
બુધ	૨	૯	૧૬	૨૩	૩૦
ગુરુ	૩	૧૦	૧૭	૨૪	૩૧
શુક્ર	૪	૧૧	૧૮	૨૫	-
શનિ	૫	૧૨	૧૯	૨૬	-

ઑક્ટોબર ૧૯

રવિ	૧	૮	૧૫	૨૨	૨૯
સોમ	૨	૯	૧૬	૨૩	૩૦
ભોમ	૩	૧૦	૧૭	૨૪	૩૧
બુધ	૪	૧૧	૧૮	૨૫	-
ગુરુ	૫	૧૨	૧૯	૨૬	-
શુક્ર	૬	૧૩	૨૦	૨૭	-
શનિ	૭	૧૪	૨૧	૨૮	-

સપ્ટેમ્બર ૧૯

રવિ	-	૩	૧૦	૧૭	૨૪
સોમ	-	૪	૧૧	૧૮	૨૫
ભોમ	-	૫	૧૨	૧૯	૨૬
બુધ	-	૬	૧૩	૨૦	૨૭
ગુરુ	-	૭	૧૪	૨૧	૨૮
શુક્ર	૧	૮	૧૫	૨૨	૨૯
શનિ	૨	૯	૧૬	૨૩	૩૦

નવેમ્બર ૧૯


રવિ	-	૫	૧૨	૧૯	૨૬
સોમ	-	૬	૧૩	૨૦	૨૭
ભોમ	-	૭	૧૪	૨૧	૨૮
બુધ	૧	૮	૧૫	૨૨	૨૯
ગુરુ	૨	૯	૧૬	૨૩	૩૦
શુક્ર	૩	૧૦	૧૭	૨૪	-
શનિ	૪	૧૧	૧૮	૨૫	-

ડિસેમ્બર ૧૯

રવિ	-	૩	૧૦	૧૭	૨૪	૩૧
સોમ	-	૪	૧૧	૧૮	૨૫	-
ભોમ	-	૫	૧૨	૧૯	૨૬	-
બુધ	-	૬	૧૩	૨૦	૨૭	-
ગુરુ	-	૭	૧૪	૨૧	૨૮	-
શુક્ર	૧	૮	૧૫	૨૨	૨૯	-
શનિ	૨	૯	૧૬	૨૩	૩૦	-

સળંગ અંક

આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિ





પ્રવાસી પંખી ચિત્રકાર • રસિકલાલ પરીખ ત્રિરંગી મુખચિત્ર		
માગુ આશિષ (કાવ્ય)	રતિલાલ શુક્લ	૧
મિજલસ		૨
નેપથ્યમાંથી	ઈ ત.	૩
બહારનો અવાજ (નાટિકા)	કૃષ્ણલાલ શ્રીધરાણી	૪
ગંગાપટ	ચિત્રકાર • કૃષ્ણલાલ ભટ્ટ	૮
પરિતૃપ્તિ (ફોટો)	નટવરલાલ રાવત	૯
જ્ઞાનલીલા		૯
હિમાલયનો મુકુટમણિ એવરેસ્ટ	ચન્દ્રવદન મહેતા	૧૦
રશિયાની સફર		૧૭
સ્વાસ્થ્ય • શક્તિ • સૌન્દર્ય	હરિનારાયણ આચાર્ય	૨૧
તમારી તંદુરસ્તી	હરિકૃષ્ણ વ્યાસ	૨૨
પાનખર (કાવ્ય)	કૃષ્ણલાલ શ્રીધરાણી	૨૩
જઠરાગ્નિ (કાવ્ય)	ઉમાશંકર જોષી	૨૪
અરુણનું અદ્‌ભુત સ્વપ્ન	હંસા મહેતા	૨૫
બરફનો વરસાદ	પ્રભુદાસ ગાંધી	૨૮
દાનિયો ભાંડ (વાર્તા) બાળવિભાગ	ગિજુભાઈ	૩૦
ઢીંગલી (કાવ્ય) ,,	ઇશ્વરલાલ દેસાઇ	૩૦
ભેદી ટાપુ (વાર્તા)	મોંઘીબેન	૩૧
વિશ્વનાથી (કાવ્ય)	તનસુખ ભટ્ટ	૩૩
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ		૩૫
માધુકરી		૩૬
છેલ્લું પાનું		૪૦

મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

'કુમાર'નું વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશના: ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધીએ છીએ; ગ્રાહક થનારને પાછલા બધા અંકો મળશે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ: તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



પ્રવાસી પંખા
ચિત્રકાર • રસિકલાલ પરીખ

માગું આશિષ

· સ્રગ્ધરા ·

'સૃષ્ટિનાં હીર બાળી ઉછળી ઉમટતા ઘોર દાવાનળોને
હૈયામાં હું સમાવું; અણુઅણુ અરપી એહના દાહ ઠારું'
એવું જો કોઈ ઇચ્છે મનુજ, સ્વપન એ શેં ગણીને ઉવેખું?
જાણું એવું બન્યું ના, નવ પણ બનશે, તોય વાંછી રહું હું.

મારી નાની મતિને બહુબહુ મથતો વારવા તાત! તો યે
લીધાં સ્વપ્નાં ન છોડે, શિશુહઠ મહીં એ આભને બાથ ભીડે.
તારી ઇચ્છા વિના ના પ્રગટ ઋત થતું ને અસત્ ના પ્રજાળે
રે! જાણું તોય શાને લઘુમતિ ચહતી સ્વપ્નની સિદ્ધિ ચારુ?

વિશ્વોના કૈંક ગોળે અણુતમ પૃથિવીનો અણુ માનવી કો
ચાહે સૃષ્ટિતણા સૌ ક્રમ જ પલટવા એ અહમ્‌નો પસારો.
એ સત્ત્વે સાથ દેતાં લગીર પણ પ્રભો! થાય જો દ્રોહ તારો
આત્મા ને ઇન્દ્રિયોના સકળ ગણ મથી એક તુંમાં ડુબાડું.

ને એ ભક્તિથી રીઝે તુજ ઉર કદી તો માગું આશિષ માત્ર
કે પેલા માનવીની સફળ કર વિભો આશ, શી ખોટ તારે?

રતિલાલ શુકલ

¶ આશિષ માગતાં પ્રાર્થના-કાવ્યો તો ગુજરાતીમાં અનેક લખાયાં છે પણ આમાં જે સિદ્ધિ માટે આશિષ માગી છે તેની ભવ્યતા, અને જે રીતે—પોતાની જાતને બાજુએ રાખી કોઇની આકાંક્ષા દ્વારા પોતાની આકાંક્ષા પ્રકટ કરી—તે માગવામાં આવી છે એની ખૂબીભરી વિનમ્રતા કેવલ નવીન ને સાત્ત્વિક કલાભરી છે; અને એ બંને એને ઉત્તમ કાવ્યકલાના નમૂનાઓની પંક્તિમાં બેસાડી દે છે. સાથોસાથ એની ભાષાની સરલતા, ભાવની વિશદતા ને બહુ સ્વાભાવિકપણે વહેતી આવતી બાનીની પ્રવાહિતા-એ ત્રિવેણીનો સંગમ એને બહુ સફલપણે અસરકારક બનાવે છે.

¶ પહેલી બે લીટીમાં દર્શાવેલી ભવ્ય આકાંક્ષા—'જે ઘોર દાવાનળો આજે પૃથ્વીનાં હીર બાળીને ઉછળી ઉછળી ઉમટી રહ્યાં છે તેને હું મારા હૈયામાં શમાવું: અને મારા શરીરનો અણુએ અણુ અર્પીને પણ એના દાહ ઠારૂં' (જગતભરનું દુ:ખ—ઝેર પી જઇને, મારો બલિ આપીને, જગતમાં શાંતિ પ્રસારૂં) એવી ભવ્ય આકાંક્ષા કોઇ માનવી ધારે તો તેને હું સ્વપ્નું ગણીને હસી કેમ કાઢુ? કેમકે એવું જોકે બન્યું નથી-બનવાનું નથી એમ હું જાણું છું છતાં હું પણ નિત્ય એ જ વાંછુ છું. આવી અશકય વાંછા કરતી મારી ક્ષુદ્ર મતિને વારવા માટે હે પિતા, હું બહુ યે મથું છું. પણ એ તો બાળકની હઠ ને? આભને બાથ ભીડવા માગતી એ મતિ લીધાં સ્વપ્નાં છોડતી નથી બહુ યે જાણું છું કે તારી ઇચ્છા વિના સત્ત્વ પ્રકટ થવાનું નથી ને અસત્‌ને બાળવાનું નથી; છતાં મારી લઘુમતિ એ ચારુ સ્વપ્નસિદ્ધિ શાને ચાહ્યા કરતી હશે? . . માનવી કેટલો પામર છે? આ અનંત વિશ્વમાં (અનુસંધાન પાછળ મિજલસને છેડે)



તેં દેશની છે પ્રતિભા ઉજાળી આશાભર્યાં હા! હૃદયો વધાવી;
છે પાડવ્યા કૈં અણમોલ પાઠો વિજ્ઞાન, કૌશલ્ય, કલા તણા તો.
તેં ભાવના સેવ થકી ઝીલી છે સ્વદેશજાપો જપવ્યા જનોને;
જે દક્ષતાની હતી કાંઇ ખામી પૂરી પ્રીતે તેં જનઊર્મિ પામી.
(જયશંકર જોષી)

'કુમાર'ના ૧૦૦મા અંક સાથે પ્રકટ કરવા ધારેલાં આવાં ઊર્મિવચનો પાનાંની સગવડ પ્રમાણે ક્રમશઃ અત્રે આપવાનો અમારો ઈરાદો છે. તેમાં આવતાં સ્તુતિવચનો, અતિશ્લાઘાભર્યાં વિશેષણો અથવા ગુણાનુવાદોથી અમે પૂરા સાવચેત છીએ.; છતાં જેમણે ખાસ તકલિફ લઇને પ્રેમથી અમારૂં આમંત્રણ ઝીલ્યું છે તેમના પ્રતિના કર્તવ્યભારથી યે એમના પત્રોના સાર આપવા જોઇએ.

અમને બહુ આશા હતી કે આ નવી 'મિજલસ'માં ભાગ લેવાને અગાઉથી જણાવ્યા પ્રમાણે સંખ્યાબંધ પત્રો આવી પડશે, પરંતુ આપણા દેશની વિચાર કરવાની શક્તિ કુંઠિત થઇ ગઇ હોય કે બીજા વ્યવસાયેનું આવરણ હો,–ગમે તે કારણે પણ વિદ્યાર્થીઓ, યુવાનો, વિદ્વાનો, શિક્ષકો, સંસ્કારપ્રેમીઓ કે ઔદ્યોગિક સાહસિકો વગેરે પૈકી કોઇ વર્ગમાંથી જીવન, કળા કે સાહિત્યના પ્રશ્નો છેડતા થોડી લીટીઓના પત્રો પણ આવી શક્યા નથી.

મિજલસ માટે પત્ર લખવાનાં નિમિત્ત શોધવા જવાં પડે એમ નથી. કોઇ શાળાજીવનના પ્રશ્નો પર પોતાનો અનુભવ આપી શકે, તો કોઇ માંદગીના બિછાનામાંથી જીવનનું દર્દ આલેખી શકે, તો કોઈ મેદાની ખેલોમાં ચારિત્ર્ય કેવું હોય છે તે જણાવે, યા સમાજની જાળોમાં સપડાએલા બીજાને ચેતવણી રૂપ ઉપયોગી સૂચના મોકલે; વડીલો કે મુરબ્બીઓ નવા યુગને કેવી નજરે જુએ છે અને પોતાને હિસાબે તેમાં શી શી ભૂલો, નવીનતા જુએ છે તથા તેનું કેવું કેવું ભાવિ કલ્પે છે તે જણાવે. એમ મિજલસમાં અનેક દિશાના તરંગોનો મેળાવડો કરી શકાય એમ છે.

પ્રિય વાચક મિત્રો! એક વાર તમે આ રીતે તમારાં માનસ દ્વાર ખોલી મિજલસમાં આવો અને જુઓ કે આપણે કેવો સુંદર સહચાર અને વિકાસ મેળવી શકીએ છીએ. એમાં અનેક અવનવા દષ્ટિબિંદુથી તમારા પ્રશ્નો રજુ કરી શકશો, સાથે બીજાને સૂચના અને પ્રેરણા આપી કે તેમની પાસેથી લઈ શકશો અને નવી પિછાનો કેળવી શકશો. પરસ્પરનો વાર્તાલાપ જેટલો સુખકર અને સરળ જ્ઞાનસાધન બને છે તેટલા જ આ મિજલસના પ્રસંગો રસપ્રદ અને ઉપયોગી બનશે તેની ખાત્રી રાખજો. તમારે જ મિજલસ ભરી મૂકવી જોઇએ. એક જ માણસની શબ્દછાયા તેમાં પસરી રહે એ સામાજિક કળાનું ભૂષણ નથી. અલબત્ત દરેક સમયે તમે મને તમારી સેવામાં હાજર જ જોશો. પ્રત્યેક પત્રના ગુણદોષ તપાસી યોગ્ય રીતે, યોગ્ય તકે મૂકવાનો ભાર હમેશાં મારા ઉપર રહેશે, પરંતુ એ કામ મને કેટલું આનંદદાયક લાગશે! હું એકલો મિજલસની બેઠકમાં હોઉં તે કરતાં તમારાં બધાનાં શબ્દસ્વરૂપો મારી આસપાસ ઘૂમતાં હોય તે વાતાવરણમાં કેટલો ફેર?

—તંત્રી

હસ્તલિખિત પત્રો ચલાવનારાઓને

આવતી ૧૫ તથા ૧૬મી એપ્રિલે—ઈસ્ટરના તહેવારોમાં—અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના ઉપક્રમથી, સર ગનુભાઇ નંદશંકર મહેતાના પ્રમુખપદ નીચે 'ગુજરાત પુસ્તકાલય પરિષદ' મળવાની છે; તેને અંગે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં સઘળાં સામયિક પત્રોનું પ્રદર્શન ભરાવાનું છે. તેમાં છપાએલાં સામયિકો ઉપરાંત કેટલાંક ચુનંદાં હસ્તલિખિત પત્રો પણ મૂકવાનું ઠરાવ્યું છે. 'કુમાર'નાં ઘણાં વાચકો પ્રશંસાપાત્ર હસ્તલિખિતો ચલાવે છે એમ પણ અમે જાણીએ છીએ. એ સૌને પોતાના પત્રનો એક સારો, ચૂંટેલો અંક ઉપરોક્ત પ્રદર્શન માટે મોકલવાની વિનંતિ છે. હસ્તલિખિતોની પસંદગી બહુ ઊંચા ધોરણે ને મર્યાદિત સંખ્યામાં જ કરવાની હોવાથી જેમને પોતાના અંકો કસોટીમાં ઊભા રહી શકે તેવા લાગતા હોય તેઓ જ મોકલે એવી ભલામણ છે મોકલેલા અંકોની પૂરી કાળજી રખાવાની ખાતરી છે; છતાં તેને થતા અકસ્માત નુકસાન બદલ જોખમદારી સ્વીકારવામાં આવશે નહિ. અંકો પાછા મંગાવવા માટે પોતાના નામ સરનામા તથા પોસ્ટેજવાળા કવર સાથે પત્રવ્યવહાર નીચેને સરનામે કરવોઃ ઑન. સેક્રેટરી : ગુજરાત વર્નાક્યુલર સોસાએટી અમદાવાદ.

(અનુસંધાન પાછળને પાનેથી) કૈંક ભવ્ય ગોળા છે, એ ગોળાઓમાં તો આ પૃથ્વી અણુતમ છે, અને તેના યે ઉપર અણુ જેવો હું. એવો ક્ષુદ્ર છતાં સૃષ્ટિના ક્રમ પલટવા જેવી ઊપલી આકાંક્ષા સેવું એ અભિમાનનો જ પસારો ને? પણ એટલું ખરૂં કે અહમ્ હોવા છતાં એ સાત્ત્વિક અભિમાન છે; ને એવા સત્ત્વનો સાથ દેવા જતાં ઓ પ્રભુ, તારો દ્રોહ થતો હોય, તો તેના પ્રાયશ્ચિત્ત તરીકે મારા આત્મા ને ઇન્દ્રિયો સૌને. મથીને તારામાં ડૂબાડી તપસાધના કરીશ. અને એ ભક્તિથી જો તારૂં હૃદય કદી પ્રસન્ન થાય, તો પછી વિભો, મારે માત્ર એક જ આશિષ માગવાની છેઃ કે પેલા માનવીની (પહેલી બે લીટીમાં વર્ણવેલી) આશા સફલ કર. તારે શાની ખોટ છે?

—બ. રા.

નેપથ્યમાંથી

આ વર્ષથી નવા શરૂ થતા, અને બનતાં સુધી માસોમાસ નિયમિત ચાલુ રાખવા ધારેલા આ વિભાગ વિષે પહેલો તો એક નાનો સ્ફુરણનિર્દેશ કરી લેવો જોઇએ. કુમાર કાર્યાલયના અંતેવાસીઓ તથા કામગાર ભાઇઓના સંસ્કાર સહવાસ માટે ‘ કાર્યાલય ’ નામનું એક હસ્તલિખિત નીકળે છે. તેમાં આ જ લખનારનો આ નામનો એક વિભાગ આવ્યા કરે છે. પણ અહીં આવવાના આ વિભાગના ઉદ્દેશ અને અર્થ પેલાના કરતાં થોડા નિરાળા છે. સંસ્કારપોષક અને વિચારપ્રગતિસાધક વસ્તુઓના સંચય જેવા પેલા વિભાગનો ઉદ્દેશ તેના પહેલા અંકે આ રીતે સમજાવ્યો હતો:

‘સંસારની રંગભૂમિ પર જીવનખેલ ખેલવાની તૈયારીઓનો સાજ જ્યાં પડ્યો હોય છે એ નિગૂઢ નેપથ્ય કોણે જોયું છે? નટ પોતે એ નેપથ્યમાંથી જોઈતી તૈયારીઓ મેળવતો હોવા છતાં એનો પાર પામી શકતો નથી. અન્નપૂર્ણાના અક્ષયપાત્ર સમું એ સદા અખૂટ ને સભર ભર્યું છે. એમાં બધું અદૃશ્યરીતે ભરેલું હોય છે; બધું અવ્યવસ્થિત રીતે વ્યવસ્થિત હોય છે. તમને જરૂરની વસ્તુની ઇચ્છા કરો અને તે આપમેળે તમારે માટે નીકળી આવે છે.

અને એ નેપથ્યની સંચયક્રિયા પણ એટલી જ સ્વયંપ્રેરિત, અદૃશ્ય ને અવિરત હોય છે. ચિરજાગ્રત ચિત્રગુપ્તની પેઠે એ નેપથ્યનો નાથ અહોરાત્ર જીવનસાજનો સંચય કરતો જ હોય છે.

સૌના એવા સાજસંચય માટે, પોતાના તેમજ પારકા નેપથ્યમાંથી આણેલી વસ્તુઓનો આ સંચય સાર્થ થાઓ.’

ઉપરના ઉદ્દેશથી કેવળ ભિન્ન તો આ વિભાગ નહિ રહે. ‘નેપથ્યમાંથી’નો સાદો અર્થ ‘પડદા પાછળથી’. અને એ રીતે જોતાં એક નહિ પણ ઘણા પ્રકારે આ વિભાગ સાર્થનામ થશે. પડદા પાછળ રહીને લખાતો આ વિભાગ, લખનારના મનો-નેપથ્યમાંથી તેમ તેને સુલભ એવા તંત્રીખાતાના નેપથ્યમાંની પણ કંઇકંઈ સાજ-સામગ્રી રજુ કરશે એવી આકાંક્ષા છે.

કાવ્ય એ સાહિત્યનું ઊંચામાં ઊંચું રૂપ છે, કાવ્ય એ જીવનરસાયન બની શકે, એવુંએવું ઘણું વિવેચકો કહે છે. પણ કાવ્યો વિષે આજના વાચકવર્ગને કેટલી રૂચિ હશે તેનો કયાસ કાઢવા બેસીએ તો કદાચ નિરાશ થવું પડે. અનુભવે જોયું છે કે કાવ્યોના વાચન તરફ વાચકોના મોટા ભાગનો અણગમો નહિ તો ઉદાસીનતા તો છે જ. પણ તેમાં એ વાચકવર્ગનો દોષ ઝાઝો કાઢી શકાય એવું નથી. આપણા શિક્ષણમાં, આપણા જીવનમાં અને જીવનશિક્ષણ આપવાનો જેનો ધર્મ છે એવા આપણા પત્રકારિત્વમાં એ ‘જીવન રસાયન’ વિષે પ્રજાને રસ ધરાવતી કરવાનો કેટલો ઓછો પ્રયત્ન થાય છે?

સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે એવા પ્રયત્નો કર્યાનો દાવો ‘કુમાર’ કરી શકે કે નહિ? એનો નિર્ણય કરવાનું કામ તો બીજાઓનું છે. ‘કુમાર’માં આવતાં કાવ્યો વિષે ઘણીઘણી જાતના અભિપ્રાયો સાંભળ્યા છે. એવું કહેનારા તો ઘણા મળ્યા છે કે અમે ‘કુમાર’માં માત્ર કાવ્યો જ નથી વાંચતા; બીજું બધું ખૂબ જ રસ આપે છે. જ્યારે કેટલાક આ કથનને બહુ સમભાવપૂર્વક અને સમજવાની બુદ્ધિથી મૂકે છે. એવા વર્ગના એક ભાઇ જેઓ શરૂઆતથી ‘કુમાર’ના એકેએક અંકના આતુર વાચક છે તેમણે કહેલું: ‘તમે આ પહેલા પાના ઉપર તથા અંદરનાં પાનાંઓની વચ્ચોવચ આટલી બધી શોભા કરીને કાવ્યો મૂકો છો; પણ અમે તેનો કશો અર્થ સમજતા નથી; ને તમારી બધી મહેનત એળે જાય છે. તમે એના અર્થ, એમાં રહેલો રસ, તથા એમાં રહેલી જે ઉત્તમતાને કારણે એની પાછળ આટલી મહેનત લો છો તે સમજાવતા જાઓ તો ઘણાને ફાયદો થાય. હું ખાતરી પૂર્વક કહું છું કે મારા જેવી માન્યતાવાળા ઘણા માણસો હશે.’

બહુ જ સહૃદયતાપૂર્વક બોલાએલા આ શબ્દો સાંભળ્યાને મહિનાઓ થઈ ગયા, છતાં હજી એનો રણકાર કાનમાંથી ગયો નથી. ત્યારનું એમ લાગ્યા જ કર્યું છે કે એક ખરેખરી કરવાની વસ્તુ રહી જાય છે. જોકે બીજી તરફથી આવું પણ સાંભળવાનું મળે છે: ‘“કાવ્યો તો ‘કુમાર’નાં જ” એમ ખુશીથી કહી શકાય; અને તે બીજાને અન્યાય કરવાના ઈરાદા વિના, તથા આની એકની તર્ફે ખોટો કે અંગત પક્ષપાત ધરાવ્યા વિના. તેનું એકે કાવ્ય અમુક કક્ષાથી હેઠળ તો કદી ઊતરતું નથી—જે કથન બીજા કોઈ પણ માસિક માટે . . . . કરી શકાય તેમ નથી’—આવો અભિપ્રાય સાહિત્યને આકરી કસોટીએ નાણી જોનાર એક શિષ્ટ ગુજરાતી માસિકના વિદ્વાન અને વિવેચક તંત્રીએ એમના પત્રમાં ‘કુમાર’નાં કાવ્યો અવલોકતાં એક વાર આપેલો. પરંતુ આવો કસોટી કાઢનાર વર્ગ જેટલો સહૃદય છે તેટલો જ સહૃદય પેલી ફરિયાદ કરનારો વર્ગ પણ છે,—અને નિર્વિવાદપણે મોટો છે. તેમને ન્યાય આપવો હોય તો તેમની માગણી પૂરી પાડવાનો પ્રયત્ન કરવો જોઇએ. એવા પ્રયત્નની શરૂઆત આ અંકથી કરવામાં આવી છે. આ અંકનું પહેલું પાનું તેનો પુરાવો આપશે.

સાથેસાથે, કાવ્યનો રસ, તેમાં રહેલી ખુબી વગેરે જેમને ન સમજાતાં હોય તેમને પણ થોડું કહેવાનું છે. કાવ્ય આવ્યું એટલે તે પાનું ફેરવી નાખી તેની તદ્દન અવગણના ન કરશો. તેને એક વાર વાંચી જવા જેટલો તો ન્યાય આપવો ઘટે. એ વાંચવામાં પહેલાં તો કવિને શું કહેવાનું છે એ એના ગદ્ય રૂપમાં, સમજી લેવાનો પ્રયત્ન કરવો. આ અંકમાં પહેલે પાને એ રીતે ગદ્યમાં આખું કાવ્ય સમજાવેલું છે. ગદ્યમાં અર્થની બરોબર સમજ પડી ગઇ એટલે તેમાંની મનોરમ કલ્પના, બાનીની સચોટતા ને ભાષાની પ્રાસાદિકતા તમારૂં ધ્યાન ખેંચીને ધીમેધીમે તમને રસ લગાડતાં જવાનાં જ. આ દૃષ્ટિ ખ્યાલમાં રાખીને પહેલા પાના પરનું કાવ્ય તથા તેનું વિવેચન વાંચી લીધા પછી આ અંકમાંનાં કાવ્યો એ જ રીતે વાંચજો તો ખરા.

ઇ.ત.



બહારનો અવાજ

[દેવાલયની પછીત.
આખા મંદિરનો કચરો એકઠો કરી બહાર નાખવા માટે પછીતની મધ્યમાં એક નાનકડું દ્વાર દેખાય છે. એ દ્વારની જમણી બાજુ એક ચોતરા વચ્ચે લીંબડાનું ઝાડ ઊભું છે. ડાબી બાજુ જંગલ તરફ જવાની કેડી છે. ચોતરાની અને પછીતની વચમાં મંદિરની ખાળ પડે છે. નીચે એક નાનકડી કૂંડી બાંધી લીધી છે. અબીલ-ગુલાલથી લાલ બનેલું પાણી મંદિરની વેદી ધોઈ પૂજાનાં ચોળાએલાં ફૂલો લઇને બહાર પડે છે.

દીવાલ પરથી જાસૂદ ને પીળી કરેણની ડાળો ડોકિયાં કરે છે વંડી પર એક મોર બેઠો છે. પાછળ થોડે દૂર મંદિરનો ઘૂમટ દેખાય છે. થોડીથોડી ક્ષણે અંદરથી ઘંટારવ આવે છે.

કચરો એકઠો થઇથઇને નાનકડો ટેકરો થઇ ગયો છે. તેની પેલી મેર કેસૂડો કાંઇક ગોતી રહ્યો છે. ટેકરાની ટોચે ટેકરાની આડે એનું વાંકું વળેલું શરીર અર્ધું દેખાય છે. આ બાજુ તળેટીમાં દીવડી અને ગૂગળ મંદ મંદ વાતો કરતાં સૂકાં સાંઠીકાં વીણી રહ્યાં છે. સૌનાં કપડાં જીર્ણ ને મલિન છે.

સમી સાંજ છે]

કેસૂડો: (ટેકરીની ટોચે ટટ્ટાર થઈ ઉત્સાહમાં) દીવડી! ગૂગળ! આવો, જલદી આવો. અહીં મને કાંઇ જડ્યું!

દીવડી: (ઊંચે જોઈ આંખો ચમકાવી) શું જડ્યું? સોનાનો ચરુ? આટલો કૂદી રહ્યો છે તે?

ગૂગળ: જવા દેને દીવડી! કાચનો કટકો મળે તો ય નાચી ઊઠવાની એને ટેવ છે. ચાલ, ભારી પૂરી કરી નાખીએ. મોડાં થઇશું તો મા ચૂલો સળગાવ્યા વિના બેસી રહેશે અને બાપુ થાક્યાભૂખ્યા સામે આવશે. જોષીએ કહ્યું કે 'તું મહારાજનો માનીતો થઇશ' ત્યારથી કેસૂડાનો તો દિ' ઊઠી ગયો છે. બાએ સાંઠીકાં વીણવા મોકલ્યા તો ભાઇસાહેબ સોનાનો ચરુ શોધવા ટેકરે ચડ્યા છે.

કેસૂડો: (મોઢું પડી જાય છે.) તમે મને આમ ને આમ રોજ કહેશો? આજે તો માનો! જુઓ તો ખરા. ચરુ કરતાં ય ક્યાં ય મોંઘું મને સાંપડ્યું છે.

[નીચે નમી ખોદવા લાગે છે]

દીવડી: ચાલને ગૂગળભાઈ, એ પળમાં મોડું શું થવાનું હતું? એને બહુ ઓછું આવે છે.

[આંગળાંમાં આંગળાં ગૂંથી બંને ચડવા લાગે છે. કેસૂડા પાસે જઇને ઊભાં રહે છે અને કેસૂડો જ્યાં ખોદે છે તે દિશામાં જોઇ રહે છે.]

ગૂગળ: વાહ! આ તો . . . . . .

[નીચે બેસી આંગળાંઓ વતી ખોદવા લાગે છે.]

દીવડી: વાહ! કેવી મજા!

[નીચે બેસી જાય છે અને કેસૂડાએ અને ગૂગળે કાઢેલી ધૂળ દૂર કરવા લાગે છે]

કેસૂડો: કેમ, મશ્કરી કરતાં હતાં ને?

ગૂગળ: તે અમને ખબર હતી શું? પણ તકરાર પછી, હવે તો આ બહાર ખેંચી કઢાશે.

[બંને ઊભા થઇ જોરથી ખેંચવા લાગે છે. એક ભાંગેલી મૂર્તિ બહાર આવે છે દીવડી આનંદના ઉદ્રેકમાં છાતી પર હાથ મૂકી મોઢું ફાડી જોઈ રહે છે.]

કેસૂડો: ભગવાનની મૂર્તિ!

ગૂગળ: ચોથો હાથ ભાગી ગયો છે.

દીવડી: શંખ, ચક્ર, અને પદ્મ છે. ગદાવાળો હાથ તૂટી ગયો છે.

ગૂગળ: ગદા તો મુખિયાજીને મારવા ગઈ હશે!

[ત્રણે હસે છે]

દીવડી: કેટલો કચરો ભરાયો છે? લાવો, મને આપો. મારાં આંસુએ ધોઉં અને વાળથી એને લૂછું.

ગૂગળ: દીવડી, તું તો કવિ થઇ!

કેસૂડો: એ તો પેલા પાદરીએ વાર્તા કહેલી ને, એમાંથી! દર રવિવારે આવી આવીને આપણા વાડામાં કેવી સરસ વાતો કહી જાય છે? ધનાકાકાની મણકીને વાગ્યું હતું ત્યાં મલમ ચોપડી પાટો પણ બાંધી ગએલો.

[વાતો કરતાં કરતાં ત્રણે નીચે આવી ગયાં હોય છે.

ત્રણે ઓટલા ઉપર બેસે છે. દીવડી મૂર્તિને ખોળામાં મૂકી પોતાની ફાટેલી ઓઢણીના છેડાથી સાફ કરવા લાગે છે.]

ગૂગળ: પાણી વિના સાફ થાય એમ નથી.

કેસૂડો: અહીં પાણી ક્યાંથી કાઢવું? જોઇની હોય તો આ ખાળ છે.

દીવડી: અરે હા રે! સાંભર્યું! જોને ગયે ચોમાસે માણભટ્ટ આવેલા! એ કહેતા હતા કે જેમ આખી દુનિયાનો મેલ દરિયામાં જાય, એમ માણસમાત્રનાં પાપ પ્રભુને જાય. આપણે તો એમને મંદિરના મેલમાં જ નવરાવવાના!

[ઊઠીને કૂંડી પાસે જાય છે. મૂર્તિને મહીં ઝબોળે છે. બહાર કાઢી કપડાંથી લોહવા માંડે છે.]

મારાં કપડાંથી તો મૂર્તિ ઊલટી મેલી થશે.

કેસૂડો: મેલાંના દેવ મેલા! એમાં શરમાવાનું શું?


દીવડી: પણ આપણે મૂર્તિ મૂકશું ક્યાં?

ગૂગળ: ઘેર લઈ જઇએ.

દીવડી: ના, મુખિયાજીને ખબર પડે તો બાપુને મારી નાખે ને!'

કેસૂડો: મંદિરમાં આપી આવીએ!

દીવડી: ઓ મા! ના રે! તે દિવસે આરતી વખતે હું સહેજ બારણામાં જઇને ઊભી ત્યાં તો મુખિયાજીએ ખાસડું ફગાવ્યું. મને કહે, 'ગંદી, ગંધારી, ચાલી જા અહીંથી. મંદિર અભડાવવા આવી છે, ડાકણ?' ત્યાર





પછી તો મને એનું મોઢું પણ જોવું ગમતું નથી. પાપનો ઢગલો હોય એવું તો એનું શરીર છે મોટું! મારા ભગવાનને ય એનું મોઢું ન જોવા દઉં તો!

[મૂર્તિને છાતીએ ચાંપી એક બચી કરે છે. પછીતનું બારણું ઊઘડે છે. અંદરથી બે ચાકરડા માથા ઉપર કચરાના સૂંડલા લઇને નીકળે છે.]

પહેલો: (છોકરાંઓને જોઇને રોફથી) ભાગી જાઓ અહીંથી, નહિ તો મારવાં પડશે. આખી દુનિયાને અભડાવવા નીકળ્યાં છો તે! ભાગો!

બીજો: લાજ શરમ છે કે નહિ? મુખિયાજીએ ખાસડું માર્યું હતું તે ભૂલી ગયાં? નકટાં! ભાગો!

[છોકરાંઓ નાસી જાય છે. ઉતાવળમાં મૂર્તિ પડી રહી છે. ચાકરડાઓ ટેકરા પાસે જઈ સૂંડલા ઠલવે છે]

પહેલો: મહારાજે તો માથે કરી: આવતી કાલે સવારે મહાપ્રભુ પધારવાના છે તે ચાર દિવસથી મુખિયાજીએ જંપવા નથી દીધા. હું તો લોથ થઇ ગયો છું.

બીજો: એમ થાકયે પાર નહિ આવે. હજી તો તોરણો બાંધી તાડના પંખા ચોડવા બાકી છે.

[બંને જવા પાછા ફરે છે. ઓતરા ઉપર મૂર્તિને પડેલી જુએ છે.]

આ મૂર્તિને અહીં કોણ લાવ્યું હશે? આ શું!

પહેલો: (પાસે જઇ) અરે આ તો ભાંગેલી મૂર્તિ છે. અડીશ નહિ. પેલાં છોકરાંઓએ અભડાવી હશે.

[એક લાકડું ઉઠાવી એના છેડાથી હડસેલતો હડસેલતો મૂર્તિને કચરાના ઢગલામાં પાછી નાખી આવે છે. પછી અંદર જઈ બારણું વાસે છે.

રાત્રિ અંધારાનો પહેલો પટકુળ ઓઢે છે. લપાતાં છૂપાતાં છોકરાંઓ પાછાં આવે છે.]

દીવડી: (ધૂળમાં પડેલી મૂર્તિને ઉપાડીને) આ...અં! તમને ધૂળમાં રગદોળ્યા પ્રભુ! (છાતીએ ચાંપે છે.) તો ય તમારા એ ભક્તો. તમે એમને ત્યાં જશો અને રહેશો. અમારે ત્યાં આવો તો તો અભડાઇ જાવને!

[ચૂંદડીના છેડાથી ફરી મૂર્તિને સાફ કરવા લાગે છે.]

ગૂગળ: આજે તું ગાંડી થઇ ગઇ છે, દીવડી?

કેસૂડો: ભક્તો ગાંડા જ હોય!

દીવડી: હું કાંઇ ભક્ત નથી. મીરાંબાઇ જેમ વિઠ્ઠલવરને વર્યાં'તાં એમ હું વિઠ્ઠલને વરવાની. હું તો એમની પટરાણી થવાની.

કેસૂડો: હવે તો હું ય કહું છું કે સાચે જ તું ગાંડી થઇ ગઇ છે.

ગૂગળ: હવે એ વાત મૂકો. આ મૂર્તિનું શું કરવું છે તે નક્કી કરીએ. પેલા બે ચાકરડાઓ વાત કરતા હતા તે સાંભળી? કાલે મહાપ્રભુ પધારવાના છે. મંદિરને તો શણગારી શણગારીને અમરાપુરી બનાવી દીધી છે.

કેસૂડો: હા; પણ તેનું શું?

ગૂગળ: તેનું શું કેમ? આપણે ય આ મૂર્તિને આ ચોતરે મૂકીને મંદિર બનાવીએ. કાલે મહારાજ મંદિરમાં પધારશે એટલે સાથે સાથે આપણું ય મંદિર પાવન થઈ જશે.

દીવડી: હા, એ બરાબર કહ્યું. કાળિયાની મા અંદર વાળવા જાય છે તે વાત કરતી હતી; મુખિયાજી મહાપ્રભુના પગ ધોવાના છે અને પછી કંકુમાં પગ મૂકાવી આરસના ઓટલા ઉપર પગલાં પડાવવાના છે અને પછી એ ઉપર એક મોટું મંદિર બંધાવવાના છે. મહારાજના પગ ધોએલું પાણી ખાળમાં આવશે. આંખે અડાડીને પાવન થશું. એમને ચડાવેલાં ફૂલો પાણીમાં ઘસડાઈ આવશે. આપણા ભગવાનને ચડાવીને એમની પૂજા કરશું. બાકી એમનું દર્શન બર્શન થાય નહિ! આપણને અંદર કોણ પેસવા દે?

કેસૂડો: બરાબર છે.

ગૂગળ: ચાલો ત્યારે મૂર્તિને પધરાવીએ.

[મૂર્તિને ઉપાડી લીમડાના થડને અઢેલાવીને મૂકે છે. ત્રણે વારાફરતી સાષ્ટાંગ પ્રણામ કરે છે]

ગૂગળ: ઊભા રહો, કૂદકો મારી આ કરેણનાં ફૂલ તોડી લઉં.

દીવડી: ના; આપણા ભગવાનને મંદિરની કરેણ ન હોય; વગડાની આવળ શોભે. બંનેનો રંગ પીળો છે. છતાં બંનેમાં જમીન આસમાનનો ફેર છે. એકને વાવીએ તો ઊગે, બીજી તો માતાના ઉમળકાની જેમ આપોઆપ જમીન ભેદીને ફૂટી નીકળે.

[કેસૂડો થોડાં આવળનાં ફૂલ તોડી ચડાવે છે. ત્રણે ભાવભીની આંખે મૂર્તિ સામે જોઇ રહે છે. મંદિરમાં આરતીની ઝાલર તથા ઘંટાનો નિયમિત અવાજ થવા લાગે છે.]

કેસૂડો: દીવડી, આરતી શરૂ થઇ.

ગૂગળ: ગા તારૂં ગાન. દીવડી, આપણી કને શંખ, ઝાલર કે ઘંટ નથી, પણ એનો અવાજ આવતો હોય તો પ્રતિધ્વનિ પાડતું હૃદય છે. ચાલો એમના સંગીતે આપણે ય આપણી આરતી શરૂ કરીએ.

[ત્રણે ય હારબંધ ઊભાં રહી હાથ જોડી સ્થિર દૃષ્ટિએ મૂર્તિ સામે જોઈ રહે છે. મંદિરની આરતીના તાલે દીવડી ગાન ઉપાડે છે અને બંને ભાઇઓ તે ઝીલે છે.]

દીવડી:—

દશ કોઠે દશ દીવડા કીધા,
અંતરથાળમાં આરતી;
પરસેવાના ધૂપ ધરી દીધા,
આંતર-ઘંટ પૂકારતી.
જગના લોકના મેલ હરી હરી,
ફૂલ મૂક્યાં તુજ પાયમાં;
પાપ તણાં નૈવેદ્ય દીધાં ધરી,
અવર કાંઇ ધરાય ના.
હાડ સૂકાં અમ ચામ ગંધાતાં,
પગલાં એમાં પાડજે!
છોડવાના નથી કોઇ કાળે તને,
છાંડવા હોય તો છાંડજે!

[મંદિરની ઘંટા સાથે દીવડીનું ગીત પૂરૂં થાય છે. પગે પડી ત્રણે ઊભાં થાય છે.]

ગૂગળ: બહુ મોડું થયું દીવડી.

કેસૂડો: બાપુને ભૂખ્યા આંટો ખાવો પડશે. ચાલો ઉતાવળ કરીએ. સવારમાં વહેલાં અહીં આવી પહોંચશું.

દીવડી: હા, ચાલો. ભગવાન, મંદિરના લોકો રાત બધી તારૂં રક્ષણ કરે છે, કેમકે એમનો 'તું' સોનાનો છે. તારૂં અમે શું રક્ષણ કરીએ? અહીં તને તારે આધારે એકલો મૂકીને જઇએ છીએ. અમારૂં રક્ષણ કરતાં તો તને આવડયું,—હવે જોઇએ તો ખરાં તને તારૂં પોતાનું રક્ષણ કરતાં આવડે છે કે નહિ!

કેસૂડો: ગાંડી રે ગાંડી ! ચાલ હવે ચાલ.

[હાથ પકડી ખેંચવા લાગે છે. ત્રણે વધતા જતા અંધારામાં અલોપ થઇ જાય છે—બૂઝાતી શિખાઓની જેમ.]

અંક બીજો

[દેવાલયનું પ્રાંગણ.

સામે પ્રકીતમાં પહેલા અંકમાં દેખાતા દ્વારનો અંદરનો ભાગ દેખાય છે. એક બાજુએ મંદિર છે, અને બીજી બાજુએ એક નાનકડો મંડપ બાંધવામાં આવ્યો છે. આખા મંડપને લાલપીળા પટ્ટા અને પતાકાઓથી શણગારવામાં આવ્યો છે. આશોપાલવ અને આંબાનાં તોરણો લટકે છે, અને તાલવૃક્ષના પંખાઓ ખૂણાઓમાં ખોડચા છે. સ્થળે સ્થળે ભાતીગળ ફૂલોથી મંડપને મંડિત કર્યો છે. સિંહાસનની સામે ધૂપસળીઓના ને ગંધધૂપના ગોટાઓ ઊપડે છે. સિંહાસન ખાલી છે, છતાં બે બાજુએ બે પ્રતિહારીઓ ચમ્મર લઇને ઊભા છે. ડાબે પડખે રાજા અને નગરજનો છે. જમણે પડખે એક બાજઠ ઉપર મુખિયાજી પીળું પીતામ્બર પહેરીને બેઠા છે. એમની ગંજાવર કાયાનો કંઇક ભાગ બાજઠની આસપાસ પણ લટકે છે. પૂજારીઓની અને સેવકગણની હાર બેસી ગઇ છે. પ્રેક્ષકોની ઠઠ જામી છે. એક બાજુ વૈતાલિકો સંગીતના સાજ સાથે બેઠા છે.

સવારનો શીતળ પવન વાય છે. પંખીઓએ પ્રભાતસંગીત પૂરૂં કર્યું છે. આકાશમાં અરુણનો ઉદય થયો છે. દૂરથી બહુ જ આછો શંખધ્વનિ આવે છે.]

મુખિયાજી: મહાપ્રભુની સવારી આવતી લાગે છે. કોઇ બહાર જઇ જુઓ તો!

[એક સેવક બહાર જાય છે.]

સૌ તૈયાર થઇ જાઓ. મહારાજ પધારે કે સૌએ સાષ્ટાંગ પ્રણિપાત કરવાના છે. પછી વૈતાલિકોએ ગાન શરૂ કરવાનું. પછી પુરજનોએ એક પછી એક નજરાણાં ધરી દૂર ખસી જવાનું. પછી પૂજારીઓએ મહાપ્રભુની પૂજા કરી નૈવેદ્ય ધરવાનું, અને સૌથી છેલ્લે મારે એ પુનિત પાદનું પ્રક્ષાલન કરી આચમન કરવાનું છે. ઊઠતાં એમના પગ કંકુમાં પડશે અને પછી આરસમાં એના અંશો રહી જશે. નગરશેઠે ત્યાં મંદિર ચણાવી આપવાનું વચન આપ્યું છે. બરાબર છેને શેઠજી ?

નગરશેઠ: હા મહારાજ, આપનું કહેવું યથાર્થ છે.

સેવક: (બહારથી આવી નમસ્કાર કરી) મહારાજ, મહાપ્રભુની સવારી આમ્રકુંજ સુધી આવી પહોંચી છે. થોડી ક્ષણોમાં અહીં આવી પહોંચશે.

મુખિયાજી: ઠીક, તું જા અને પૂજાદ્રવ્યો અહીં લઈ આવ. (સેવક જાય છે.) સૌ સાવધાન. આજે મારો, આ મંદિરનો, આ નગરનો ભાગ્યોદય થયો છે. વર્ષોથી મહાપ્રભુને વિજ્ઞપ્તિઓ મોકલી હતી તે આજે ફળી.

રાજા: મહારાજ, આપનાં પુણ્ય ફળે છે. બાકી અમે તો પાપનો ભારો બાંધીને જવાના છીએ. આપ સરખા પુણ્યશાળીઓના પ્રતાપે તો અમે ઊજળા દેખાઇએ છીએ.

મુખિયાજી: તમારી જાતને હીન ગણોમા રાજન્. જગતમાં સૌ સમાન છે. મહાપ્રભુનો એ જ સંદેશો છે.

કારભારી: આપની એ ઉદારતા છે, મહારાજ.

[સેવક સપ્તશિખાથી મંડિત આરતી લઇને આવે છે. બીજા અનુચરો પુષ્પથાળ, ચંદન, કંકુ અને અબીલ-ગુલાલ લઇને આવે છે. ખાલી સિંહાસન સામે બધું મૂકવામાં આવે છે. શંખધ્વનિ અને ઘંટારવ વધારે સ્પષ્ટ થાય છે.]

મુખિયાજી: મહાપ્રભુ પધાર્યા. ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય !

[હાથ છાતી સુધી લઇ જઇ આંખો બંધ કરી ધ્યાનસ્થ થાય છે. બધા એમની સામે જોઈ રહે છે. થોડીવારે આંખો ઉઘાડે છે.]

મારા જીવનનું સાર્થક્ય લાધ્યું. હવે મને કશાની આશા નથી. લોકકલ્યાણ અર્થે જીવન ખર્ચ્યું એની અંતે ફળપ્રાપ્તિ થઇ. મહાપ્રભુની વિશ્વલીલામાં ક્યાં ય અન્યાય નથી.

[પ્રભાતના પ્રકાશમાં ધીમે ધીમે અંધ થતી મશાલોનાં અજવાળાં મંદિરદ્વાર સુધી આવી લાગે છે. શંખધ્વનિ અને ઘંટારવથી વાતાવરણ ગાજી ઊઠે છે. આખો સંઘ ધડકતે હૈયે ઊભો થઈ જાય છે. હાથ જોડી સ્તબ્ધ ચિત્ત સૌ પ્રતીક્ષા કરી રહે છે. મુખિયાજી હજી ઊઠવાની તૈયારી કરતા બાજઠ ઉપર બેસી રહ્યા છે.]

આવ્યો આવ્યો, મારો માધવ, મારો પ્રભુ, મારો નાથ!

[બે હાથ બાજઠ ઉપર મૂકી ઊંચા થવા જાય છે. હાથ અને પગની વચ્ચેનો બધો ભાગ પેટથી પૂરાઈ ગયો છે. બે સેવકો એમને ટેકો આપી ઊભા કરે છે.]

આ શું ? શો કેર ? મહાપ્રભુની સવારી મંદિર મૂકીને ચાલતી થઈ. પ્રભુ, મારા નાથ, મારો શો અપરાધ ?

[બહારની સવારી મંદિર પાસેથી પસાર થઈ જાય છે. મુખિયાજી બહાવરાની માફક આમતેમ જોવા લાગે છે સૌની આંખોમાં રઘવાટ છે.]

રાજા: મહારાજ, આપનો કાંઈ દોષ નહિ હોય. અમે સંસારના કીડાઓએ કાંઈક પાપ કર્યું હશે. મહા-

રાજ, એના પ્રાયશ્ચિત્ત રૂપે નગરશેઠના મંદિર ઉપર સોનાનું ઇંડું ચડાવવાની હું માનતા રાખું છું. મહાપ્રભુ પધારે તો એમને પગલે પગલે રૂપાનાં પગલાં જડાવું.

[સવારી મંદિરની પછીત આગળ આવીને અટકે છે. સૌ આશ્ચર્યથી એ દિશામાં કાન અને આંખ દોરવે છે. શંખ-ધ્વનિ અને ઘંટારવ બંધ થઈ જાય છે. બહારથી કોઇ બાળકોના આનંદના ફાટફાટ થતા અવાજો આવે છે.]

મુખિયાજી: અરે સમજ્યો, મારા નાથે પાછલે બારણેથી પ્રવેશ કરવો ધાર્યો હશે. ભક્તની બે ઘડી કસોટી કરી!

['મારા નાથ!' 'મારા નાથ!' કરતા મુખિયાજી બારણા તરફ દોડે છે. આગળિયો ઉઘાડી ઊભા રહે છે. બારણાં ખુલ્લાં છે પણ એમનું શરીર આડું હોવાથી બહારનું કાંઇ જ દેખાતું નથી]

પધારો, પ્રભુ, અંદર આવો. ગરીબની ખૂબ કસોટી કરી.

બહારનો અવાજ: મારે અંદર નથી આવવાનું, પણ તારે બહાર આવવાનું છે.

મુખિયાજી: પણ પ્રભુ અંદર પૂજાદ્રવ્યો સૂકાય છે, ઘીનો દીવો ઠરી જશે, ગંધધૂપ ઊડી જશે. આપને કાજે એ બધું તૈયાર રાખ્યું છે. કૃપા કરીને અંદર પધારો.

બહારનો અવાજ: એ પૂજાદ્રવ્યોનું મને કામ નથી.



અહીં મને એક કેસુડાનું ફૂલ ચડાવવામાં આવ્યું છે. તારાં ફૂલો તો કાલે કરમાઈ જશે. આ તો જીવતું ને જાગતું! એક દીવડી પણ ધરવામાં આવી છે. જેમ તારા દીવાની જ્યોત ફરકે છે એમ એનું કાળજું પણ ધબકે છે. અને તારા સુગંધિત ગંધધૂપને હું શું કરૂં? મને મુંઝારો થાય. અહીં મને ગૂગળનો ધૂપ પણ ધરવામાં આવ્યો છે. મને એ પ્રિય છે.

મુખિયાજી: (હાંફતા હાંફતા હાથ જોડી) મહારાજ, ક્ષમા કરો. હાંસી ન કરો. ત્યાં કોણ તમને એ બધું ધરે?

બહારનો અવાજ: તને મારામાં વિશ્વાસ નથી. બહાર આવ, જોવું હોય તો! તારે ત્યાં તો બધું મર્યાદામાં છે. અહીં બધું અપાર પડ્યું છે.

મુખિયાજી: પણ મહારાજ, અહીં રાજાજી અને પુરજનો આપની રાહ જોઇ રહ્યાં છે. આપનાં પગલાં ઉપર મંદિર ચણાવવાનું છે. અમને નિરાશ કરશો?

બહારનો અવાજ: અહીં પણ મારી રાહ જોવાય છે. અને તારે ત્યાં છે તેથી તો અનેકગણી આંખોએ યુગયુગથી જાગરણ માંડયાં છે. વળી મારૂં મંદિર તો ચણાઇ ગયું—ગઇ કાલે સાંજે! પણ તને ભાન ક્યાં છે?

મુખિયાજી: આપનું મંદિર ચણાઇ ગયું? ક્યાં? ક્યારે? કોણે ચણાવ્યું મને પૂછ્યા વિના?

બહારનો અવાજ: એ જ દુઃખ છે તો! જોને લોકો પ્રેમનાં મંદિર બાંધે છે અને તને પૂછતાં ય નથી. એના કરતાં તો રાજામહારાજા સારા, શેઠશ્રીમંત સારા, કે પાયો તો તારે હાથે નખાવે પોતાનાં પથ્થરનાં મંદિરોનો!


મુખિયાજી: મહારાજ, આપ શું કહો છો તે આજે સમજાતું નથી. અપરાધ થયો હોય તો ક્ષમા કરો, પણ કૃપા કરી અંદર પધારો.

બહારનો અવાજ: તને આજે જ સમજાતું નથી એમ નહિ; કદી જ તને સમજાયું નથી. અને માટે તો તું મારે નામે વેપાર કરી શકયો છે. સમજ મૂર્ખા, મને અંદર પૂરવાનો પ્રયત્ન મિથ્યા છે. મારી સાથે રહેવું હોય તો તારે બહાર આવવું પડશે,—તારૂં સઘળું લઇને.

મુખિયાજી: પણ મહાપ્રભુ, હું બહાર કેમ કરીને આવું? બારણું બહુ સાંકડું છે. મારાથી નીકળાતું નથી.

[મુખિયાજી બહાર જવાનો પ્રયત્ન કરતા દેખાય છે.]

બહારનો અવાજ: (હસતાં હસતાં) હા . હા . હા . તેં બાંધેલા બારણામાંથી તું જ નીકળી શકતો નથી;



ગંગાપટ
ચિત્રકાર · કૃષ્ણલાલ ભટ્ટ



પરિતૃપ્તિ

ફોટો • નટવર રાવત



તો હું ક્યાંથી પ્રવેશી શકું? મારી સાથે તો ટોળાં છે.

મુખિયાજી: મહાપ્રભુ, દયા કરો. કાંઈક ઉપાય બતાવો. હું અજ્ઞાન છું.

બહારનો અવાજ: દયા? દયા તો મેં કરી જ છે. અને માટે તો બહાર રહ્યો છું. અને ઉપાય પણ મારે બતાવવો પડશે? તું અજ્ઞાન હોત તો મેં ઉપાય બતાવ્યો હોત. પણ તું તો વિજ્ઞાની—વિશેષજ્ઞાની છે.

મુખિયાજી: ક્ષમા કરો મહારાજ, હું બાળક છું.

[બહારથી ત્રણ અવાજ એકસાથે]

બાળક તો અમે છીએ. આજે અમને અમારા બાપુ લાધ્યા એને ય તમારે લઇ જવા છે? તમારે શાની ખોટ છે તે અમને નિર્ધનને લૂંટો છો? તમારી પાસે તો સોનું છે. પણ તમારે બહાર આવવું હોય તો એક ઉપાય બતાવીએ. દીવાલ તોડી નાખો. બાકી તમે બારણામાંથી બહાર આવવાની આશા છોડી દેજો.

બહારનો અવાજ: (હસતાં) સાચું કહ્યું. દીવાલ તોડી નાખ.

મુખિયાજી: (પાછળ ફરીને) સેવકો, દીવાલ તોડી નાખો. મહાપ્રભુ અંદર નહિ આવે. આપણે જ બહાર જવું પડશે.

[સેંકડો લોકો કોશકોદાળી લઇ દીવાલ તોડવા લાગે છે. વાતાવરણમાં ધડાધડીનો અવાજ ગાજી રહે છે. જોતજોતામાં દીવાલ જમીન ભેગી થઇ જાય છે. તૂટેલા પથ્થરો ઉપર થઇને અંદરના લોકો ધસી જાય છે. મુખિયાજી દડી પડે છે, અને મહાપ્રભુના પગમાં જઇ પડે છે.]

દીવડી: અરે, અરે, અમને અડશો નહિ. અમે...

[મહાપ્રભુની એક બાજુ દીવડી અને બીજી બાજુ કેસૂડો તથા ગૂગળ લપાઇ જાય છે.]

મહાપ્રભુ: મુખિયાજી, તને બાળકો અડવા તૈયાર નથી, તો પછી મારાથી તો તને કેમ અડાય? છોડી દે મારા પગ, અને બાળકો, ચાલો આપણે ચાલ્યાં જઇએ—દૂર દૂર. અહીં બધું બહુ સ્વચ્છ સ્વચ્છ છે.

[બાળકોને બાજુમાં ચાંપી ચાલ્યા જાય છે.]

કૃષ્ણલાલ શ્રીધરાણી

જ્ઞાનલીલા

ગયા વર્ષના ફાગણ માસથી 'જ્ઞાનલીલા'નો વિભાગ અમુક કારણોને લીધે અટકેલો તે પછી અમારી ઘણી ઇચ્છા અને વાચકોની વારંવારની માગણી છતાં પણ અમે તે ચાલુ કરી શકતા નહોતા એનાં કારણોના લંબાણમાં અહીં ન ઊતરતાં આ લાંબા ગાળાની ઢીલને માટે વાચકોની ક્ષમા માગીને આ વર્ષથી એ વિભાગ ફરીથી શરૂ કરીએ છીએ;—એવી આશા સાથે કે હવે તે નિયમિત ચાલુ રહ્યા કરશે.

ગયા ફાગણમાં પ્રકટ થએલા 'જ્ઞાનલીલા'ના પ્રશ્નોના અમને એ વખતે જે ઉત્તરો મળેલા તેમાંથી બધા ખરા માત્ર છ જણાના હતા. તેમાંના જેઓ ગ્રાહક હતા તેમને ઈનામ મોકલાશે: (૧) અમરશી ગાંધી–વેરાવળ (૨) ગ્રા. નં. ૧૨૯ (૩) રણછોડભાઈ મિસ્ત્રી–નડિયાદ (૪) મનુભાઈ પટેલ–નડિયાદ (૫) ફેજબક્ષ ફીઆઉ–પાલણપુર (૬) ભગવાનદાસ સદ્દા–મહેસાણા. ખરા ઉત્તર નીચે મુજબ છે:

(૧) ગણિત-ગમ્મતઃ (૧) ૩૦૧ મોતી (૨) ૮૦ વર્ષ.

(૩) શબ્દ-ચોરસ:

ર	મ	ણ	ભા	ઇ
અ	**જ**	રા	મ	ર
ગૌ	રી	**પૂ**	જ	ન
હા	તી	મ	**તા**	ઈ
મ	ન	કા	મ	**ના**

(૨) અંક ચોરસઃ

૧૨	૧	૧૮
૯	૬	૪
૨	૩૬	૩

(૪) એ શું? (૧) તાવડી (૨) નભ, નગ અને વા; તેમાંથી નીકળતું કર્તાનું નામ ભગવાન (૩) સારસ

(અનુસંધાન આગળ પાન ૧૬મે)

નગાધિરાજ હિમાલયનો મુકુટમણિ

હિંદુસ્તાનને માથે બરફની વિસ્તારી જટા છે. હિંદુસ્તાનની નિશાળોમાં વર્ષોથી ભૂગોળ શીખવાતી જાણી છે. મૅકમિલન, ફિલિપ અને નેલસનના સેંકડો નકશાઓ વળ ઘાલી ફેંક પાટિયા પર ધૂળ ખાતા કે ખુલ્લા રહીને અક્ષરો ઝાંખા કરતા પડ્યા છે. રોજ ને રોજ કેટલાં યે ધોરણોમાં શિક્ષકો લાંકડીનું ઠીઠું લઇને એ નકશાઓ ઉપર હજારો માઇલ ઊંચેનીચે ફેરવે છે. ઘણા યે ગભરાએલા વિદ્યાર્થીઓ બીજે દિવસે પોતાની ગરીબીને અંગે ગંદી આંગળી હિમાલય, કારાકોરમ, અને હિંદુકુશ એમ લવતાં ત્યાં મૂકી જાય છે. વળી કેટલા યે વિદ્યાર્થીઓ રજાના દિવસોમાં રમી કૂદી થાકેલા છતાં મોડી રાત સુધી માથે ઝોંસાએલા લેસન પેઠે કરાંચીથી માંડીને બલુચિસ્તાનની પાંખ કાઢી ચમન, કમારદિન, મીરમશાહ, સફેદ ખોહ્દોરી પાછા ઊંચે વળી કાલાદોષ, ચિત્રલ, દીર અને હુંઝાને અર્ધ ગોળાકારમાં ઘેરી, સડસડાટ નીચે ઊતરતાં શીવકી, ગંગોત્રી, કામટ ને નંદાદેવી સુધી આલેખી, નેપાલભુતાનના બે મોટા નાના ચકરડા પાડી, છેક ભુતાનની ટોચે કુલ્હાંકાંગરી સુધી ઝીણા કાગળો પર સખત પેન્સિલથી લીસોટા ઘસડ્યા કરે છે. એ બીબા ઉપરથી વધારે થાકેલા વિદ્યાર્થીઓ હાથે બીજાં બીબાં ઉતારતા જ જાય છે. ક્વચિત્ એમાં રંગના ધાબાં ચીતરાય છે, અને પછી તો વધારે જ્ઞાન સંપાદન કરવા પાછળ મથતાં એ બધું નિશાળની ભીંતે જ ચોંટેલું રાખી પરવારી ઊઠે છે. પણ એ લીસોટા અને ચીતરામણોનાં ધાબાંમાં કેટલું અદ્‌ભુત સૃષ્ટિસૌંદર્ય, કેટલી સુંદર વનરાજીઓ, કેટલી રમ્ય અને ભવ્ય કુદરતલીલા, કંઈ કેટલાં ગગનચુંબી શિખરો, કંઇ કેટલાં શિખરોની હારગૂંથણી વચ્ચે થનગનતાં કે થીજેલાં સરોવરો તથા ગજગતિએ ફરતા માઇલો લાંબા બરફના પહાડો અને કડકડાટ કરતા પડતા હિમધોધો સંતાયા છે, એની કયા શિક્ષકે આજ સુધીમાં કયા વિદ્યાર્થીને મોહિની લગાડી છે? હિંદની ઉત્તરે હિમાલય, અને હિમાલય પર બરફ અને એટલામાં જ ત્યાંની ભૂગોળ ગોળ વળી જાય છે.

પણ અનેક ભારતવાસીઓની જીવનસફરના ધ્રુવતારક આ પહાડો, અનેક કવિઓ ને કલાકારોની પ્રેરણાના ધામ આ પહાડો, અનેક યાત્રીઓના તીર્થધામના ભંડાર આ પહાડો, અનેક પ્રવાસીઓના સાહસક્ષેત્ર આ પહાડોનું સામર્થ્ય ક્યારે કોણે પૂરું આંક્યું છે? જો કોઇ શિક્ષકે એની મોહિની લગાડી હોત તો શા માટે કેલાસ, સ્મિથ, સ્ટલેજ, કિડ, યંગ હસબંડ, ફ્રેશફીલ્ડ, ફાર્મર, ઍલેકઝાન્ડર, અબ્રૂસી, બ્રૂસ, નૉર્ટન, મેલરી, ડુવેનોલ વગેરે અનેક પરદેશીઓને હાથે હિમાલયની આંટીઘૂંટીઓનો અંદાજ થાત, એનાં હિમશિખરોની માપણી થાત, એની ગહન ખીણોની તપાસ થાત, એમાં ભવ્ય સૃષ્ટિસૌન્દર્યનાં દર્શન થાત? હિમાલય તો અનેક હિંદીઓ ગયા છે એ ખરૂં, પણ ભૂગોળ શીખીને તો કોઇ જ નથી ગયા. તો ભૂગોળ રચવા કે ઇતિહાસ સરજવા તો જાય જ શાના? જે જાય છે કે ગયા છે તે ધર્મની પ્રેરણાને લઇને, તપ, ત્યાગ, વૈરાગને અંગે. સાહસ અને સંશોધનને આપણે ત્યાંથી દેશવટો દીધો છે. કાઠિયાવાડ ગુજરાતના ડુંગરાઓ ખૂંદવા કેટલા જુવાનિયાઓ બહાર પડ્યા? આખુ કે એટલામાં, એચાર કોઇ રડીખડી રખડુ ટોળીના જુવાનજૂથ સિવાય જીવસટોસટનાં જોખમો સામે બાથંબાથા કરનારા સાચા વિદ્યાર્થી જુવાનો કેટલા નીકળ્યા?


સાહસના શોખીનોને તો હિમાલયનું હમેશનું નિમંત્રણ છે. 'મારા ૨૯,૦૦૦થી યે ઊંચા શિખર પર ચઢવાની છે કોઇનામાં તાકાત? તમે ૧૬.૦૦૦ ફૂટનો આલ્પ્સ ખૂંદ્યો, પણ ૨૦,૦૦૦ ઉપરના મારાં સો સો શિખરોમાંથી પૂરાં પંદર પણ તમે સર કરી શક્યા છો? મારી કેટલી યે સુંદર ખીણો પર તમે હજી આંખ પણ નથી ઠેરવી શક્યા. મારૂં હથિયાર કુદરત છે; તમારૂં શસ્ત્ર વિજ્ઞાન છે. અનંત કાળથી હું ઊભો છું અનંત કાળથી

ચોમો લુંગ્મા— માઉન્ટ એવરેસ્ટ —ઉમા શિખર

હું અનેકને મુક્તિ આપું છું. મને સર કરવા આવનારને મારું આવાહન છે.' હિમાલયની આ હાકલ છે. એ તો વળી કહે છે કે 'હું તો રોજ ને રોજ નિર્બળ થતો જાઉં છું; જ્યારે તમે તમારું જ્ઞાન વધારતા જાઓ છો, મનોબળ વધારતા જાઓ છો, તપ, ભાવના, દૃઢ નિશ્ચય, જીદ, ચીવટાઇ વધારતા જાઓ છો; જ્યારે આવો છો ત્યારે અણગણ્યાં યંત્રો લઇને આવો છો; છતાં-છતાં હજી સુધી હું અજેય છું. મનુષ્યજાતને મારું આવાહન છે.'

પૂર્વ હિમાલયનું એક પ્રવેશદ્વાર દાર્જિલિંગ છે. જરા પણ મુસીબત વિના ત્યાં સુધી પહોંચી શકાય છે. અને એટલામાં જ ઉદાર વિશાળ હિમાલય પોતાના સૌંદર્ય-સમૃદ્ધ સર્વોત્કૃષ્ટ શિખર કંચનજંઘાનાં દર્શન કરાવે છે. અહીંથી ચાળીસેક માઇલ જરા પૂર્વમાં ઝોંગટોક સુધી કે સીધા પચાસ સાઠ માઇલ ઉત્તરમાં ઝોંગરી સુધી જતાં તો એ વિરાટ કમલ એની મોહિનીમાં લપટાવી મનુષ્યભમરાને બીડ્યા વિના વશ કરી રાખે છે. એવરેસ્ટ —ઉમા શિખર—અહીંથી સવાસોએક માઇલ દૂર છે. કોક સુભગ પ્રાતઃકાળે સૂર્યદેવને નમસ્કાર કરવા એ પોતાનો બુરખો ખસેડે છે ત્યારે એનાં પણ દર્શન અહીંથી કરી શકાય છે.

કુતુબમિનારની ટોચ પર ચડી ઉત્તરમાં નજર કરતા ઊભા રહો, તો તમારી સામે કઇકઇ કલ્પના નહિ ખડી થાય? ડાબે હાથે ઊંચામાં ઊંચું શિખર પહેલું આપણી નજરે પડશે તે તો હાલમાં વધારે જાણીતું થએલું નાંગા પર્વત. અને પછી જરી જમણા હાથે સ્હેજ જ નજર દોડાવો અનેક શિખરમાળને કુદાવતાં મા-ઉન્ટ ગૉડવિન ઑસ્ટિન દેખાશે. કેવું વિચિત્ર! શું આ શિખર ઉપર ગૉડવિન ઑસ્ટિન સાહેબ આરામ ખુરસી પર બેઠા હશે, કે ત્યાં એમનું ઘર હશે? બંને શિખરો કાશ્મીરની કલગીઓ છે. નાંગા પર્વત ૨૬,૬૨૯ ફૂટ ઊંચો છે અને ગૉડવિન ઑસ્ટિન ૨૮,૨૫૦ ફૂટ ઊંચો છે. બંને લગભગ સરખા ઊંચા હોવા છતાં બંનેના સૌંદર્યમાં ફેર છે. નાંગા પર્વત ચઢવાને આજ સુધી ત્રણ પ્રયાસ થઇ ગયા. છેલ્લો તો તાજેતરમાં જ અફળ થયો, અને ૨૦ હજાર ફૂટ ઉપર જઇને શિખરિણીઓ પાછા ફર્યા. નાંગા પર્વતનું શિખર આખા હિમાલય ઉપર એક વાતે તો અજોડ છે. એને ચઢવામાં મનુષ્યની સઘળી શક્તિઓનો ઉપયોગ કરતાં પણ એ કદી યે ચઢાશે કે કેમ એની કૈંકને શંકા રહે છે. એનું કારણ એમ છે કે એ શિખર ૧૭,૦૦૦ ફૂટ પછી એકલું જ સીધું સપાટ રૂપાનો પીરામીડ સરજતું આકાશ ચુંબવા ચાલ્યું જાય છે. હિમાલય એટલે એક પર્વતની હાર એવું થોડું જ છે? સેંકડો આડીઅવળી ડુંગરાવલિઓ; અને એવી સેંકડો ઉપર વળી નવી ડુંગરાવલિઓ અને એમ હારની હારો ખડકેલી જ હોય. આપણે ધારો કે એક ૨૦,૦૦૦ ફૂટ ઊંચા શિખર પર જવું હોય તો નીચેથી ત્રિકોણ ઉપર સીધા ચાલ્યા જવાનું એવું કંઇ નહિ. હજાર ફૂટ ઊંચે જઇએ, વળી ૨૦૦નો ખાડો, વળી ૫૦૦ ચઢવાના, વળી માઇલનો સપાટ પ્રદેશ, વળી એકાદ ડુંગરો, વળી હજાર બે હજાર ચઢવાના, વળી મોટી ખીણ (એવી કે ગયા તો ગયા જ. એ કેમ ઊતરાય બાપલીઆ!) તો વળી ત્યાં નાનો પુલ બંધાવેલો હોય, ને તે કૂદ્યા કે ચઢો ત્રણચાર હજાર ફૂટ, કે એ જબરજસ્ત ખળખળ કરતો એકાદ નદીધોધ આવ્યો જ છે. હવે? તો કે ભાઇ દોરડાં. એટલે, આ નાકાથી પેલા નાકે નદીધોધ પર ઝૂલતું દોરડું અને તે હાથે ઝાલી ટીંગવાઇને નટ-ખેલ માફક પકડી પકડીને પાર



જવાનું. પડચા તો પાણીમાં. અને પાણીનો પણ કાંઇ વેગ! દેખ્યો દેખાય નહિ એવો. એ માંડ પાર કર્યો કે વળી ચાલો ચઢો, હાંફો, ઊતરો, ગોળ ચકાવો ખાઓ, બે માણસ સાથે ન ચાલી શકે એટલો સાંકડો પર્વતનો ખભો તેના પર ચાલો. કીડી જેવા. પગ જરાક ખસ્યો કે થઇ રહ્યું. આમ ને આમ તેર હજાર ફૂટ ઊંચે તો જવાના. પછી ઋતુ પ્રમાણે બરફ પગથારો આવવાની, બરફની નદીઓ આવવાની. કોઈ ઠરેલી, કોઇ અરધી ઠરેલી. એમાં પોચો બરફ. ભૂલેચૂકે જો પગ બરાબર ન રહ્યો તો?

આમ કરતાં કરતાં આગળ ચાલતા જ જાઓ, ચાલતા જ જાઓ. ઊંચે ને ઊંચે. ન મળે જન કે જનાવર, ઘાસ કે લીલોતરી. મોજાં લપટેલા પગે, અધ-મણીઆ જોડા, પહેરી હાથમાં કોદાળી લઇ એકેકની કેડે દોરડું બાંધી ઊંચી ડોકે ચાલો આકાશમાં. બરફ એટલો સખત કે પગથિયાં બનાવતા જવાનાં, ત્યાં વળી કોઇ પહાડ જ એવો આવે કે આખો બરફનો જ ડુંગરો. અને વળી ચાલતો, જાણે કોઇ મોટી જબરજસ્ત પાંચ સાત માઇલ લાંબી ધોળી ગોકળગાય સરતી ન હોય? એમ સરે, અને આપણે એની પીઠ પરથી પસાર પણ થઈ જઇએ!

આમ કંઇક ૨૦,૦૦૦ફૂટ પર પહોંચાય. પણ એમાં યે કેટલી છાવણી કરતા જઇએ, થાક ખાતા જઇએ, રાતવાસો બરફના ડુંગરામાં ઠામ ખોદી બનાવતા જવાનો, ખાવાપીવાની (પીવાની? હાસ્તો; બરફ ઉકાળીએ ત્યારે પાણી મળે) મુસીબતો. દસ પંદર કપડાં નીચે શરીર—પરસેવે પલળેલું હોય. નહાવાનું.... (કેમ કંઇ ઠેકાણે છે કે?) અને પવન તો કલાકના સોથી દોઢસો માઇલના વેગથી સાધારણ ફૂંકાતો જ હોય. એ સુસવાટા. તેમાં વળી વાદળાં મળે, તેઓ સતાવી ચાલ્યાં જાય. વળી હિમની રજકણો ભેંકે તે વાગે. ઠંડી, ઠંડી ને ઠંડી.



ડાબી તરફના ચિત્રમાં દેખાય છે તેવા સીધા ચઢાણવાળા ખડકો પર ચડવા માટે જમણી બાજુ મોટા ચિત્રમાં બતાવી છે તેવી દોરડાની એક ખાસ પ્રકારની ગાંઠની રચના શિખરિણીઓએ શોધી કાઢી છે, જેને લીધે તેઓ ઊંચેનીચે જઈ શકે છે.

અને સૂરજ તપે ત્યારે લીલાંભૂરાં ચશ્માં ન પહેર્યાં હોય તો આંખ આંધળી થઇ જાય, કેમકે સફેદ બરફથી સૂર્યનાં કિરણો વધારે તેજદાર બનતાં આંખ ઝંખવાઇ જાય છે. અને બસ એટલું જ? અરે, ફેફસાં બૂમો પાડવા માંડે એ ઊંચાઇએ તો. હવામાં ઑક્સિજનનું પ્રમાણ ઉપર ઘણું ઓછું થવાથી શ્વાસોચ્છ્વાસની મુસીબત પડે છે. ને એમાં પણ ધીમેધીમે ટેવાવું પડે; ત્યારે સો બસો ફૂટ ઊંચે માંડ જઇ શકાય. અને તે યે ખુબીથી, કિસબથી, કળાથી. રાભા જેવા ધડધડ લાવો ચડી નાખું એમ નહિ ચાલે. શ્વાસોચ્છ્વાસ સાથે તમારું ડગલું ભરાવું જોઇએ; બરાબર સંગીતમા તાલ પડે તેમ. એમાં ભૂલભાલ થઇ તો જુઓ મજા! એવો દુખાવો છાતીમાં શરૂ થાય કે ચલાય જ નહિ. પણ એમ ડુંગર પર ડુંગર ને તે ઉપર ડુંગર, એમ ઊંચામાં ઊંચી હારમાળાની ટોચ તે શિખર. કદીક બે શિખર પાસે પાસે પણ હોય.

હવે નાંગા પર્વત વિષે. ૧૭,૦૦૦ ફૂટ પછી એ સીધો સોટા જેવો ચાલ્યો જાય છે. એમાં પગથિયાં કાપ્યે જ છૂટકો. અને ગોળ ચકરાવામાં પગથી પાડતા જવાય તો જ ફાવે. પણ એથી જ એનું સૌંદર્ય અજોડ છે. બરફનો દસ હજાર ફૂટ ઊંચો સીધો ત્રિકોણ જોઇને કોનું હૈયું ન હરખાય! ગૉડવિન શિખરે તો પહોંચવું જ અઘરું છે. કેટલી યે હારમાળા પછી એની સમીપ જ માંડ પહોંચી શકાય છે. એમાં વચ્ચે તો કેટલા યે બરફના પહાડો મળે. અને તે પણ હાલતાં ચાલતાં. જાણે શિખરોના જીવતાજાગતા પ્રતિહારીઓ. વળી એની આસપાસ એટલાં બધાં શિખર આવેલાં છે કે એથી એના સૌંદર્યમાં ગંભીરતા વધે છે. એની બાજુમાં આવેલું ૨૪,૦૦૦ ફૂટ ઉપરનું તેરમકાંગરી એના સૌંદર્યમાં વધારો કરે છે.

માઉન્ટ ગૉડવિન ઑસ્ટિનને હવે માઉન્ટ 'કે ટુ' (K 2)થી ઓળખવામાં આવે છે. આ નામ બદલાયાને પાંચસાત વર્ષ થયાં. હું તો એને કેતુ કહેવા લલચાઉં છું. કે ટુ (K 2)નો અર્થ એવો છે કે કારાકોરમ પર્વતમાળમાં એ શિખરનો નંબર બીજો છે. એટલે એ પર્વતમાળમાં જેટલાં શિખર તેને પહેલાં 'કે વન', 'કે ટુ', 'કે થ્રી' વગેરે નામ અપાએલાં. તેમાં 'કે ટુ' સૌથી ઊંચું. અને એનું એ નામ જ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. ટનો ત કરીએ તો અર્થ સુંદર થતાં કેતુ નામ આપવાનું મન થાય છે. પણ આપણી એવી કંઈ સ્વાભાવિક મુરાદો અત્યારે આપણે બર લાવી શકીએ એમ છીએ? ઊલટું આવી કલ્પનાઓ પર કેટલાક વિદ્વાનો તરંગ ગણી હસવાના.

કેતુ શિખર દુનિયાનાં સર્વ શિખરોમાં બીજે નંબરે ઊંચું છે: ૨૮,૨૫૦ ફૂટ. જોકે હજી કેટલાક એને એથી ઓછી ઊંચાઇએ ગણે છે, અને કંચનજંઘાને બીજું મૂકે છે. કંચનજંઘા છે ૨૮,૧૪૬ ફૂટ. બંને વચ્ચે ફરક બહુ નથી, પણ કંચનજંઘાનું સૃષ્ટિસૌંદર્ય કેતુ શિખર તો શું, પણ સૌથી ઊંચા માઉન્ટ એવરેસ્ટથી પણ વધે છે. એટલી સુંદર એની રચના છે.

પણ આપણે કાશ્મીરને માથે બહુ થોભ્યા. હવે નીચે જમણી તરફ આંખ દોડાવો. તળાવો ને નદીઓ તો નજરે નહિ પડે. પણ ગંગોત્રી, કામેટ, નંદાદેવી, ત્રિશૂળી, પંચશૂળી, પીંડારી એ શિખર પરંપરા ચાલી આવે છે. નંદાદેવી તો તમે બદ્રીકેદારથી જોઇ શકો; આલમોડાથી જરા ઊંચે જઇને પણ જોઇ શકો. એ ૨૫૬૪૫ ફૂટ ઊંચું છે. અને એટલામાં તો એટલાં બધાં શિખરો છે

કે જાણે ઠંડ જામી ન હોય.

હિમાલયની મધ્યમાં હરિદ્વાર કે કટગોડામથી તમે ચાલ્યા જાઓ—ઊંચે ને ઊંચે, હજારો ફૂટ લાંબા સેંકડો માઇલ લાંબા વાંકાચુંકા સાપોલીઆ જેવા રસ્તે ચાલ્યા જાઓ, તો હિમાલયના હૃદયકમળ સરખા માનસ સરોવરનાં દર્શન થઇ શકે; અને હજુ જરા તિબેટમાં આગળ વધો એટલે કૈલાસ શિખરનાં દર્શન થાય. એ બેનાં વર્ણન હું તો કેમ કરી શકું? એ વાણીથી પર છે. એ અવર્ણનીય છે.

કૈલાસ શિખર પહેલું ૧,૭૧૫માં યુરોપીયન મિ. ડેસીડેરીની નજરે પડ્યું. એની ઊંચાઈ ૨૨,૯૨૮ ફૂટ છે. શાસ્ત્રોમાં, કથાઓમાં, વાર્તાઓમાં, પુરાણોમાં મુસાફરોનાં વર્ણનોમાં, ચીનાઇ તવારીખોમાં, કૈલાસનાં અનેક વર્ણનો છે. એના માહાત્મ્ય વિષે, એના અજબ સૌંદર્ય વિષે ભારોભાર લખાણો.છે. શિવલિંગ જેવા આકારનું એવું શિખર હિમાલય ભરમાં બીજું ભાગ્યે જ હશે. ચારે બાજુથી ગોળ. જાણે મોટું શિવલિંગ જ. કંચનજંઘા જટાધારી સમાધિમય શિવસ્વરૂપ જેવું લાગે છે. એનું સૌંદર્ય અલબત્ત અધિક છે; પણ કૈલાસનું તપોધન વિશેષ છે. સૈકાઓથી અનેક મનુષ્યે એની પરકંમાઓ કરી છે. બેત્રણ દિવસમાં એની આસપાસ ફરી શકાય છે. એમ ફરતાં એક ૧૮,૬૫૦ ફૂટ ઊંડી ખીણમાંથી પસાર થવું પડે છે. પવનની એકાદ ઝાપટ જો ત્યાં લાગી તો કૈલાસનાથને ખોળે સદાનો મોક્ષ મળી જાય! નંદાદેવી, ત્રિશૂળી, માંધાતા એ ત્રણે હિમાલયનાં ગણ્યાંગાંઠ્યાં સુંદર શિખરોમાં આવે છે. નંદાદેવીની રમણીયતા એની રેખ નાજુકતાને લીધે છે. એ બધા વિષે વિસ્તારથી તો ભવિષ્યમાં કોઈવાર જાણીશું.

હવે વળી ચાલો આગળ. ફેરવો નજર પૂર્વમાં. નેપાળની બરાબર મધ્યમાં રાજ્યદંડ સમું ધવલગિરિ. ૨૬,૭૯૫ ફૂટ. કેટલું સુંદર નામ! ધવલગિરિ. પણ કોઇ સુશિક્ષીત આગળ એ પ્રમાણે ન બોલતા. ડ અને ઢ વચ્ચેનો સંકર ઉચ્ચાર કરી ઢાઉલગિરૂરી. એમ બોલજો, તો જ હોશિયાર ગણાશો! ગૉડવિન ઑડવિન કરતાં ધવલગિરિ કેટલું સુંદર નામ છે. કોઇ સન–ટન સાહેબે એ ફેરવી અમરત્વ નથી સાધ્યું એ જરા નવાઇ જેવું લાગે છે. નેપાલની સરકાર એમ સાધારણ રીતે કોઇને દાખલ જ ક્યાં થવા દે છે? અને પછી એની પૂર્વમાં ૨૯,૨૫૦ ફૂટ ઊંચું–હિમાલયનું મુકુટમણિ–જગતભરના શિખરોનો રાજવી–માઉન્ટ





ઉપર: માઉન્ટ કે ટુ (K 2); એટલે કે કારાકોરમ પર્વતમાળાનું બીજા નંબરનું શિખર. એનું બીજું નામ માઉન્ટ ગૉડવિન ઑસ્ટિન
જમણી બાજુ: સીધી, ઊંચી, સપાટ બરફથી ઢંકાએલી દીવાલ પર દોરડાં વડે ચડવાનું કપરું કાર્ય.

એવરેસ્ટ નેપાલી ભાષામાં એનું નામ ચોમો લુંગમા–પૃથ્વીની દેવીમાતા–**Mother of the world.** એ પછી નેપાલ ને તિબેટની સરહદ પર તેમ નેપાલ ને સીક્કીમની સરહદ પર રખવાળશું ઊભું કંચનજંઘા, ૨૮,૧૪૮ ફૂટ. સૃષ્ટિના હિમગિરિઓમાં સૌથી શ્રેષ્ઠ અને સુંદર, ગહન અને ભવ્ય. . . . એની મોહિની એટલીક અજબ છે, એનું સૌંદર્ય એટલું માદક છે કે હું લખ્યે જ જઇશ અટક્યા વિના. એટલે એ શિખર વિશે અહીં-થી જ બસ. મનુષ્ય પ્રયત્ને પણ એ જીતાવું મુશ્કેલ છે, અતિ મુશ્કેલ છે; એમ ભલભલાનું માનવું છે. તાજેતરમાં ૨૫,૪૪૭ ફૂટ ઊંચું કામટ શિખર સર કર-નાર અને '૨૮માં કંચનજંઘા સર કરવા જનાર લગભગ ૨૫,૦૦૦ની ઊંચાઈ ચઢી હાર કબૂલી પાછા વળનાર સ્મિથનું માનવું તો એવું છે કે કંચનજંઘાથી યે ઊંચેનું એવરેસ્ટ સર થશે, મનુષ્ય ત્યાં કદાચ પોતાની પગલીઓ પાડશે, પણ કંચનજંઘા હરગીઝ નહિ સર થાય. એનાં અનેક કારણો છે. એની આસપાસ અનેક હિમરાજો રોકાણ કરતા ખડા છે. એક બિંદુમાંથી તમે જરા જરા છેટે પાંચ લીટીઓ નીકળતી દોરો, એવું કંચન-જંઘાનું શિખર છે. એટલેકે એને શિખરે પહોંચતાં પાંચ ખભાઓ આપણને મળે. પણ એ પાંચે ખભાઓ વચ્ચેના ગાળામાં બરફના હિમશિખરનાં તોફાનો, હિમ-પ્રપાતો, હિમછંટકાવો, વત્યાઓઅંઓ, ચાલતા–સરતા હિમગિરિઓમાંથી અચાનક હિમની ભેખડોનું તૂટવું, એથી હવામાનમાં થતી અનેક પ્રકારની ઉલટાસુલટી અસરો, વીજળી, વરસાદ ને વાદળાંઓના તાંડવો–વગેરે દૈવી આયુધોથી કંચનજંઘા એટલું સુરક્ષિત છેકે મનુષ્યના બધા પ્રયાસ હજી સુધી અફળ જ નીવડયા છે.

આવો અજબ છે હિમાલય. એની વનશ્રી, એનાં સરોવરો, નદી ધોધ વગેરે માટે અહીં શું લખીએ? બે હજાર માઇલ લાંબી એ ગિરિમાળમાં શું શું નથી? કઇ વનસ્પતિ નથી, કયાં સુંદર પશુ પંખીઓ નથી, કયાં સૃષ્ટિસૌંદર્યો નથા? અને છતાં હજી હિમાલયની મોહિની જેટલી હિંદ સિવાયના પરદેશીઓને લાગી છે, એટલી હિંદીઓને નથી લાગી. ધર્મના કારણે અનેક યાત્રીઓએ એ નગાધિરાજનો હિમપ્રવાસ કર્યો છે. એના ખરાબમાં ખરાબ ઢોળાવો, કપરામાં કપરી ખીણો પસાર કરી છે; પણ એ સિવાય સાહસ સમજીને હિમાલય ખૂંદવા ભાગ્યે જ કોઇ વીરલાઓ બહાર પડ્યા હશે. ઘડપણને





ઉપર : કાંચનજંઘા જતાં માર્ગમાં આવતું લ્હોનક શિખર. તેની આગળના ભાગમાં જણાય છે તે શિખર પરથી ધસી આવેલા બરફની, હાલતા ચાલતા ખડકો જેવી, વહેતી નદી છે. જમણી બાજુ : કેલ્લાસ શિખર. હિંદુઓનું યાત્રાધામ કૈલાસ શિખર તે આ નહિ. આ શિખર પણ કાંચનજંઘાના માર્ગમાં આવે છે અને તેનું નામ ડૉ.એ.એમ.કેલ્લાસના નામ પરથી પાડવામાં આવ્યું છે.



એવરેસ્ટનું દૂરથી દર્શન

લીધે સંસાર તજી તપ કરવા–દેહ ગાળવા હિમાળો સેવ્યો સાંભળ્યો છે, પરંતુ હિમાલયનું અદ્દભુત સૃષ્ટિ-સૌંદર્ય ન્યાળવા બહુ જ ઓછા ત્યાં ગયા છે. એનાથી ઊતરતી પંક્તિનું સૌંદર્ય ન્યાળવા જેટલા વિદેશ ગયા છે તેથી યે ઓછા હિમાલય ગયા છે. ધારો કે કાલે હિંદુસ્તાનના દરેકેદરેક જણને લાખલાખ રૂપિયાની લોટરી પાકે તો સેંકડોની સંખ્યા આલ્પ્સ પર દોડશે, નેપલ્સ, જીનોવા, લ્યુઝરન કે માઉન્ટ બ્લેંક જોવા દોડશે, આફ્રિકા જશે, અમેરિકા જશે, ઈંગ્લંડના લેઇક ડિસ્ટ્રિકટ્સમાં છાપો મારશે, આયર્લંડમાં કિલાર્ની જોવા જશે, પણ અમેરિકાથી, જર્મનીથી, સ્વિટ્ઝર્લંડથી, ઇંગ્લંડ ને ઇટાલીથી અનેકાનેક શિખરિણીઓને આકર્ષી રહેલો, હિમાલય જોવા નહિ જાય. અને કદાચ એ સૃષ્ટિસૌંદર્ય જોવા જાય તો પણ શું જુએ છે? ન ધરતી જુએ, ન ઝાડ જુએ, ન સૂરજ જુએ, ન ચંદ્ર જુએ. સગવડતાથી એ વખત ખાતાંખાતાં સુખચેન માનવાની ભ્રમણામાં એકાદ અંધારીઆ ડબ્બામાં પુરાઇ સડસડાટ કરતાં બે દિવસમાં શ્રીનગર જઇ, આઠ દિવસમાં પાછા ફરી કાશ્મીર જઇ આવવાનો ગર્વ કરનારા અનેક મળશે, પણ હિમાલયની અખંડ શાંતિનો, સનાતન ગૌરવનો, અદ્દભુત સૌંદર્યનો એકાદ દૃષ્ટિપાત પણ ભાગ્યે જ મેળવ્યો હોય તો નસીબ. ઊગેલા સૂરજ પછી અને આથમેલા સૂરજ અગાઉ ચાર ઈંચ પહોળા અને છ ઈંચ લાંબા પતાકડા પર કૅમેરા દ્વારા એનું સૌંદર્ય પરહેજ કરવાની મોટાઈમાં સ્વર્ગ માનનારાઓ આગળ હિમાલય ભાગ્યે જ પોતાની સમાધિમાંથી જાગી એકાદ મીટ સૌંદર્યની ભેટ ધરતો હશે.

(ચાલુ) **ચન્દ્રવદન ચીમનલાલ મહેતા**

જ્ઞાનલીલા

(અનુસંધાન પાછળ પાન ૯ થી)

(૫) **શબ્દ ગોઠવણી:** (નીચે) તેમાંથી નીકળતી કહેવત: સત્યમેવ જયતે તથા મહા પુરુષનું નામ: મોહનદાસ.

સ	સ	હું
મ	ત્ય	ય
હ	મે	શ
ન	વ	લ
મો	જ	ડી
દા	ય	કો
ક	તે	હ

(૬) **શબ્દફેરવણી:**

મ	ગ	ધ
મ	ગ	ર
ગા	ગ	ર
ગા	ન્ધા	ર

(૭) **ચિત્ર-પ્રશ્ન:**


૧૭ ઉપર ૪ બાર=૬૮;
૧૬ ઉપર ૨ બાર=૩૨;
૬૮+૩૨=૧૦૦

નવા સવાલ

(૧) નીચે બે જાણીતી કહેવતો ગૂંચવાઇ ગઇ છે. તમે તે બરાબર ગોઠવી આપશો? (૧) વર્મી કકડો અધે. વ દી સુરો મોંડે. (૨) અય મામાંનો બટાટો લઉ જાઉ. (૨) રોમન આંકડાવાળું મારૂં એક સુંદર ઘડિયાળ અચાનક મારાથી પથ્થર પર પડી ગયું ને તેના કાચ તથા ડાયલ (ચંદા)ના કટકા થઇ ગયા. ચંદાના પાંચ ટુકડા થઇ ગયા હતા, પણ અજાયબજેવું તો એ હતું કે તે પાંચે ટુકડા એવી ખુબીથી થયા હતા કે તે દરેક પરના આંકડાનો સરવાળો મેં કરી જોયો તો તે સરવાળો સરખો જ થયો. તો કહેશો, તે ટુકડા કેવી રીતે થયા હશે? (૩) ૨૮નો પાંચમો ભાગ આપણે ૬ ગણીએ તો તે હિસાબે ૨૮નો ત્રીજો ભાગ શું થાય? (૪) પાંચ ખાનાની આ આકૃતિના પહેલા ખાનામાં 'હ થી' શબ્દ મૂકેલો છે; તેમાંથી માત્ર એક જ અક્ષર બદલીને નવો શબ્દ બનાવી બીજા ખાનામાં મૂકતા જાઓ અને એ રીતે છેલ્લા ખાનામાં કીડી લાવી દો.

હા	થી
કી	ડી

(૫) બાજુની આકૃતિમાં ૧ થી ૯ સુધીના આંકડાઓ એવી રીતે ગોઠવો કે જેથી દરેક આડા, ઊભા તથા કર્ણરેખાના ખાના પૈકી, ખૂણા પરના બે આંકડાનો સરવાળો કરી વચલા ખાનાનો આંકડો બાદ કરવાથી દર વખત સરખો જ જવાબ આવે.



(૬) બાજુની આકૃતિમાં ૧૬ મીંડાં મૂકયાં છે. તમે પેન્સિલ ઉઠાવ્યા વગર છ સીધી લીટી એવી રીતે દોરી આપશો કે જેથી બધાં મીંડાં ઢંકાઇ જાય? (૭) ૧૦૦ને ચાર સરખી સંખ્યામાં એવી રીતે વહેંચો કે પહેલીમાં ચાર ઉમેરવાથી, બીજીમાંથી ચાર બાદ કરવાથી, ત્રીજીને ચારે ગુણવાથી, અને ચોથીને ચાર વડે ભાગવાથી એક સરખા જવાબ આવે.



રશિયાની સફર

ગયા અંકમાં આવેલા 'પાંચ વર્ષમાં કાયાપલટ' વાળા લેખે રશિયામાં અત્યારે ચાલી રહેલા એ વિરાટ ખંડનો અદ્ભુત પુનરૂજ્જીવનના પ્રયોગોનો ઠીકઠીક પરિચય કરાવ્યો છે. તે પછી તેને જ અનુસંધાને, આ અંકથી, રશિયામાં એક તરુણ ગુજરાતીએ કરેલા પ્રવાસની પત્રમાળા શરૂ કરતાં અમને આનંદ થાય છે. આ અંકમાં રશિયાપ્રવેશ અને લેનિનગ્રાડનાં વર્ણન આપ્યાં છે. આવતા અંકમાં મૉસ્કો, ખાર્કોવ અને ફિન્લૅન્ડનાં રસમય પરિચયો પુષ્કળ ચિત્રો સાથે આવશે.

ઉમ્મરની ગણત્રી સમયના માપથી નહિ પણ તેને ભરતા બનાવોથી કરવામાં આવે તો જ એ ગણત્રી સાચી થાય. તેમાં યે છેલ્લાં પાંચ અઠવાડિયાંમાં તો અમે પુષ્કળ જોયું. એનો ખ્યાલ આપવામાટે મારે જુલાઇની ૧૬મી તારીખ પર પાછા જવું પડશે.

લંડનના ઉનાળાની સાંજના આઠ વાગ્યાને શુમારે અમે લંડન બ્રિજ પાસે 'હેઝ વ્હાર્ફ' પર હાથમાં બૅગ, ખિસ્સામાં 'ઇંટૂરિસ્ટ' સાથે ત્રણ અઠવાડિયાંની સફરની ટિકેટ અને દિલમાં અનેક અભિલાષાઓ સાથે જઈ પહોંચ્યા. અમારી સાથે રશ્યન 'કરન્સી'(ચલણ)નું કશું નાણું ન હતું કેમકે તેની જરૂર ન હતી. માત્ર એક શબ્દ ચલણ તરીકે હતો—તવારિશ = Comrade: અને રશિયાના ગમે તે ખૂણામાં તે અચલ ચલણ તરીકે ચાલવા સમર્થ હતો.

સોવીએટ સ્ટીમર 'રુડઝુટાક' નાની, પણ સુંદર અને સ્વચ્છ હતી અને અમે ટૂરિસ્ટ વર્ગમાં હતા (સ્ટીમરમાં ખાવા અને સૂવા પૂરતા વર્ગવિભાગ હજુ પણ છે; જોકે બેસવા માટેના ખંડ, ડેક વગેરે તો સામાન્ય જ છે) છતાં પથારીઓ સરસ જોઇ ખુશ થયા. અમારી નાની કૅબિનમાં અમે ચાર હતા તે ને બીજા બે. એક દક્ષિણ આફ્રિકાનો અંગ્રેજ અને બીજો ઑાકસફર્ડ અંડરગ્રૅડ. પણ મોટો ભાગ તો બધા ડેક ઉપર જ ગાળતા હતા.

અમે ચઢ્યા ત્યારે ભાગ્યે જ કોઇને ઓળખતા હતા, પણ જે જે આવશે તે બીજાને મળવા તત્પર હશે ને દોસ્તી કરવા ચાહશે તેની અમને ખાત્રી હતી.

કૅબિનમાં સામાન મૂકી અમે સ્ટીમર ઊપડવાની રાહ જોવા લાગ્યા. ડેક પર રશિયન પુસ્તકો ને છાપાંઓનો એક ઢગ પડેલો હતો તેમાંથી થોડો લીધાં. કેટલાક રશિયન વ્યાકરણ લઇ અભ્યાસ કરવા સુદ્ધાં લાગેલા! અમારૂં મંડળ 'સ્કુલ ઑફ એકૅનૉમિક્સ'નું કહેવાતું હતું. અમે બધા વીસપચીસ વરસની આસપાસના હતા ને બધાના રસ લગભગ સરખા જ હતા.

સ્ટીમર ઊપડવાનો વખત મોડો હતો: રાતનાં અગિયારનો; ને વળાવવા આવેલા જૂજ હતા તથા સફર બેચાર અઠવાડિયાંની જ હતી એટલે ખાસ ઉશ્કેરાટના દેખાવો બંદર પર ન થયા. માત્ર એક 'ડચ'ને ઇંગ્લંડ છોડી જવાનો હુકમ થએલો તેની આસપાસ પંદર-વીસ તરુણ–તરુણીનો ઉશ્કેરાટ કેન્દ્રિત થએલો હતો. બાકી બધું શાન્ત હતું. મેની ટેઇમ્સ પર તેજસ્વી દીવા તગતગતા હતા. લાલ અને કાળી 'ક્રેઇન્સ' પોતાની દાનવી ડોકો ઊંચી રાખી પડેલી હતી અને દૂર 'ટાવર બ્રિજ' બંધ થએલો પડ્યો હતો. અમે પસાર થવાના હતા ત્યારે તેના વિશાળ બાહુ તેણે ઊંચા કર્યા, અને તે પાછા પડતાં 'હાશ' ઉચ્ચાર્યું હોય તો નવાઇ નહિ.

ઓળખાણો કરવાનું બીજા દિવસ પર મોકૂફ રાખી અમે સૂવા ગયા. પણ બીજો દિવસ તોફાની નીવડ્યો. 'નૉર્થસી' એ બધા મર્દોને ભોંય ભેગા કરી દીધેલા. સૉવીએટ ખોરાકની રકાબીઓ માંડ દસેક ખૂટી હશે.

સ્થાનો બદલતાં, ઉલટીઓ કરતાં, દાદર ચઢઊતર કરતાં ને કવચિત ઊંઘ કાઢતાં અમે એ દિવસ પસાર કર્યો. ત્યારપછી દરિયો તો ઘણો જોયો, પણ લાગ્યો એકેવાર નહિ.

પછીનો દિવસ શાંત અને ખુશનુમા શરૂ થયો. મોં ધોતાં જ ઓળખાણો શરૂ થઇ. કેટલા યે અમેરિકાથી આવતા હતા. પરંતુ અંગ્રેજો પણ થોડા ન હતા. હિંદી ભાઇઓ પણ છસાત હતા, બેચાર ચીનાઓ

પણ હતા. અને ખબર પડી કે કુલ અઢારેક જાતિનાં માણસો એ નાના સમૂહમાં હતાં. અમે બધા મળી ભાગ્યે બસો ઉપર હોઇશું. અમારા નાના પચીસ જણના મંડળમાં પણ પાંચે ખંડનાં માણસો હતાં.

જેટલું વૈવિધ્ય જાતિમાં હતું તેટલું જ ધંધા અને રસમાં હતું. અમે વિદ્યાર્થીઓ હતા, પણ સાથે જ બીજું મંડળ વૈજ્ઞાનિકોનું હતું; એક દાક્તરોનું હતું, કેટલાક કલાકાર હતા, એક સંગીત રચનાર અમેરિકા છોડી રશિયામાં સ્થિર થવા જતો હતો, એક સ્થપતિ પણ ધીકતો ધંધો છોડી રશિયામાં વસવાનો હતો, કેટલાક ઈજનેરો હતા. આમ એક વિશાળ શંભુમેળો જગતના એક દેશ તરફ સરખી લાગણીથી ખેંચાઇ રહ્યો હતો. વિદ્યાર્થીઓમાં પણ અર્થશાસ્ત્રીઓ, તત્ત્વચિંતકો (એટલે હું), રાજપ્રકરણના અભ્યાસીઓ, 'બાયોલૉજીસ્ટ્સ' ને એવા બીજા હતા. સવાર પડે કે જુદાજુદા વિષયોની ચર્ચા કરતાં નાનાંનાનાં મંડળો ડેક પર ગોઠવાઈ જતાં. અક્કલહીન રમતોમાં વખત વ્યય કરનાર અમારામાં કોઈ ન હતું. ગમ્મતમાં હતાં ગીતો. પેલો 'કૉમ્પોઝર' કંઇ કંઇ બનાવી લાવતો. કોઈવાર કૂચો થતી, કોઈકવાર આંતરરાષ્ટ્રીય ગીત ગવાતું અને બીજાં ક્રાંતિનાં ગીતો પણ ઠીક ગવાતાં. છેલ્લા ડેક પર 'ક્રૂ' કસરત કરે તે જોતા, અને લોકનૃત્ય પણ થતાં. સાંઝે ને રાત્રે 'ક્રૂ'નું ગ્રામોફોન નીકળે, ડૅન્સિંગ ચાલે અને સ્ટાફનાં માણસો ને પૅસેંજરો સાથે ઘૂમે. એ વચ્ચેનો એખલાસ અપૂર્વ હતો.

અમારી સાથે એક પાંસઠ વરસના બુઢ્ઢા બંગાળી દાક્તર હતા. બીચારા ખોરાક અને લોહીસુધારા ઉપર જ ભાષણો ને વાતો કરતા. એક બીજા હિંદી પ્રોફેસર પંજાબથી આવતા હતા. એક શીખ જમીનદારનો છોકરો 'વેટર્નરી'–શાલોત્રી વિદ્યા–(જાનવરના વૈદા)નો અભ્યાસ કરનારો હતો. એક મારવાડી, એક સંયુક્ત પ્રાન્તી અને અમે, એ અમારૂં હિંદી મંડળ. લેનિનગ્રાડ પાંચમે દિવસે પહોંચ્યા ત્યાં સુધીના દિવસો અમે ખાવામાં, (અમને સૅલેડ, ચીઝ ને બ્રેડ એટલું જ મળી શકતું) મુખ્યત્વે વાતોમાં અને થાકોને ઊંઘવામાં ગાળ્યા. ઊતરવાને આગલે દહાડે સ્ટીમર પરના 'ક્રૂ' (ખલાસીઓ) એ અમારૂં સ્વાગત કર્યું. કોઇએ પિયાનો વગાડ્યો કે બીજાં વાજીંત્રો વગાડ્યાં; 'સ્ટુઅર્ડેસો'એ ગાયું અને નૃત્ય કર્યું. અને એ બધું એ લોકો માટે જહાજમાં એક Red corner (અથવા Lenin's corner) નામે ખાસ 'ક્રૂ'ની કલબ હોય છે તેમાં. પૅસેન્જરોએ પણ બદલામાં ગીતો ગાયાં અને અમે પણ હિંદી રાષ્ટ્રગીત ગાયું. ચીનાઓએ તેમનું ગાયું. પેલા શીખે ગઝલ ગાઇ. ફ્રેંચ, જર્મન, સ્કૅાચ ને સ્પૅનિશ ગીતો પણ ગવાયાં. અને પછી રાતના મોડે સુધી નાચ વગેરે ચાલ્યું. સૌથી સુખદ સાંજ અમે એ ગુજારી.

નૉર્થ અને બૅાલ્ટીક સમુદ્રોને જોડતી સુંદર કીલ કૅનાલ પસાર કરેલી તેમાં પણ એક દિવસ સરસ ગએલો. સુએઝમાં જેવી રણની ખુબસુરતી તેવી અહીં લીલોતરીની છટા. બીજાં પસાર થતાં જહાજોને અમે ખૂબ cheer કરતા. કપ્તંક લોકો તરતા ને નહાતા હતા.

આવા ચાર દિવસો વીત્યા ત્યાં ફિન્લાંડના અખાતમાંથી નીવાના ફાંટામાં અમારી સ્ટીમર દાખલ થઇ અને લેનિનગ્રાડની ઝાંખી થઈ.

§ ૨

લેનિનગ્રાડ પહોંચ્યા તે પહેલાં તો તેના લશ્કરી નૌકા-સ્થાન–ક્રૉન્સ્ટાડ્ટ–ના મીનારાનાં દર્શન દૂરથી થતાં હતાં. લશ્કરી જહાજો અને સબમરીનોનાં પણ દર્શન થતાં અને ત્યાં નીવા પર આવી લાગ્યા. નહેર હોય તેમ તે દરિયામાં સ્થિર પડી રહે છે. બંને બાજુ કિનારા પર ક્રેઇન્સ અને ટ્રેઈન્સ કામ કરે છે. લાલ વાવટા ઉડાડતી નાની નૌકાઓમાં કોઇ સહેલ કરે છે, કોઇક શાંત સ્થળ શોધી તરે છે, અને નવાં થતાં મકાનો, નવા કોઠારો ને કારખાનાંની શરૂઆતો ચોમેર દેખાય છે. રશિયાની મોટી નિકાસ—ઇમારતી લાકડાં—ના વિપુલ ગંજોની હારમાળા દેખાતી આવે છે અને દેશે-દેશનાં વહાણો તે ઉઠાવી જતાં પણ દેખાય છે. આરતે આરતે અમારી સ્ટીમર અટકે છે.

પંદરથી વીસ વરસે પોતાને દેશ પાછાં ફરતાં હોય તેવાં કેટલાંક રશિયન સ્ત્રીપુરુષો અમારી સાથે હતાં;—જેમની પાસેથી ઉત્સાહીઓ રશિયન શીખવા પાંચે દિવસ મથેલા. (અમે પણ થોડા ઉપયોગી શબ્દો શીખી લીધેલા.) તેમને જે થોડાઓ લેવા આવેલા તે કસ્ટમ્સ હાઉસની પેલી પાર હાર કરી ઊભા હતા, અને થોડે થોડે વખતે સહુ જોરથી હાથ હલાવતા હતા.

કશા દેખીતા કારણ વિના, કસ્ટમ્સમાં ગયા પહેલાં અમે સ્ટીમરમાં કલાકેક રોકાઇ રહ્યા, અને પછી અમારો

સામાન તપાસાય તેની રાહ જોઈ બેસી રહ્યા! દર પા પા કલાકે, બાબીમાં સજ્જ થએલ એક માણસ પાસ-પૉર્ટમાં માથું નાખી જે વિવિધ દેશનાં નામો તેની પોતાની ઢબે ઉચ્ચારતો તેમાંથી કોઇ પોતાનું કે ઓળખીતાનું નામ કળી શકે તો જાય અને દ્વાર બંધ થાય, અને વળી બીજું પા કલાક જાય. સાદા અંકગણિતની મદદથી અમે હિસાબ મૂક્યો કે દર પંદર મિનિટે એક માણસની તપાસ થાય તો બસો માણસોની તપાસ થતાં મધરાત વીતી વહાણું વાશે. એટલે નદી કાંઠે, નીવાની બંને બાજુનાં વિશાળ મકાનો નિહાળતા અમે તો ઓવરકોટ પાથરી લંબાયા, અને રશિયામાં તો હવે પોશાક આદિની છૂટમાં છીએ માની મેં તો જોડા સુદ્ધાં કાઢી નાખ્યા! અગાઉ રશિયા આવી જનારે અમને સધ્યારો આપ્યો કે અહીં સમયનો હિસાબ ગણવો નહિ! અમ હિંદીઓને આવું પરિચિત માનસ ઓળખાતાં અપૂર્વ હર્ષ થયો અને અમે નીરાંતે હરીહામ થઇ રહ્યા; પણ ત્યાં તો અમારાં જ નામોચ્ચારણ થયાં! . . . જલદી તપાસ માટે દોડ્યા, પણ હું તો એ ખુશનશીબી વિષે શંકાગ્રસ્ત હોઇ સૂઇ રહ્યો. પછી એણે સામટી બૂમો મારવા માંડી એટલે આસ્તેઆસ્તે હું જોડા પહેરવા લાગ્યો. બીજા રાહ જોનારા પણ વિસ્મયથી મારી ઢંડક સામે નિહાળી રહ્યા. મેં એમને કહ્યું કે હું રશિયન ઢબે કામ કરવા લાગ્યો છું, અને બેત્રણ મિનિટે આસ્તે આસ્તે ચાલી અંદર ગયો!

બીજા દેશની પેઠે તમાકુ, સીગારેટ, દારૂ વગેરેની તપાસ અહીં થતી ન હતી. અમારી સાથે શાં ચોપાનિયાં ને પુસ્તકો છે તે તેઓ જોતા હતા. લેનિન, માર્ક્સ અને રશિયન થિયેટર ઉપરનાં જ પુસ્તકો અમારી પાસે તો હતાં. બીજો પ્રશ્ન અમારી પાસે પૈસા કેટલા છે તે બતાવવાનો હતો; કેમકે બતાવેલા હોય તેથી વધારે પૈસા અહીંથી લઇ જવાતા નથી અને આપણા પૈસાથી રશિયન પૈસા લીધા પછી તે પાછા આપણા દ્રવ્યમાં ફેરવાઇ શકતા નથી. આથી બને તેટલા ઓછા પૈસા વટાવવાની અમને સલાહ આપવામાં આવી હતી.

અમારામાંના બીજા બધાની તપાસ થઇ જાય ત્યાં સુધી અમારે રાહ જોવાની હતી એટલે અમે બહાર લટાર મારવા નીકળ્યા. આગંતુકોને નીરખવા એક નાનું ટોળું ઊભું જ હતું. તેમાં કેટલાક અંગ્રેજી બોલનાર હતા, તેની સાથે વાતો ચલાવી. અમારામાંના એકને ભાંગ્યું-તૂટ્યું (ને છેક જ ફૂટેલું) રશિયન આવડતું હતું તે પણ બોલવા લાગ્યો; પણ પાછળથી તેણે કબૂલ કર્યું કે પોતે શું બોલતો હતો તેની તો તેને ખબર હતી, પણ પેલા લોકો શું કહેતા હતા તે પોતે સમજી શકતો નહોતો.

સંધ્યાનો પ્રકાશ છેક રાતના દસ સુધી હતો. ટ્રામથી તેમાં થોડી ધૂળ ઊડી રહેતી અને તેમાં વાતો કરવાને જેવા ઉત્સાહી અમે, તેટલા જ ઉત્સાહી તેઓનું આ ટોળું એ રશિયાનું પહેલું દર્શન. પાછળથી આવાં અનેક ટોળાંઓનો અનુભવ અમને થએલો. ખાસ કરીને . . . . બહેનની સાડી એ મૂળ આકર્ષણ હતું. અમારી સામે ટીકી રહે, એક-બીજાનું ધ્યાન ખેંચી જોઇ રહે, પાછાં ફરી ફરી જુએ, દુકાનોમાંથી ને ઘરમાંથી બહાર આવી જુએ, એવાં ગનુભ્યોનો અનુભવ ઉત્તરોત્તર વધતો જ ગયો, તે એટલે સુધી કે રશિયા કે નૉર્વેના અમુક ભાગમાં ઊભા રહેવું એટલે લોકોના ઘેરા વચ્ચે ઊભા રહેવું એવું થઇ પડ્યું; અને તેમાં પે કોઇને મળવાનું નક્કી

કર્યું હોય તો એ માનવભેદની વેધનાર જ સફળ થઇ શકે. પણ એ કુતૂહલદર્શનથી અમે ગભરાતાં નહિ. માત્ર યુરોપીય છોકરીઓ એ સાડીની અદેખાઇ કરતી.

લેનીનગ્રાડનું મૂળ નામ સેંટ પીટર્સ બર્ગ. પીટર ધ ગ્રેઇટે ખાસ યોજના પ્રમાણે બંધાવેલું હોઈ આ શહેર ખૂબ જ ભભકાદાર છે. તેનાં વિશાળ મહાલયો અને વિશાળ રસ્તાથી તે અપૂર્વ બનેલું છે. માત્ર હાલ તે ભભકો અમુક અધિકારી વર્ગના ઉપભોગ માટે નહિ, પણ સમસ્ત સમાજ માટે છે એટલો ફેર. ત્યાંના સૌથી વિશાળ અને ખૂબ જ લોકપ્રિય રસ્તા–નેવ્સ્કી પ્રોસ્પેક્ટ (જે હાલ, રશિયન ક્રાંતિ દિનની યાદમાં ૨૫મી ઑક્ટોબર નામે ઓળખાય છે તે)ને છેડે એક જંગી ચોગાનમાં, ઑક્ટોબર સ્ટેશન (જ્યાંથી મૉસ્કો જવાય છે) પાસેના વિશાળ ઑક્ટોબર હૉટેલમાં અમને વાસ આપવામાં આવ્યો હતો.

અત્યંત વિવેકી, ખોટી નમ્રતા બનાવતા અને તુચ્છ લાગતા વેઇટરો રૂપ માનવજતુઓથી છટકી અહીં 'તવારિશ' બનેલા ભાણું લાવનારાઓ વચ્ચે, કશા દંભ કે બાહ્યાચાર વિના, જમવાના નિયત સમય વિના, રાતના બાર વાગ્યાનું અમારું પ્રથમ રશિયન ભોજન એ રશિયાનું બીજું ચિરસ્મરણ. અમને બાથવાળો એક ખંડ આપવામાં આવ્યો હતો અને તેની જંગી બારીમાંથી હજુ સુધી બહાર ફરતો માનવ સમુદાય જોઇ શકાય તેવું હતું. બીજે દિવસે શું જોવું તે 'ગાઇડ—ઇન્ટરપ્રેટર' (દુભાષિયા ભોમિયા) સાથે નક્કી કરવાનું નેતાઓ ઉપર છોડી અમે તો પ્રભાતની રાહ જોવા ગયા.

ટ્રામના વહેલા અવરજવરથી અમે વહેલાં જાગી ગયાં. બ્રેકફાસ્ટ પહેલા એકાદ કલાક હતો તેનો ઉપયોગ કરવાના ઇરાદાથી અમે નેવ્સ્કી પ્રોસ્પેક્ટ પર ફરવા લાગ્યાં. માણસોથી ભરચક ટ્રામો દોડાદોડ કરતી હતી. ક્યાંક સ્ત્રીઓ પણ હાંકતી હતી. કંડક્ટરો તો બધી સ્ત્રીઓ જ. પાટા ફેરવવામાં પણ સ્ત્રીઓ. (અને ટ્રેઇન પર પણ સ્ત્રીઓ કામ કરે છે.) અવરજવરનું મુખ્ય સાધન તો ટ્રામ જ છે. બસો તો થોડી જ છે અને ઘણીખરી અમારા જેવા 'ટૂરિસ્ટ' માટે વપરાય છે. પ્રાઇવેટ મોટરકારો કે ટૅક્સીઓ જોઇ નહિ. મોટરકારો પ્રથમ વર્ગના 'ટૂરિસ્ટો'ને મળે છે. દુકાનો તો દસેક વાગ્યે ઊઘડે, પણ ખરીદ કરનારાંઓની 'ક્યૂ' શરૂ થતી અમે સવારના આઠ વાગ્યાથી જોઈ; કેમકે રશિયામાં ખોરાક-તંગી હજુ છે અને દરેક કુટુંબને અમુક પ્રમાણમાં જ વસ્તુઓ મળી શકે છે.

પ્રથમ તો અમે 'ઝાર્સ વિલેજ' જોવા જવાના હતા અને તે માટે ટ્રેઇન પર ગયા, પણ ભોમિયાના અજ્ઞાનથી ત્યાં અર્ધો પોણો કલાક રાહ જોવી પડી. લેનિનગ્રાડથી થોડા માઇલ દૂર જરા ઊંચાણ પર એ ગામ આવેલું છે અને હાલ 'ચિલ્ડ્રન્સ વિલેજ' કહેવાય છે. ઝારના ગ્રીષ્મ–નિવાસ તરીકે ત્યાં કૅથેરિને બંધાવેલો સુંદર મહેલ છે. ક્રાન્તિ થયા છતાં હજી જેવો ને તેવો રહ્યો છે અને ઇતિહાસના પાઠ તરીકે વપરાય છે. અમે ફરતા હતા ત્યારે પણ નાનીનાની ટુકડીઓ સમક્ષ વર્ગ-યુદ્ધના માર્ક્સીઝમના પાઠો રશિયનમાં અપાતા લાગ્યા.

પરદેશી પ્રતિનિધિઓને મળવાના, જમવાના, મિજબાનીઓના, ગીત અને નૃત્યના વગેરે ખૂબ ભભકાદાર, મોંઘી દીવાલો, છતો ને ભોંયવાળાં ગૃહો જોયાં અને છેલ્લા ઝારના સમયમાં કલાની અધોગતિ સાથે જે વ્યાપારી ગંધ હતી તે બીજા બંગલામાં જોયું. રૅસ્પુટિનની શી અસર હતી, ઝારીના ને ઝાર કેટલા ભયમાં રહેતાં અને નાસી ગયાં ત્યારે શી સ્થિતિ હતી તે જોયું.

ઝારના શિયાળાના ઉપયોગ માટે બીજા મહેલો છે જેમાં હાલ કલાનું સંગ્રહસ્થાન છે; અને વિરોધ તરીકે, લેનિને હાથમાં સત્તા લીધી ત્યારે એક ખંડમાં તે શી સાદાઇથી રહેતો તેનું ભાન કરાવવામાં આવ્યું છે.

હૉટેલમાં પાછા ફરી સાંજે છ વાગ્યે જમ્યા ને પાછા ફરવા ગયા. રસ્તામાં એક સ્થળે ઊભા રહ્યા ત્યાં ટોળું જમા થયું. એકબે છોકરીઓ થોડું અંગ્રેજી બોલતી હતી તેની સાથે વાતો ચલાવી. 'ત્યાં શી મુશ્કેલી છે' કરી બીજા એક રશિયન તરુણે પૂછ્યું. તેનું નામ બૉરિસ હતું અને તે સારું અંગ્રેજી બોલતો. અમે તો 'રશિયન સમજતા નથી ને બોલતા નથી' એ મતલબનાં રશિયન વાક્યો ઉચ્ચારતા હતા. એ તરુણ સાથે અમે પાછા હૉટેલમાં ફર્યા ને મોડે સુધી તેની સાથે ગપ્પાં માર્યાં.

અહીં તો રાતના એકબે વાગ્યા સુધી લોકો નૅવ્સ્કી પ્રોસ્પેક્ટ ને બીજે સ્થળે ફરતાં દેખાય. પોશાકમાં સુતરાઉ પાટલૂન, ઉપર સ્પૉર્ટ શર્ટ અથવા આપણા ઝભ્ભાને મળતું રશિયન શર્ટ જે બહુ સરસ લાગે છે તે.

બીજે દિવસે કામગારોનાં આરામગૃહો જોવા ગયા. ઉમરાવોના આનંદવિહારોને હવે એ ઉપયોગ માટે લીધા છે. વરસમાં એક માસ દરેક કામગારને આમ રજા આપવામાં આવે છે, જ્યાં તેને ખાવાપીવા ને રહેવાનું મફત મળે છે. મકાનના કદ પ્રમાણે માણસોની સગવડ થાય છે. તેમાં સ્ત્રીઓ માટે પણ વિભાગ હોય છે.

ઝારના વખતની ખાસ અમલદારો માટેની એક મોટી હૉસ્પિટલને હાલ સહુના ઉપયોગ માટે કેવી આબાદ કરવામાં આવી છે અને કેટલા માણસો તેનો લાભ લે છે તે જોયું. એ લોકો માટે ખાસ જુદો બાગ, ખેતર, ગાયો વગેરે હોય છે જ્યાં 'નર્વસ' (મજ્જાતંતુ વગેરેના)ને એવા રોગવાળા લોકો પોતે જ કામ કરે છે. સાથે નર્સ તથા ડૉક્ટરના શિક્ષણની એક શાળા પણ છે.

ક્રાંતિ વખતનાં કાપાકાપીનાં સ્થળો, સ્મારકો વગેરે અમે બસમાં ફરીને જોયાં. કામગારો માટે કલબનાં મકાનો, પાચનગૃહો (જેમાં રોજનાં પાંત્રીસ હજાર ભાણાં પીરસાયછે)તથા તેમનાં રહેવાનાં નવાં મકાનો પણ જોયાં.


રસ્તાઓમાં ઠેરઠેર નવાં મકાનો બંધાતાં, અને જૂનાં મરામત થતાં દેખાતાં હતાં. નવા રસ્તાઓ પણ થતા હતા અને તેને સબબે પથ્થર, ઇંટ અને લાકડાંના જથ્થા એને માટે જ્યાંત્યાં પડેલા હતા એ એક લાક્ષણિક દશ્ય હતું. એને લીધે શહેરમાં ધૂળ જરા વિશેષ દેખાતી હતી અને તાપ પણ ઉનાળો હોવાથી સારો પડતો હતો એટલે આપણા દેશ જેવું જ લાગતું હતું.

લેનિનગ્રાડની આસપાસ વીજળીના સામાનનાં, ધાતુઓનાં,એરોપ્લેનનાં વગેરેનાં કારખાનાં જોવાનાંહતાં, પણ એ જ રાતના અમે મૉસ્કો જનાર હોવાથી એમાંનું કંઇ જોવા વખત મળ્યો નહિ.

રાતના અગિયાર વાગ્યે અમે સ્ટેશન પર પહોંચ્યા. અમે 'હાર્ડ-કલાસ'માં જવાનાં હતાં. અમારે માટે એક આખો ડબો હતો;—લગભગ આપણા થર્ડ કલાસ જેવો, જેમાં રાત્રે સૂવાને ગાદી, ઓઢવાનું અને સ્વચ્છ ચાદર મળે. એક ખાનામાં આવી છ પથારીઓ થાય અને સામાન માટે વળી ઉપર એકેક ખાનું જુદું રહે.

રાતના બાર વાગ્યે લેનિનગ્રાડના સહેજ ઝાંખા રસ્તા ને મકાનો, અને માયાળુ લોકોની અમે વિદાય લીધી.

[સોવીએટ અંગના હૃદય સમું મૉસ્કો—જ્યાંથી સોવીએટ તંત્રની બધી નસોમાં લોહી ને પ્રાણનો પસાર થાય છે તેને વિષે ૧૧ પત્રો આવતા અંકમાં.]



સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય

પ્રથમ દૃષ્ટિએ વિકૃત જણાતા આ યુવાન (ચીખલીના ભાઇ મધુસુદન ડાંગે)નો શરીરવિકાસ આશ્ચર્યજનક છે: ખાસ કરીને સાથળો. સત્તર વર્ષની ઉંમરે આટલી ભરાવદાર (૧૯$\frac{3}{4}$ઇંચની) જાંઘ ભાગ્યે જ જોવામાં આવે છે, અને તે પણ ૫' ૨" ની ઊંચાઇના ૯૯$\frac{1}{2}$ રતલ વજનવાળા શરીરમાં. જોકે સુસંહત શરીરની દૃષ્ટિએ તો આ ચોક્ખી વિકૃતિ છે. છતાં એ વિકાસ સાધવા કરવા પડેલા તપની કિંમત ઓછી આંકી શકાય નહિ.. છાતીના સ્નાયુ નમાલા દેખાય છે તે આ ચિત્રમાંની વિશિષ્ટ સ્થિતિ-pose-ના લીધે જ કેડ પાછળ હાથ લઇ જઇ, ખભા ને ગરદન વચ્ચેના સ્નાયુઓ-trapezius-નો વિકાસ દેખાડવા સારૂ હાથને ખૂબ નીચા ખેંચવા પડે છે, તે સ્થિતિનું આ ચિત્ર છે; જેને લીધે ખભા, દંડ, પ્રકોષ્ઠ, છાતી, પેટ, વગેરેના સ્નાયુઓ કુરૂપ દેખાય છે; માત્ર ગરદનનો ભરાવ તરી આવે છે.

આટલા વિશાળ સાથળો નીચે પીંડી કેટલી દેખાવડી છે તે તો આખું ચિત્ર હોય તો જ સમજાય. પરંતુ કસરત કરનારે શરીરના અમુક સ્નાયુઓના વિકાસમાં બાકીનાં અંગોની બાદબાકી ન કરવી જોઇએ કે જેને લઇને આખું શરીર વિકૃત બની જાય—એ નિયમ આ ચિત્રમાં સચવાયો લાગતો નથી.

વ્યાયામથી ઘનીભૂત જાંઘોનો ઘેરાવો વધુમાં વધુ ૩૪$\frac{3}{4}$ ઇંચ (અમેરિકામાં) નોંધાયો છે. **હરિનારાયણ આચાર્ય**

તમારી તંદુરસ્તી



તમારાં પહેરણ કે કોટ હમણાં શીવડાવશો નહિ. કેમકે એક જ મહિના પછી તે તમને ટૂંકાં પડવાનાં છે!

શરીર અને મનનું આરોગ્ય જાળવવા માટેના પ્રશ્નોનો અનેક દૃષ્ટિબિંદુઓથી અભ્યાસ કરવા માટે હાલના યુવાનો જુદાંજુદાં પુસ્તકો વાંચે છે. અને આવાં પુસ્તકો પણ અત્યારે વિપુલ પ્રમાણમાં મળે છે. ઘણા ય એવા બુકસેલરો છે કે જેમનાં સૂચિપત્રોમાં આ વિષયને લગતાં જ પુસ્તકો હોય છે અને તેના પર જ તેમનો નિર્વાહ હોય છે. હિંદમાંથી દર વરસે સવા કરોડ ઉપરાંત રૂપિયા ફક્ત પુસ્તકો પાછળ જ પરદેશ જાય છે; તેમાં આવાં પુસ્તકોનો એક જ ટકો ગણીએ તો પણ સવાલાખનાં એ પુસ્તકો થયાં. અને છતાં હિંદની સામાન્ય તંદુરસ્તી વધી?

અહીં પ્રશ્ન એ થાય છે કે આવાં પુસ્તકો પાછળ હિંદમાંથી જે લાખો રૂપિયા બહાર જાય છે એ સત્ય પાછળ કઇ શક્તિ કામ કરી રહી છે? ઉત્તર સાદો અને ટૂંકો છે: 'મનુષ્ય દેવાળીઓ છે અને થોડી મહેનતે ઘણો નફો મેળવવા માગે છે.' બીજી રીતે કહીએ તો, આ કે પેલા પુસ્તકમાંથી તંદુરસ્તીનો રાજમાર્ગ મળી જશે અને આપણે સૅન્ડો કે મેક્ફેડન જેવા થઈ જઇશું, એ આશાએ આજનો યુવાન એક પછી એક પુસ્તકનાં પાનાં ફેરવે છે. દરેક પુસ્તક કોઇ એક જ દૃષ્ટિએ લખાયું હોય છે અને તેની પાછળ થોડા વખતને માટે તે ગાંડો બને છે, અને વળી થોડા દિવસના અખતરા પછી વધારે લાલચ આપતા બીજા કોઈનું શરણ લે છે. મેં એવા ઘણા યે યુવાનો જોયા છે જે એક વખત ડૉક્ટર કેલૉગ પર આફ્રીન થઇ ખોરાકને ચાવી ચાવીને પાણી કરીને પી જાય; અને બીજે જ મહિને બેડસ્ટ્રેડ પાછળ ગાંડા થઇ કરોડના મણકે મણકાને મરડી છૂટા પાડી નાખે; તો વળી ત્રીજે જ મહિને એલીઝાબેથ ટાઉનના આશાવાદમાં ડૂબી પૃથ્વી પર સ્વર્ગ જોવા માંડે. પણ આટલું કર્યા પછી બેસી ગએલા ગાલના ખાડા ઉપસે નહિ ત્યારે મોં. કૂઇનો આશ્રય લઇ 'હું દર પળે પ્રગતિમાન છું' એ મંત્રનું આઠ પહોર રટણ કરે; અને એના પર કંટાળો આવતાં લીડરમૅનની સ્પ્રિંગો ખેંચે અને ચામડાં ચાવે.

આ દૃશ્ય આશાભર્યું છે તેવું જ દયાજનક છે. દરેક લેખક પોતાના સિદ્ધાંતના પ્રતિપાદન માટે એવું વાતાવરણ જમાવી મૂકે છે કે શ્રદ્ધાળુ યુવાનને એમ જ થાય કે આટલું જ કરવાથી તંદુરસ્તી મળી જશે. દાખલા તરીકે એક અમેરિકન લેખક પોતાના 'કોર્સ'ની શરૂઆતમાં પોતાના વિદ્યાર્થીને સલાહ આપે છે કે 'જો તમારે ખમીસ કે કોટ શીવડાવવાં હોય તો હાલ ન શીવડાવતા, કારણકે એકાદ જ માસ પછી તમારા શરીરમાં એવું પરિવર્તન થએલું હશે કે તમને તે ટૂંકાં પડશે!' આ આશાવાદની પરિસીમા સૂચવે છે. પણ જ્યારે તેમાં વચન આપ્યા પ્રમાણે ન બને ત્યારે શ્રદ્ધાના ટૂકડેટૂકડા થઈ જાય છે અને બીચારો યુવક પાછો ભટક્યાં જ કરે છે.

હવે આ પ્રશ્નને વિવિધ દૃષ્ટિથી તપાસવા એક જાણીતા લેખકનું ઉદાહરણ લઇએ. તેણે એટલાં બધાં પુસ્તકો લખ્યાં છે કે જો તે બધાંની એકેક નકલ લઇએ તો પણ સો દોઢસો રૂપીઆ થાય; અને છતાં જાણે લખી-લખીને થાક્યા પછી તે લેખક પોતાના એક સર્વોત્તમ પુસ્તક ('Self-Health As a Habit' by Eustace Miles)માં તે બધાંનો સરવાળો કરતો હોય એમ લાગે છે. એમાં તે સ્પષ્ટ જણાવે છે કે તંદુરસ્તી જેવી બક્ષિશને સુલભ માનવાની કોઇ ભૂલ ન કરી બેસે. વળી તે એમ પણ જણાવે છે કે મનુષ્યનું જીવન એવું ગુંચવાડાભર્યું છે કે અમુક એક જ નિયમ પાળવાથી તંદુરસ્ત થવાની માણસ આશા રાખે તો તે અયુક્ત છે, કેમકે એક નિયમ મનુષ્યની કોઇ એક બાજુનો જ વિકાસ કરી શકે છે. અને આ બધી બાબતો ખ્યાલમાં લઇને તે એક નોંધમાં મનુષ્યને પાળવાના નિયમો આપે છે. એ બધાનો સાર આ નીચે આપ્યો છે.

નીચે જણાવેલી પાંચ બાબતો તમારા જીવનમાં એવી ઊંડી ઊતરી જવી જોઇએ કે તે કરો છો એનો સ્પષ્ટ ખ્યાલ સુદ્ધાં તમને ન રહે. ટૂંકમાં બીજી સા-

માન્ય વ્યવહારની ટેવો જેટલાં જ ઊંડાં મૂળવાળી ટેવો તે થઇ જવી જોઇએ:

(૧) ખોરાકમાં ઊંડી સંતાએલી મજા શોધી કાઢો; અને ખૂબ ચાવી એકરસ કરી તમને જાણ પણ ન થાય ને તે ગળે ઊતરી જાય એવો સૂક્ષ્મ બનાવી દો.

(૨) ફેફસાંને ખૂણેખૂણેથી અસ્વચ્છ હવા બહાર ચાલી જાય તે માટે નિયમ તરીકે ઊંડા શ્વાસ લેતા રહો. (વીસ, પચીસ કે પચાસ નહિ પણ નિયમ તરીકે.)

(૩) બેસતાં, ઊઠતાં શરીર જાણે આશાવાદનું પ્રતીક હોય તેમ તેને ટટ્ટાર રાખો, કારણ તેથી કરોડરજ્જુને રાહત મળે છે, એટલું જ નહિ પણ તેની માનસિક અસર એથી યે અનેકગણી વધારે મજબુત છે.

(૪) જીવને એક જાતની રમત માનો અને રમતા હો એવાજ ઉલ્લાસથી જીવનમાં બનતા બનાવો નિહાળો.

(૫) સૂતાં પહેલાં અને સૂઇને ઊઠયા પછી ઠંડું પાણી ધીમેધીમે પીઓ.

આ ઉપરાંત નીચે જણાવેલી બાબતો તમારા જીવનમાં કલાપૂર્ણરીતે વણાઈ રહે એવી યોજના ઘડી કાઢો.

(૧) તંદુરસ્તીના જ ભાવ ભાવવા. (એને સંધ્યા, પૂજા, સમાયક, બંદગી કે પ્રાર્થના જે કહો તે બનાવી મૂકો.)

(૨) નવરાશની વેળાએ વધુ ઊંડા શ્વાસ લેવા.

(૩) જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતો નક્કી કરી લેવી. આથી મનને ઘણી રાહત મળશે.

(૪) તમારા શરીરના બંધારણ અનુસાર ન માફક આવે તેવી વસ્તુઓનો સદંતર ત્યાગ કરો, અને બીજી માફકસર લો.(આહાર, વિહાર દરેક માટે આ નિયમ છે.)

(૫) વખત અને શક્તિ નકામાં ન જવા દો. ઊંડા ઊતરી તપાસ કરશો તો જણાશે કે અનેક રીતે આપણાં સમય અને શક્તિ નકામાં જતાં હોય છે.

(૬) સુવિચારની ટેવ કેળવો. (નીતિને ખાતર નહિ પણ તમારા જ મનની શાંતિને ખાતર.)

(૭) જે કાંઇ કામ કરવાનું આવે તે તદ્દન શાંતિ અને આરામથી કરો.

(૮) ચિત્ત હમેશાં સ્વસ્થ રાખો.

(૯) પ્રત્યેક કામની પૂર્વ તૈયારી કરો જેથી કામ સરળપણે, શક્તિના દુર્વ્યય વિના ને વ્યવસ્થિતરીતે થઇ શકે.

(૧૦) શરીર અને મનને વખતોવખત સંપૂર્ણ આરામ આપો, અને તેમ કરવા માટે બંને શિથિલ (relax) કરો.

(૧૧) થાકની સામે થઇ શારીરિક કે માનસિક કામ હરગીઝ ન કરો.

(૧૨) ઊંઘ માટે ખાસ કાળજી રાખો. થોડી ઊંઘથી ચલાવી શકાય તો સારૂં; પણ જરૂર પૂરતી ને ઘસઘસાટ ઊંઘ તો અવશ્ય લેવાવી જ જોઇએ.

(૧૩) સામાન્ય કસરત કરો. (અત્યારે કસરતના એટલા બધા 'કોર્સ' નીકળ્યા છે કે આ કરવી કે પેલી, એ એક પ્રશ્ન થઇ પડે છે. પણ શરીરની સામાન્ય તંદુરસ્તીનો જ જ્યાં પ્રશ્ન હોય ત્યાં ધીમો શ્રમ (endurance), તથા શરીર વાળવા, મરડવા લંબાવવા ને શિથિલ કરવાનાં તત્ત્વો, એટલું બસ થઇ પડે છે. અને તે માટે તો પ્રો. રામમૂર્તિનો જ અભિપ્રાય છે કે પાશ્ચાત્ય કોઇ પણ કસરતો કરતાં દંડ અને બેઠક ચડે છે.)

(૧૪) વખતે વખતે શરીરને માલિશ કરો, અને તેને બને તેટલું લંબાવતા રહો.

(૧૫) મન અને શરીરને તાજાં કરી શકે એવા

પાનખર

"બાર બાર મહિના ઊડી ઊડીને,
આજે સમિરરાજ ભૂખ્યા થયા;
દખિણના દરિયાની વેદન-સિતારે,
ખાલી ખપ્પર લઈ નાચી રહ્યા.

"તાલ પૂર્યો નિત નૃત્યમાં,
જેણે બારે માસ—"
પાનખરે જઇને પૂછયું,
"એના પૂરશો ન હૈયાહુતાશ?"

ડાળ ડાળ પાંદડાં છૂટી છૂટીને,
ધરણીની શુષ્કતા ઢાંકી રહ્યાં;
વાયુવંટોળના વર્તુલ માઝારે,
ઊડી કંકાળ નાચ નાચી ગયાં.

કૃષ્ણલાલ શ્રીધરાણી

વિષયનો શોખ (Hobby) કેળવો.

(૧૬) તમારૂં કામ કલાપૂર્ણરીતે જ કરો; તમારા કરાએલા દરેક કામ પર તમારા વ્યક્તિત્વની છાપ હોય જ.

(૧૭) આસપાસના રંગ અને અવાજ તંદુરસ્તી પર ઘણી અસર કરે છે. તેમાંનાં જે તત્ત્વો તમારા કાબુમાં હોય તેને યોગ્ય રીતે નિયમમાં રાખો.

(૧૮) કોઇ કોઇ વખતે વરાળસ્નાન કરતા રહો.

(૧૯) ખાવાપીવામાં દરેક કોળીએ અથવા કોગળે તમારામાં જીવનશક્તિ પ્રવેશે છે એવી કલ્પના કરો.

(૨૦) બીજાઓને મદદરૂપ થવા તત્પર રહો.

ઉપર જણાવેલી પ્રત્યેક બાબતને લંબાણથી સમજાવવા માટે અનેક પુસ્તકો લખાય છે, અને તેના વાચન પછી વાંચનારને એમ જ થાય છે કે તેમાં લખ્યું છે તેમાંનો ઘણોખરો ભાગ તો પોતે જાણુતો જ હતો; ને વસ્તુતઃ અત્યારની માનવજાતિની પ્રગતિ જોતાં, આ દરેક બાબતના નિયમોથી શાળામાં ભણુતા વિદ્યાર્થીઓ અજ્ઞાત પણ નથી હોતા. મોટાં પુસ્તકો લખનારાઓ માત્ર એટલું કરવા માગે છે કે પુનરાવર્તનને બળે વાંચનારની એમ વર્તવાની ઇચ્છાશક્તિ કેળવાય. અને જે પુસ્તક પરથી આ લેખ સૂચવાએલો છે તેનો લખનાર પણ તે પુસ્તકનાં ચારસો પાનાંમાં દર વખતે એ એક જ સત્ય પર ભાર દે છે કે 'આજના યુવાનમાં જ્ઞાનનો નહિ પણ ઇચ્છાશક્તિનો અભાવ છે.' આ બાબતની ખાત્રી કરી જોવી હોય તો, હાઈસ્કુલનો કોઈપણ વિદ્યાર્થી આ મુદ્દામાંથી એકાદ પર પોતાને નિબંધ લખવાનો છે એમ ધારીને પોતાની સમગ્ર શક્તિ વાપરી તે પર નિબંધ લખી જુએ; અને પછી તે મુદ્દો વિસ્તારથી ચર્ચ્યો હોય એવું કોઈ સારૂં પુસ્તક ખોલી પોતાના લખાણને તેની સાથે સરખાવી જુએ. સેંકડે નેવું ટકા તો એવું બનશે કે ભાષાની ખુબી, અનુભવથી મળેલી વિશાળ દૃષ્ટિ અને થોડાક ગપાટા બાદ કરતાં તે વધારે વસ્તુ નહિ મેળવી શકે.

એટલે તંદુરસ્તી માટેનાં પુસ્તકો વાંચી આંખોની શક્તિ વેડફી નાખતા યુવાનને એટલું જ કહેવાનું મન થઇ જાય છે કે (ક) આ મુદ્દાઓમાં એવો એક પણ નથી કે જેના ગુણદોષ તમે વિસ્તૃતરીતે જાણતા ન હો, (ખ) પુસ્તકો તમે જાણતા હશો તેથી વિશેષ તમને શીખવશે નહિ ને કદાચ શીખવશે તો તે ખાસ જરૂરી નહિ હોય. (ગ) તંદુરસ્તી એવી સોંઘી વસ્તુ નથી કે પુસ્તકો તમને તેનો રાજમાર્ગ બતાવી દે. (ઘ) લાખો પુસ્તકો વાંચીને તે વર્તનમાં ન મૂકવાથી મેળવેલા જ્ઞાનનો કશો અર્થ નથી. (ઙ) વધુ જ્ઞાન કરતાં થોડું વર્તન અનેકગણું પ્રશંસનીય છે એ આશયનાં તો તમે પોતે જ ડિબેટીંગ સોસાએટીમાં ભાષણો આપો છો. (ચ) ઉપર ચર્ચેલા મુદ્દાઓમાંના એકનો પણ અનાદર કરવાથી તમે કાં તો બીજા પાળી નહિ શકો, અથવા પાળશો તો હૃદયપૂર્વક નહિ હોય. કારણ એ બધાના મધ્યબિંદુમાં ઇચ્છાશક્તિ છે અને તે કેળવાયા પછી આવા કરોડો નિયમો પાળવા સહેલા પડે છે.

છેવટે કહેવાનું કે ઉપર જણાવેલા મુદ્દાઓ કોઇ એક જ લેખકના નહિ પણ માણસજાતની સામાન્ય માલિકીના છે. માત્ર એક માણસે વીણીવીણીને તે એકત્રિત કર્યા છે. જો કોઇ જુદાં જુદાં પુસ્તકો વાંચવાને બદલે એટલો સમય આ મુદ્દાઓ વિચાર ચલાવવામાં ગળાશે તો સમયનો સદુપયોગ થશે. અને બુદ્ધિની કસોટીમાંથી પસાર થયા પછી તે અમલમાં મૂકાશે તો તો ઘણી તકલિફ બચી જવાની.

ટૂંકમાં ઇચ્છાશક્તિ કેળવવી એ એકજ તંદુરસ્તીનો રાજમાર્ગ છે.

હરિકૃષ્ણ વ્યાસ

જઠરાગ્નિ

• ઉપજાતિ •

રચો રચો અંબરચુંબી મંદિરો,
ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા;
મઢો સ્ફટિકે, લટકાઓ ઝુમ્મરો,
રંગે ઉડાવો જળના ફુવારા!

રચો રચો ચંદનવાટિકાઓ,
રાચો રચી કંચનસ્થંભમાલા;
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો,
ને કૈંક ક્રીડાંગણ ચંદ્રશાલા.

રચો ભલે!
અંતરભાર શિલા.
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે?
દરિદ્રનો એ ઉપહાસલીલા
સંકેલવા કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે!
ખંડેરની ભસ્મકણી ન લાધશે!

ઉમાશંકર જોષી



ઇંગ્લંડનું નામ સાંભળી મારા શરીરમાં જાણે વીજળી પ્રસરી. ઇંગ્લંડ વિષે તો કેટલું બધું સાંભળેલું! મારા બાપા ઇંગ્લંડ—વિલાયત—જઇ આવેલા, અને મારા કાકા પણ જઇ આવ્યા હતા. મારાં દાદી મને હમેશાં કહેતાં: 'અરુણ! તું મોટો થઇશ ત્યારે વિલાયત જઇશ ને?' અને હું ખૂબ છાતી ફુલાવી કહેતો કે 'જરૂર.' જાણે વિલાયત જવામાં શો વાઘ મારી નાખ્યો હોય! તે જ આ વિલાયત? અમે ઊતર્યાં ત્યારે તો એ દિવ્ય દેશને ધુમસે ઢાંકી દીધો હતો, એટલે ચાર ડગલાં આગળનું પણ અમારાથી જોઇ શકાતું નહોતું. ગરુડરાજે મને સમજાવ્યું કે અમે ઇંગ્લંડના પ્રખ્યાત વિમાનના સ્ટેશન ક્રૉઇડનના મેદાન પર ઊતર્યાં હતા. આ સ્ટેશનેથી વિમાન દૂરદૂર દેશાવર ઊડે છે. અહીંથી વિમાનમાં છેક હિંદુસ્તાન પણ જવાય. ત્યાં કરાંચીમાં વિમાનનું મોટું સ્ટેશન છે. મને વિમાનો જોવાની હોંસ હતી, પણ ધુમસને લીધે કશું જ દેખાતું નહોતું. મેં આકર્ષાઇને ગરુડરાજને કહ્યું કે 'આમ ધુમસ ક્યાં લગી રહેશે?' ગરુડરાજ હસ્યા અને કહે કે 'દુનિયામાં જો કોઈ અસ્થિરમાં અસ્થિર વસ્તુ હોય તો તે ઇંગ્લંડની હવા. વિલાયતમાં અત્યારે ઉનાળાની મોસમ છે અને અહીંનો ઉનાળો તો બહુ જ આનંદદાયક હોય છે; ને છતાં આજે વરસાદ આવ્યો એટલે બધું અંધારું! વરસાદ બંધ રહેશે એટલે કદાચ એક કલાકની અંદર સૂર્યનારાયણ દર્શન આપશે અને આવો અંધારિયો દિવસ ઊગ્યો હતો એમ બધા ભૂલી પણ જશે.'

'આપણા દેશમાં જેમ ઋતુએ ઋતુએ હવા બદલાય તેવું અહીં નથી?' 'ના રે.' ગરુડરાજ બોલ્યા: 'વરસાદ તો આ દેશમાં ગમે ત્યારે આવે. છત્રી વિના તો

પ્રકરણ ચોથું
ઇંગ્લંડ

અહીં કદી બહાર નીકળાય જ નહિ. અહીંનો શિયાળો ખૂબ કડક, વસંત ઋતુ બહુ જ મોહક ને ઉનાળો પણ ઘણો સારો. પણ જો વરસાદ આવવા પર ચઢે તો વસંત ને ગ્રીષ્મ બંનેને બગાડે. દેશની હવા ત્યાંનાં મનુષ્યો પર કેવી અસર કરે છે તે તેં જાપાનમાં જોયું હશે. જાપાનમાં વારંવાર થતા ધરતીકંપને લીધે ત્યાંની પ્રજા બેધડક ને બહાદુર બની છે. ઇંગ્લંડમાં હવાની અસ્થિરતાને લીધે લોકોને સારો દિવસ હોય તો તેનો પૂરો લાભ લઈ લેવાની ટેવ પડી ગઇ છે ને તેને લીધે અહીંની પ્રજા બહુ જ સાવધાન, હોશિયાર ને તક ચૂકે નહિ એવી બની છે. આ ગુણો એમને વ્યાપારમાં બહુ જ ઉપયોગી થઇ પડ્યા છે, અને તેથી દુનિયામાં સર્વશ્રેષ્ઠ વેપારી પ્રજા આ દેશની છે.' 'ત્યારે તો હિંદુસ્તાનમાં હવાની સ્થિરતાનું પરિણામ સારું જ હશે.' મેં મગરૂરીથી કહ્યું. 'તમારે ત્યાં તો ઋતુચક્ર નિયમિત રીતે ફર્યાં કરે છે. મહા મહીનાનું માવઠું એ તો અપ્રાસંગિક બનાવ ગણાય. આ કારણથી તમે માની બેઠા છો કે દુનિયામાં બધું નિર્માણ છે અને તે નિયમિત રીતે થયાં જ કરે છે. આ તમારી ભાવનાને લીધે તમે એવા બેદરકાર બન્યા છો કે ન પૂછો વાત. તમારો દેશ પણ તમે એ જ બેદરકારીને લીધે ગુમાવ્યો એમ કહું તો ખોટું નહિ. તમને વખતની જરાએ પરવા કે કીમત નથી, અને ખરા પ્રસંગો ચૂકી જવામાં તમે એક્કા બની ગયા છો!'

ગરુડરાજ કોણ જાણે બહુ જ તિરસ્કારથી બોલતા હતા. એમના શબ્દો મને તો બાણની માફક વીંધતા

હતા, આમ વાતો કરતાં અમે ટૅક્સી—ભાડાની મોટર—માં બેઠા અને લંડન તરફ વળ્યા.

લંડન વિલાયતનું તો શું પણ આખી દુનિયાનું પાટનગર ગણાય છે. એમાં કોણ મોટું એ વિષે લંડન તથા ન્યૂ યૉર્ક વચ્ચે આજે સ્પર્ધા ચાલી રહી છે. મકાનોની ઊંચાઇથી જો શહેરની મોટાઇનું માપ કાઢીએ તો તો બેશક ન્યૂ યૉર્ક જ મોટું ગણાય. નહિતર તો એક મહાન સામ્રાજ્યના પાટનગર તરીકે લંડનની મહત્તા તો બહુ ભારે છે. ક્રૉઇડન લંડનથી દસ માઇલ દૂર છે. ધુમસ ના હોત તો અમે ક્યારના પહોંચી ગયા હોત. તો યે ધીમે ધીમે કરતાં આખરે તો પહોંચ્યા. કેટલાં યે મકાનો પસાર કરતા અમે એક બાગમાં પેઠા. ત્યાં એક મોટા પથ્થરના મકાન આગળથી અમારી ટૅક્સી પસાર થતી હતી તે જોઇ ગરુડરાજ બોલ્યા: 'આ જોયો? બકિંગહમ પૅલેસ,—અહીંના રાજાનો મહેલ.' મને બહારથી તો મકાન બહુ સાધારણ લાગ્યું. ત્યાંથી પિકાડિલીના પ્રખ્યાત રસ્તા પર થઇ અમે પિકાડિલી સરકસ પહોંચ્યા. આ જગ્યાએ પુષ્કળ ગરદી હતી. લંડનની જાણીતી દુકાનો આની આજુબાજુ આવી છે. લંડનની નાટકશાળાઓ પણ આ જ લત્તામાં છે ને જાણીતાં રેસ્ટોરાં-ભોજનગૃહો પણ આની આજુબાજુ પુષ્કળ છે. ગરુડરાજે મને કહ્યું કે દિવસ કરતાં રાતના અગિયાર-બારને શુમારે જ્યારે બધી નાટકશાળાઓ તેમજ રેસ્ટોરાંઓ લોકસમૂહને બહાર ઠાલવે છે ત્યારે પિકાડિલી સરકસ આગળ ગરદીનો પાર નથી રહેતો. જાણે માનવસમુદ્ર ઊછળ્યો ન હોય! અમે એક રેસ્ટોરાંમાં ખાવા પેઠા. એક ટેબલ આગળ જઇને બેઠા ત્યાં વેઇટર જમવાની વાનીઓનું પત્ર-મેન્યુ-લઇને આવ્યો. હું અંગ્રેજી થોડુંઘણું વાંચી શકું છું, પરંતુ આમાં શું લખ્યું હતું તે તો મને કંઇ જ સમજાયું નહિ. મારી મૂંઝવણ જોઇ ગરુડરાજ હસ્યા અને બોલ્યા કે 'આ દેશમાં ભોજન-પત્ર ફ્રેંચ ભાષામાં જ લખાય છે; ને ફ્રેંચ ભાષામાં એ લખે તે જ ભોજનગૃહની મોટાઇ વિશેષ ગણાય. તમારા દેશમાં જેમ અંગ્રેજી ભાષાને મહત્ત્વ અપાય છે ને પોપટની માફક એ ભાષા બોલે તે જેમ સર્વ કેળવણીસંપન્ન ગણાય છે તેમ અહીં ફ્રેંચ ભાષાની મહત્તા છે!'

'પણ અંગ્રેજી ભાષાની મોટાઇ તો અંગ્રેજોએ હિંદનો કબજો લીધો તેમાં. ફ્રેંચ ભાષાને ઈંગ્લંડ સાથે શું લાગેવળગે?' મેં પ્રશ્ન કર્યો.

ગરુડરાજે ખુલાસો કર્યો. 'આશરે આઠસો નવસો વર્ષ પર જ્યારે ફ્રાન્સના નૉર્મંડી પ્રાંતના વિલિયમે ઇંગ્લંડ સર કર્યું ત્યારથી ફ્રેંચ ભાષા ઇંગ્લંડમાં દાખલ થઇ. શરૂઆતમાં તો એ દરબારી ભાષા ગણાતી, પણ પછી ધીમેધીમે લોકોનું દેશાભિમાન વધ્યું તેમ તેમ સ્વભાષા તરફ ઢળ્યા અને આજે એ જમાનાના સ્મરણ તરીકે અને ફ્રેંચ રસોઇઆઓ અંગ્રેજ રસોઇઆઓ કરતાં ચઢિયાતા છે એ બતાવવા માત્ર ભોજનપત્રો જ ફ્રેંચ ભાષામાં લખાય છે! ચાલતે દિવસે તમારે ત્યાં અંગ્રેજી ભાષાની પણ એ જ દશા થશે. તે વખતે એ ભાષાના અવશેષો શામાં રહેશે તે જાણવાની મજા પડશે, નહિ?' ગરુડરાજે છેવટે હસીને પૂછ્યું.

લંડનનું વાતાવરણ ધુમસિયા, ત્યાંનાં મકાનો પણ ધુમાડિયા રંગનાં, ત્યાંનાં સ્ત્રીપુરુષોના પોષાક પણ કાળા અથવા કોઇ ઘેરા રંગના—આ બધું રંગ વિનાનું શોકપ્રદર્શિત વાતાવરણ જોઈ મને બહુ નવાઇ લાગી. 'અમારા લોકો આ દેશ પાછળ શા માટે ગાંડા છે? અહીં આવા અંધારીઆ દેશમાં એવો તે શો જાદુ છે કે રાજામહારાજાઓ અને ગરીબ વિદ્યાર્થીઓ પણ ખૂબ ખૂબ પૈસા ખરચી આ દેશમાં આવે છે?' મેં ગરુડરાજને પ્રશ્ન કર્યો. 'એનાં કારણ અનેક છે. એક તો હિંદ અને ઇંગ્લંડનો સંબંધ. [redacted] હિંદુસ્તાનમાં તો એ ભાવના જ પેસાડી દીધી છે કે જેટલું અંગ્રેજી એટલું બધું જ પહેલા નંબરનું. અહીંનો અધકચરો પણ તમારા દેશમાં વિદ્વાનમાં ખપે! સામ્રાજ્યની ચીજને પહેલી પસંદગી આપવી એ Imperial Preferenceની નીતિ માત્ર આર્થિક બાબતમાં જ નહિ પણ બધી બાબતમાં પાળવામાં આવે છે. કેળવણીની બાબતમાં તો ઇંગ્લંડ, જર્મની તેમજ ફ્રાંસ કરતાં પ્રણ પછાત હશે; તોપણ આજે તો ઑક્સફર્ડ કે કૅમ્બ્રિજના સાધારણ પાસ થએલા ગ્રૅજ્યુએટને તમારા દેશમાં નોકરી આપતી વખતે વધારે પસંદગી અપાય છે. તે ઉપરાંત તમારા દેશની સિવિલ સર્વિસ વગેરે મોટી નોકરીઓ માટે ઉમેદવારો ઇંગ્લંડમાં ચૂંટાય છે. એ કારણથી નાછૂટકે પેટને ખાતર તમારા વિદ્યાર્થીઓને દેવાંઓ કરીને પણ આ દેશમાં આવવું પડે છે. પછી તો ગાડરીઓ પ્રવાહ. એક આવ્યો, બીજો

આવ્યો, ત્રીજો આવ્યો, એમ કરતાં આજે તો વિલાયતની યૂનિવર્સિટીઓમાં જ શિક્ષણ લેવાની પ્રથા પડી ગઇ છે. તેને લીધે તમારી યૂનિવર્સિટીઓ પણ અહીંનું જ ઘેલું-ગાંડું અનુકરણ કરી દુનિયાની દૃષ્ટિએ તો અધમ કોટિની જ લેખાય છે. વિદ્યાર્થીઓને અહીં ખાસ ગમી જવાનું કારણ આ દેશનું સ્વતંત્ર વાતાવરણ. અંગ્રેજીમાં કહેવત છે કે 'An Englishman's home is his castle' એટલે એક અંગ્રેજનું ઘર એ કિલ્લા બરોબર છે. એ કિલ્લો તોડી કોઇપણ–પછી તે ખુદ બાદશાહ હોય તોપણ–પરવાનગી વિના કે કાયદાની સહાય વિના અંદર જઇ શકતું નથી. કહેવાનો અર્થ એટલો જ કે અંગ્રેજ પ્રજા અત્યંત સ્વતંત્રતાપ્રેમી પ્રજા છે અને એની સ્વતંત્રતાની આડે આવનાર સામે એ પ્રાણને ભોગે પણ લડે છે. પોતાના હક્કનું સંરક્ષણ કરવા લેખિની દ્વારા કે વાચા દ્વારા એ છૂટથી લડી શકે છે. બોલનારને મોંએ દાટો દેવાતો નથી, એટલે ખુદ સરકારને પણ છૂટથી ગાળો દઇ શકાય છે. હિંદી વિદ્યાર્થીઓ પણ અહીં આવી સ્વતંત્રતાપૂજક બને છે. હિંદની સ્થિતિ એમને સાલે છે ને હિંદી સરકારની છ હજાર માઇલિ દૂરથી પેટ ભરી ટીકા કરે છે. જોકે હિંદુસ્તાન પાછા ફર્યા પછી તો એના એ સરકારના ખુશામતિયા બને છે અને સ્વતંત્રતાપૂજકો સ્વતંત્રતાઘાતકો બને એવાં દૃષ્ટાંતો પણ ઓછાં નથી!' ગરુડરાજનું કેટલુંક બોલવું તો મને સમજાતું પણ નહોતું. એ તો ઉશ્કેરાઇને હું સમજું ન સમજું તેની દરકાર કર્યા વિના બોલ્યા જ જતા હતા.

'પણ અંગ્રેજ પ્રજા જો ખરેખરી સ્વતંત્રતાપ્રેમી હોય તો અમને પોતાના રાજ્ય નીચે રાખવાનું પસંદ કેમ કરે છે?' મેં વચ્ચે જ પ્રશ્ન કર્યો. 'એ તમને પોતાની પ્રજા તરીકે રાખવાનું પસંદ કરે છે તે કરતાં તમે તેની પ્રજા તરીકે રહેવાનું પસંદ કરો છો એ વધારે સત્ય છે.' ગરુડરાજ બોલ્યા: 'વિલાયતમાં હિંદુસ્તાન વિષે એટલું બધું અજ્ઞાન છે કે ન પૂછો વાત. તમે સ્વતંત્ર થાઓ કે પરતંત્ર તેની એક સામાન્ય અંગ્રેજને જરા પણ દરકાર નથી. એ તો વેપારી પ્રજા છે; એને તમારી સાથે વેપાર કરવો છે.

વિદ્યાર્થીઓ તો, તમે કહો છો તેમ, પેટને ખાતર અહીં ઇંગ્લંડમાં આવે છે; પણ હિંદુસ્તાનના બધા રાજા-મહારાજાઓને અહીં આવવાનું શું કારણ?' 'તમારૂં ગુલામી માનસ.' ગરુડરાજ તિરસ્કારથી બોલ્યા: 'મુગલ સામ્રાજ્યના વખતમાં રાજામહારાજાઓ વર્ષનો થોડો વખત દિલ્હીમાં ગાળતા. હવે સામ્રાજ્યનું પાટનગર લંડન થયું ત્યારથી અહીં આવવા લાગ્યા! જોકે હવે આવે છે તે તો મોજમજાહની ખાતર જ; અને મોટે ભાગે તો લંડન કરતાં ફ્રાંસના પાટનગર પારીસમાં વધારે વખત ગાળતા હશે.' મોજમજાહનાં સાધનો આપણા દેશમાં નથી?' 'અહીંના જેટલાં તો નહિ જ ને? આજે તો પશ્ચિમની સંસ્કૃતિનું જોર છે. પશ્ચિમની સંસ્કૃતિનાં કેન્દ્રસ્થાનો રહ્યાં યુરોપમાં. યુરોપમાં જે મોટું મહાભારત યુદ્ધ સોળ સત્તર વર્ષ પૂર્વે થયું તે પહેલાં યુરોપ પાસે અઢળક પૈસો હતો. એ પૈસાના જોરે બધું જ પ્રાપ્ત કરી શકાય. સાહિત્ય, કળા વગેરેનું કેન્દ્રસ્થાન પારીસ–ફ્રાંસ, વિજ્ઞાનવિદ્યા વગેરેનું કેન્દ્રસ્થાન બર્લિન–જર્મની, અને દ્રવ્ય વ્યાપારનું કેન્દ્રસ્થાન લંડન. અમેરિકા પાસે પૈસો ખરો, પણ બીજું કંઇ નહિ. એ પૈસો વાપરવા ત્યાંના કરોડપતિઓ પણ પારીસ આવે! અમેરિકાનું માનસ અત્યારે તો યુરોપનું અનુકરણ કરવાનું જ છે, એટલે એ અનુકરણની ખાતર પણ અમેરિકનોને વર્ષના થોડા મહિના યુરોપ જવું પડે! તે જ પ્રમાણે હિંદનું. એનું માનસ પણ આજે તો યુરોપનું અનુકરણ કરવા પાછળ જ છે. એટલે ખાસ કરીને રાજામહારાજાઓ અને બીજા પૈસાદાર વર્ગો દર વર્ષે યુરોપની યાત્રાએ આવે તેમાં શી નવાઇ. એક વખત તમે કાશીને યાત્રાનું સ્થાન માનતા. આજે એ કેન્દ્ર બદલાયું!'

'ત્યારે ઇંગ્લંડની મોટાઇ એની પાસે પૈસો અને વેપાર છે તેમાં જ છે ને?'

'પાશ્ચાત્ય સંસ્કૃતિનું સૂત્ર છે કે પૈસો એ પરમેશ્વર. જેની પાસે પૈસો, તેની પાસે બધું જ. સંસ્કૃતમાં કહેવત છે તેમ सर्वे गुणा:कांचनमाश्रयन्ते। ઇંગ્લંડ એ યુરોપને એક ખૂણે પડેલો એક નાનકડો નજીવો દેશ. એની પાસે આટલો પૈસો શાથી એમ પૂછો તો જવાબમાં એટલું જ કહેવાનું કે આજે દુનિયાનો સારો ભાગ એને તાબે છે.'

'પણ આટલો નાનકડો દેશ જો દુનિયામાં આવી સરસાઇ ભોગવે તો તો એને એ મગરૂર થવા જેવું નહિ?'

'અંગ્રેજ પ્રજામાં બે મોટા ગુણો છે. એક સાહસિકતા અને બીજી ચિક્કટતા. અંગ્રેજની ચિક્કટતા તો

એવી કે ન પૂછો વાત. આ દેશમાં 'બુલડૉગ' કરીને કુતરાની એક જાત થાય છે. તે કરડે ત્યારે એવા કરડે કે છોડે જ નહિ. એ ગુણ અહીંની પ્રજામાં છે. એક પકડયું તે પકડયું; પછી ખરૂં કે ખોટું એ જોવાનું જ નહિ. અને વેપારી પ્રજા એટલે સાહસિક તો ખરી જ. એમણે વેપારને અર્થે દુનિયાને ખૂણેખાંચરે પગપેસારો કર્યો. અને એક વખત પેઠા તે ચીકણા થઇને બેઠા કે પાછા ત્યાંથી ખસે જ નહિ! એમનામાં દેશાભિમાનનો ગુણ પણ છે જ. દેશના પર જરા પણ ભયનું વાદળ આવ્યું કે એ પ્રજા માંહ્યોમાંહ્ય ગમે તેટલી લડતી હોય પણ એક થઇ જવાની જ.

(ચાલુ)

હંસા મહેતા

બરફનો વરસાદ

આપણે ત્યાં ગુજરાતમાં સાધારણ રીતે શરદ પૂનમ પછી વરસાદ નથી આવતો. શિયાળો ઉનાળો વરસાદ વિનાના જ વીતે છે. કોઇ વાર જો માવઠું આવી જાય તોપણ તે ખેડુતોને બહુ જ નુકસાન કરી જાય. પણ અહીં હિમાલયમાં એવું નથી. અહીં જો એક મહિનો વરસાદ વિના જાય તો લોકો અને ખેડુતો ફિકરમાં પડે. પોષ માહમાં પણ કેટલીકવાર દસદસ દિવસ સુધી વરસાદ પડે. ન પડે તો પહાડમાં બધે વાવેલા ઘઉં બળી જાય. પહાડમાં કૂવા ખોદાય નહિ ને કોસ ચાલે નહિ, એટલે વરસાદથી જ ઘઉં પાકે. પણ અહીંના ઘઉંની ખૂબી એ કે હીમ પડવાથી તે બળી ન જાય. જેમ હીમ પડે તેમ એ વધુ જામે. અને વરસાદ તથા બરફથી તો બધાં ખેતરો ખુશખુશ થઇ જાય.

આપણે ત્યાં હીમ પડે છે તેમાં ને અહીંના બરફમાં ઘણો ફેર. હીમને અહીં પાલો કહે છે. રાતે પડેલી ઝાકળ જામી જાય તેને હીમ અથવા પાલો કહે છે. ગુજરાતમાં ચારેક વરસ પહેલાં હીમ પડયો ત્યારે એમ જ થએલું. ઠંડી એટલી બધી વધી ગઇ કે ઝાડનાં પાંદડાં પર, ઘાસ પર, રીંગણાં–ટમેટાં પર, ઝાકળનાં પડેલા ઝીણાંઝીણાં ટીપાં જામીને બરફ થઈ ગયાં, અને બરફથી જેમ આપણાં આંગળાં અકડાઈ જાય તેમ એ બીચારાં કોમળ પાંદડાં, ફૂલ અને ફળ કરમાઇ ગયાં. એમને રહેવાને ઘર ન હતું કે પહેરવાને કપડાં નહોતાં કે ચામડીનું રક્ષણ કરવાને વાંદરાને હોય છે તેવા વાળ પણ નહોતા. તડકો આવતાં વાર લાગી એટલામાં તો ઠરી ગએલી ઝાકળે એ બીચારી વનસ્પતિનો જીવ લઇ લીધો.

પણ ગુજરાતમાં એટલી ઠંડી કોઇકવાર જ પડે છે. જ્યારે અહીં આ મહિનાઓમાં એટલી ઠંડી તો ઓછામાં ઓછી રોજ રહે. રાત્રે જો સાબુનું પાણી કરી તપેલું મૂકી રાખીએ તો સવારે તે જામીને પાછો સાબુ થઇ જાય! થાળીમાં હાથ ધોઇ તે ઉંડકયા વિના બહાર મૂકી દઇએ તો થાળીનું પાણી, દાળનું પાણી બધાનો ઘોળો બરફ થઈ જાય. અને પહાડ પર ઝાકળ તો ખૂબ પડે એટલે રોજ સવારે એક બે ઇંચ મીઠું પાથર્યું હોય એવો પાલાનો થર બધે નજરે પડે. દેશમાં તો પા અરધા કલાકમાં હીમ પીગળી જાય, પણ અહીં બપોરના ૧૨ વાગ્યા સુધી યે કેટલોક જગ્યાએ જામેલો હોય; અને સાંજે ચાર વાગ્યાથી પાછો નવો નવો જામવા લાગે. ત્યાં જે ઠંડી સવારના પાંચથી સાત સુધી હોય એ અહીં સવારથી સાંજ સુધી હોય. એટલે પાલાથી તો સૌ કંટાળી જાય. જેમને કપડાં ન હોય, પગમાં જોડા ન હોય, ફાટેલાં પહેરણ હોય, એવા છોકરાઓ તો પાલાને ગાળો પણ દઇ દે. પરંતુ બરફથી તો સૌ રાજી થાય. બરફનો વરસાદ થાય ત્યારે ગરીબ ને ધની સહુ આનંદમાં આવી જાય.

તમને લાગતું હશે કે બરફનો વરસાદ રસ્તે ચાલતાંને માથે પડે તો માથું ફૂટી જાય નહિ? પણ કંઇ ભગવાન પાસે આકાશમાં બરફનું કારખાનું નથી કે અરધાઅરધા મણનાં ચોસલાં જમાવીને તે પાડે! શું

તમારે માથે વરસાદ પડે છે ત્યારે તે માથામાં વાગે છે? તો પછી બરફ પણ ન વાગે. ઊંચેઊંચે આકાશમાં જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી પહોંચાડીએ તો ત્યાંથી ગોળ ચક્કર ફરતાંફરતાં રૂના પોલના પાંખાં પૂમડાં નીચે ચાલ્યા આવતાં હોય તેમ બરફ પડે. ઝાકળ જામીને પાલો થાય અને વરસાદ જામીને બરફ થાય. ઝાકળ પડીને જામે. વરસાદ ઊંચે ને ઊંચે આકાશમાં જામીને પડે. એને જમાવવા માટે ઠંડી ખૂબ વધી જાય. બરફ પડવાનો હોય તે પહેલાં તો હાથનાં આંગળાં ઠરીને લાકડાં થઇ જાય. ખાવા માટે રોટલાનો ટુકડો કરવો હોય તો યે હાથ શેકી લેવા પડે. અને નાક કાન તો એવાં થઇ જાય કે શૂર્પણખાનું દુઃખ યાદ આવે. બરફ પડ્યા પહેલાં બે'ક દિવસ રાતદા'ડો વરસાદ પડ્યા કરે;—શ્રાવણમાં વરસે છે તેમ. પછી એકાએક વરસાદ બંધ થઇ જાય. પવન પણ બંધ. બધું ય આસમાની રાત જેવું શાંત થઇ જાય. પછી થોડી વારે કશા યે અવાજ વિના, નેવાં ટપકાવ્યા વિના બરફ પડવા માંડે. એક ઓરડામાં પાંચદસ મધ્યમ કદની પીંજણ ચાલતી હોય ત્યાં જેમ ખબર ન પડે તેમ માથે રૂ આવી પડે છે, તેવી રીતે ખબર ન પડે તેમ બરફ માથે આવી પડે. જમીન, છાપરું, પથ્થર, ઝાડ બધે ય પોલ પથરાવા લાગે. શરૂઆતમાં તો પડ્યા ભેગો પાણી થઇને વહી જાય, પણ પછી જમીન જેમ ઠંડી થતી જાય તેમ એ પડેલા બરફના થર જામતા જાય. ઝાઝા કલાક સુધી વરસે તો અને જે જગ્યા પર તે પડે તે જગ્યા ઠંડી હોય તો બરફનો એ થર એક રાતમાં માથોડું ને કોઇ શિયાળે બે માથોડાં પણ થઈ જાય છે. બે વરસ પર યુરોપમાં એ એટલો બધો વરસ્યો હતો કે ચાલતી ટ્રેનો અટકી પડી હતી. અલ્મોડામાં એટલો બધો નથી વરસતો. પણ સાત દસ ફૂટ તો કેટલીક જગ્યાએ જામી જ જાય છે. અમે રહીએ છીએ તે જગ્યા ગરમ છે એટલે અમારા ઘરની આસપાસ તો ત્રણ ચાર ઇંચ જ છાપરા પર જામે છે.

બરફ પડે એટલે પહાડી છોકરાઓ ને અમે બધા પણ બહાર દોડીએ અને તેને ભેગો કરી લાડવા વાળી ખાઇએ. જેમ ખાઇએ તેમ ભૂખ વધે અને એ ખાવાથી કબજિયાત જેવા રોગ પણ દૂર થઈ જાય. જેની પાસે ગોળ કે મધ હોય તે તો બરફ ખાતાં ધરાય જ નહિ. કહે છે કે આ બરફ ખાવાથી અનેક જાતના રોગ મટી જાય. ખાતી વખતે એ પતાસા જેવો પોચો પોચો લાગે અને કડકડ કરીને ચવાય. બરફનો લાડવો વાળી છોકરાઓ દૂરદડે પણ રમે અને એમાં ઘણી ગમ્મત પડે. એ પાલા જેટલો ઠંડો નથી હોતો. બરફનો ઝાઝો થર જામ્યો હોય અને તેમાં ગુફા કરી કોઇ સૂઇ જાય તો હૂંફ વળે! સાંભળ્યું છે કે ઉત્તર ધ્રુવમાં જ્યાં બરફ ખૂબ જામેલો રહે છે ત્યાં લોકો અને પ્રાણીઓ બરફની ગુફામાં જ રહે છે; ઘર નથી બાંધતા.

એક વાત કહેવાનું ભૂલી ગયો. કેટલીક વાર બરફ પડતાં પહેલાં 'બજરી' પડે છે. બજરીનો વરસાદ તો વળી બહુ જ કાવ્યમય હોય છે અને એ જોઇને હર્ષઘેલા થઈ જવાય. આકાશમાંથી જુવારના દાણા જેવડા ગોળ-ગોળ દાણાનો વરસાદ પડે. બરફનો વરસાદ માથે પડવાથી પલળી જવાય, પણ આ બજરીના દાણા તો હાથમાંથી પારો સરે તેમ સરી પડે. જાણે ફૂલખરણી. બજરી વરસે એટલે લોકો કહે કે હવે બરફ વરસશે. ઘણાને મોગરાનાં ફૂલ કરતાં મોગરાની કળી વધારે ગમે, તેમ મને બરફ કરતાં યે બજરીના વરસાદમાં વધુ આનંદ આવે છે. રાત્રે બજરી વરસી હોય તો સવારે ખીણો ને પહાડો ઉપર મોતીના સાથીઆ પૂર્યા હોય એવા લાગે. બજરી ખાવાની મજા નથી હોતી, પણ જોવાની બહુ હોય છે. પણ એ પડ્યા પછી બેચાર કલાકમાં જ અદૃશ્ય થઈ જાય છે, જ્યારે બરફ તો જામેલો પડ્યો જ રહે છે. હમણાં ગઇ ૩૧મી તારીખે બરફ પડ્યો હતો ત્યારનો અહીં ઊંચાઊંચા શિખરો પર તે જામેલો છે. એપ્રિલ મહિનામાં તે ઓગળશે. પણ આ તો નજીકના પહાડોની વાત થઇ. દૂર ઉત્તરમાં દેખાતા જે બરફના પહાડો છે એના ઉપર તો એ બરફ આજકાલ રોજ વરસતો હશે; અને ત્યાં તો એ એટલો બધો જામેલો છે કે શ્રી રામે, શ્રી કૃષ્ણે, વ્યાસજીએ, યુધિષ્ઠિર મહારાજે એ જેવો જોએલો તેવો ને તેવો આજે પણ એ જામેલો પડ્યો છે.

બરફ પડ્યા પછી ચોતરફનું દૃશ્ય કેવું ખીલી ઊઠે છે અને ફરવામાં કેટલો આનંદ આવે છે એનું વર્ણન લખતાં કાગળ બહુ લાંબો થઈ જશે. સફેદ બરફ પર ઊગતા સૂર્યનાં કિરણો ફેલાય અને આકાશની સુરખી જમીન ઉપર પણ પથરાઇ રહે ત્યારે કેવું દૃશ્ય થતું હશે એ હવે તમે જ કલ્પી લેજો. **પ્રભુદાસ ગાંધી**

દાનિયો ભાંડ



હવે તો ભાંડ એટલે શું એની યે કોઇને થોડી ખબર હશે. હવે ભાંડ પણ ઓછા થયા ને ભાંડને જાણકાર પણ ઓછા થયા.

અમે તો ઘરડા રહ્યા એટલે જૂની વાતો સાંભરે. જૂના વખતમાં ભાંડને ભાળેલા; ભવાયાને ભાળેલા.

દાનિયો ભાંડ અમારા જ ગામડામાં રહેતો. ભાંડ એટલે ભાંડાઈ કરે તે નહિ; જેનેતેને ગાળો દે તે પણ નહિ; જેનાંતેનાં વખાણ કરે તે પણ નહિ. દાનિયો કાંઈ ચારણ જેવો ને કાંઇક બહુરૂપી જેવો. રાજાનાં વખાણ પણ કરી જાણે ને રાજા કાંઈ ન આપે તો ચાડિયો રાખીને કુટતાં પણ તેને આવડે. પણ દાનિયો બરાબરનો તો બહુરૂપી. બાળો કાંઈ વેશ કરવાવાળો! એકવાર હું ને મારા બાપા સોનીને હાટે બેઠા હતા. ત્યાં એ એવો તો બાવો થઇને આવ્યો કે અસલ જાણે ધુંધળીમલ્લ. એ . . . . મોટી જબ્બર જટા ને દાઢી. આખે ડીલે ભસ્મ. જાણે મોટો અબધૂત આવ્યો. અમે તો સામે જોઈ જ રહ્યા. સોની પૈસા કાઢી જ્યાં આપવા જાય છે ત્યાં દાનિયે દાંત બતાવ્યા ને સૌ ખડખડ હસી પડ્યા. બહુરૂપી એકબે ખોટા લાંબા દાંત રાખે. જ્યારે પોતે કોણ છે એમ કહી દેવું હોય ત્યારે પેલા ખોટા દાંત બહાર બતાવે.

એકવાર અમારા ગામના મુસલમાનોની ઈદ હતી. બધા મસ્જિદમાં જતા હતા. દાનિયો ખાસ્સો મજાનો ફકીર બન્યો. અસલ ફકીર જોઈ લ્યો. લીલી કફની, પીળી માળા, હાથમાં તુંબુ ને કાખમાં કાળો ઘોકો. જાય દાનિયો રસ્તા ઉપર અલ્લાનું નામ લેતો. મુસલમાનો તો જોઈ જ રહ્યા કે આ નવા સાંઇબાવા ક્યાંથી? એ જણ જઇને કહે, 'સાંઇબાવા ચલીએ મસ્જિદમેં.' આસ્તેથી દાનિયે એ દાંત બતાવ્યા ને હંસાવ્યા.

દાનિયાને કોણ જાણે ક્યાંથી બધું આવડતું હશે, પણ જેનો વેશ લે એનો આબાદ લે. એકવાર રાજાની કચેરી ભરાઇ હતી. દરબાર ને અમલદારો આવીને બેઠા હતા. દરબારની સામે ગવૈયા ગાતા હતા ત્યાં તો સૌનું ધ્યાન એક યુરોપીઅન સાહેબ પર ખેંચાયું. ચમચમ બૂટ પછાડતો સાહેબ દરબાર ભણી ચાલ્યો આવતો હતો. કાખમાં ટોપી હતી; હાથમાં લાકડી હતી; માથે આ . . . ને મજાના વાળ ઓળેલા હતા. સાહેબ રંગે તો એવો ગુલાબી હતો કે જાણે હમણાં જ આગબોટમાં બેસીને વિલાયતથી આવ્યો ન હોય! એમ તો પોલિટિકલ એજન્ટની સવારી આવવાની વાટ તો હતી જ. બધા ઊભા થઇ ગયા. દરબાર પણ ઊભા થઇ હાથ મેળવવા સામે આવ્યા. પણ ત્યાં તો એ દાંત દેખાણા–ને અરે! આ તો દાનિયો ભાંડ! આખી કચેરી ખડખડ હસી પડી. વાહરે દાનિયા! શાબાશ રે દાનિયા! આજે તો ભારે કરી! પછી દરબારે ખુશ થઇ ભેટ આપી ને દાનિયો ખમ્મા બાપુને, ખમ્મા ગોહેલ વંશને, ખમ્મા, ખમ્મા, ખમ્મા કરતો ચાલ્યો ગયો.

દાનિયો ગમે તે વેશ કાઢે ને ગમે ત્યારે નીકળી પડે. ખરેખર દાનિયો વેશધારી તો જબરો. ભારે અક્કલવાળો કારીગર. દાનિયો હજુ નજરે આવે છે.

ગિજુભાઈ

ઢીંગલી

બાની સાથે કુવા કાંઠે
પાણીડાં ભરવા હું ગઇ'તી,
રૂપાળી મારી ઢીંગલીને
માથે મૂકીને લઇ ગઇ'તી.

કુવા થાળે રમતાં રમતાં
ભાન બધું ભૂલી હું ગઇ'તી,
જાણું નહિ મારી ઢીંગલી એ
કુવાને તળીએ ક્યમ ગઇ'તી!

અરે! બીચારીનું શું થાશે?
કેવી લાડ કરી રમતી'તી!
પાણી તો ભગતું બહુ એને
જાણું નહિ એ ક્યાં જમતી'તી?

ઈશ્વરલાલ દેસાઇ



ભેદી ટાપુ

થોડી જ વારમાં ત્રણે શિકારીઓ ચીમનીમાં આવી પહોંચ્યા. પેન્ક્રોફ્ટ તો થંભી જ ગયો. તે શબ્દ સરખો ન બોલી શકયો. હાથમાં કપીઆરા (સુવર) લઇને ઘડીક હાર્ડિંજ સામે, ને ઘડીક સ્પિલેટ સામે વારાફરતી જોવા લાગ્યો.

સ્પિલેટ: 'જોઇ શું રહ્યા છે? આ અગ્નિ સળગ્યો છે. હવે આ સુવરને પકવ એટલે ખાઇને પેટ ઠારીએ.'

પેન્ક્રોફ્ટ: 'પણ અગ્નિ સળગાવ્યો કોણે?'

સ્પિલેટ: 'બીજા કોણે વળી? સૂર્યદેવે.'

સ્પિલેટે ખરૂં કહ્યું હતું. સૂર્યનાં કિરણોથી જ અગ્નિ સળગ્યો હતો. હર્બર્ટે તરત હાર્ડિંજને પૂછ્યું, 'તો શું તમારી પાસે આગીઓ કાચ છે?'

હાર્ડિંજ: 'ના, પણ મેં બનાવી લીધો.'

એમ કહી તેમણે અગ્નિ સળગાવવાની યુક્તિ બતાવી. તેની પાસે આગીયો કાચ નહોતો, પણ તેણે પોતાની ને સ્પિલેટની ઘડિયાળના કાચ કાઢી એની વચ્ચે પાણી ભર્યું હતું ને પછી કચરાથી બંને કાચને જોડી દીધા હતા. આ રીતે તેમણે આગીયો કાચ બનાવી લીધો અને તેની અંદરથી પસાર કરેલાં સૂર્યનાં કિરણો સુકાએલા શેવાળ ઉપર પાડ્યાં કે તરતજ અગ્નિ સળગી ઊઠ્યો.

પેન્ક્રોફ્ટ તો આ સાંભળી અવાક થઇ હાર્ડિંજની સામે જ જોઇ રહ્યો! તે સમજી ગયો કે હાર્ડિંજ જાદુગર નથી, છતાં એ સાધારણ માણસ પણ નથી.

પછી નેબ અને પેન્ક્રોફ્ટે સુવરને બરાબર સાફસૂફ કરી અગ્નિમાં પકાવ્યું.

તે દિવસ તો સૌએ ઘણી તૃપ્તિથી આહાર કર્યો. માંસ ઘણું સ્વાદિષ્ટ હતું. ખાતી વખતે હાર્ડિંજ તદ્દન મૂંગા જ રહ્યા હતા અને બીજે દિવસે શું શું કરવાનું છે તેના વિચારમાં મગ્ન હતા. આહાર પછી સૌ આરામથી સૂતા.

બીજે દિવસે, એટલે ૨૯મી માર્ચે સૌ બેટ જોવા જવા તૈયાર થયા. સુવરનું વધેલું માંસ હજી આખો દિવસ ચાલે એટલું હતું તે સાથે લીધું. માર્ગમાં શિકારની પણ ખોટ ન હતી. પેન્ક્રોફ્ટે અગ્નિ સળગાવવાં એક કાકડો બનાવી લીધો. સાત વાગ્યે સૌ બહાર નીકળ્યા. સૌના હાથમાં એકએક મોટી ઝાડની ડાળ હતી.

ચીમનીથી થોડે દૂર એક ખૂબ ઊંચો પર્વત હતો. તેના ઉપર ચડીને ચારે તરફ જોવાનું હતું. પેન્ક્રોફ્ટની સલાહથી વનમાંથી જે માર્ગ પહાડ ઉપર જતો હતો તે માર્ગે જવાનું નક્કી થયું. પહાડની નજીક જવા માટે આ માર્ગ જ સહેલો ને સીધો હતો. પાછા ફરતાં બીજે માર્ગે આવવાનું રાખ્યું.

વનમાંથી જતાં ટૉપ નાનાંનાનાં પશુઓની પાછળ પડી તેમને હેરાન કરવા લાગ્યો. હાર્ડિંજે ટૉપને તેમ કરતાં અટકાવ્યો. કેમકે આમ નાહક વખત ગુમાવવાનો નહોતો. પહેલાં તો એક વાર પહાડ પર ચડી આખો પ્રદેશ જોઈ લેવાનો હતો. પછી બીજી વાત.

જંગલ વટાવીને તેઓ ખુલ્લી જગ્યામાં આવ્યા. ત્યાંથી થોડે જ દૂર પેલો પહાડ હતો. પહાડને બે શિખર હતાં. એક ઊંચું ને બીજું નીચું. એક શિખરને આશરે અઢી હજાર ફૂટ ઊંચેથી જાણે કાપી નાખ્યું હોય એવું લાગતું હતું. તેની એક બાજુએ પથ્થરોની દીવાલના જાણે બુરજો ચણ્યા હોય એવા ઊભા ટેકરાઓ હતા. અને તેનો દેખાવ ટેકરીની બંને બાજુએ જાણે એક મોટા પક્ષીએ પોતાના નહોર ભરાવી ન રાખ્યા હોય તેવો જણાતો હતો. વચ્ચે જમીન સરખી દેખાતી હતી. મોટામોટાં વૃક્ષોનો તો બંને પર્વતો ઉપર પારજ નહોતો, અને કોઇકોઇ સ્થળે ઝરણાં પણ દેખાતાં હતાં.

વિજ્ઞાન અને સાહસ ગૂંથતી વાર્તાઓના વિખ્યાત ફ્રેંચ લેખક જૂલસ વર્નની નવલકથા જેમાં એક અજાણ્યા ઉજ્જડ બેટ પર ઘસડાઇ આવેલા પાંચ સાહસિકો જીવનમાર્ગ ખેડેછે.

પહેલાં સૌએ નીચા શિખર પર ચડવું શરૂ કર્યું. આસપાસની નિશાનીઓ ઉપરથી સાઇરસ હાર્ડિંજે જોયું કે જમીન; પર્વત, ખીણ બધાં ઉપરથી એકવાર જ્વાળામુખીનો લાવા પસાર થઈ ગયેલો હતો. ધરતીકંપથી ચારે તરફની જમીન પણ ખૂબ ઊંચીનીચી થએલી હતી. પર્વત ચડતાં હર્બર્ટે જંગલી હિંસ્ર પશુઓનાં પગલાં જોયાં.

પેન્ક્રૉફ્ટ: 'જો આવી રીતે ચડવાના માર્ગમાં જ હિંસ્ર પશુઓનાં પગલાં દેખાય છે તો તેઓ કદાચ આપણને માર્ગમાં પણ હેરાન કરશે.'

સ્પિલેટે હિંદુસ્તાનમાં જઇ વાઘના શિકાર કરેલા હતા; આફ્રિકામાં સિંહના શિકાર પણ કરેલા હતા. તેણે કહ્યું, 'રસ્તામાં વાઘ કે સિંહ મળશે તો તેનો ઉપાય તો થઇ રહેશે. માત્ર આપણે હવે સાવચેત રહેવાની જરૂર છે.'

બાર વાગ્યાને શુમારે આ સાહસિકોએ એક ઝરણાને કિનારે ઝાડ નીચે બેસી આહાર કરી થોડી વિશ્રાંતિ લીધી. આટલા વખતમાં તેઓ હજી શિખરને અરધે રસ્તે આવ્યા હતા. અહીંથી ઘણે દૂર સુધી સમુદ્ર દેખાતો હતો. પરંતુ જમણી તરફ પર્વત હોવાથી તેની પેલી પાર શું છે તે દેખાતું ન હતું. ડાબી તરફ ઉત્તર દિશાએ ઘણે દૂર સુધી દૃષ્ટિ જતી હતી.

આહાર ને વિશ્રામ પછી એક વાગ્યે તેમણે ફરી ચડવું શરૂ કર્યું. આ વખતે માર્ગ નૈઋત્ય તરફ જતો હતો. ચાલતાંચાલતાં તેઓ એક ગીચ ઝાડીમાં આવી પહોંચ્યા. અહીં કોઇ કોઇ જગ્યાએ 'ટ્રેગોયાન' પક્ષીઓ દેખાવા લાગ્યાં. સ્પિલેટે કુશળતાથી એક જ ઘાએ એક ટ્રેગોયાન માર્યું; આથી પેન્ક્રૉફ્ટને તો બહુ જ આનંદ થયો.

એ ગીચ ઝાડી પાર કરી, એકબીજાના ખભા ઉપર હાથ દઇ લગભગ સો ફૂટ ઊંચો ને સીધો માર્ગ તેઓ ચડયા તે પછી સરખી જમીન આવી. અહીં જ્વાળામુખીનાં ચિહ્ન વધારે પ્રમાણમાં હતાં. અહીં જે જનાવરોનાં પગલાં દેખાતાં હતાં તે બધાં બકરાની જાતના પશુઓનાં હતાં. બધાએ જોયું કે લગભગ પચાસ ફૂટ દૂર બેચાર જનાવરો ઊભાં છે. તેને મોટાં મોટાં શીંગડાં છે, પાછળનો ભાગ નીચો છે ને શરીર ઉપર ખૂબ રૂંવાટાં છે. એને જોતાં જ હર્બર્ટ બોલી ઊઠયો: 'અરે, આ તો મસ્મન!'

મોટા મોટા કાળા પથ્થર પાસે આ જનાવરો ઊભાં હતાં. જાણે કોઇ દિવસ માણસ ન જોયાં હોય તેમ આશ્ચર્યથી તેઓ મુસાફરો તરફ જોઇ રહ્યાં, અને પછી ભય પામી એકદમ નાસી ગયાં.

'પધારજો મહેરબાન!' પેન્ક્રૉફ્ટે એ નાસી જતાં જનાવરો તરફ જોઇ કહ્યું, ને બધા ખડખડાટ હસી પડયા.

સાંજે ચાર વાગ્યાના શુમારે જંગલ ને ઝાડી વટાવી તેઓ ઝાડપાન વિનાની જગ્યા ઉપર આવ્યા. હવે માત્ર પાંચસો ફૂટ ચડતાં જ પહેલે શિખરે પહોંચી જવાય તેમ હતું. યાત્રીઓએ રાત તે સ્થળે પહોંચીને જ ગાળવાનો નિશ્ચય કર્યો. અને ઝડપથી આગળ વધ્યા. આખરે ઊંચીનીચી જમીન ને વાંકાચુંકા માર્ગે પસાર કરી મહા મુસીબતે સા તે સપાટ જમીન પર આવી પહોંચ્યા.

ટાઢ ખૂબ હતી એટલે હર્બર્ટ, નેબ અને પેન્ક્રૉફ્ટે અગ્નિ સળગાવવા માંડયો. સાથે લીધેલા સૂવરના માંસ વડે સાંજનું ભોજન પણ પતાવ્યું. અને સાંજના છ પહેલાં તો ખાઇ પી સૌ નિરાંતે બેઠા.

સ્પિલેટ તેની નોંધપોથી લઇને બેઠો અને આખા દિવસની નોંધ લખવા લાગ્યો. નેબ અને પેન્ક્રૉફ્ટ સૂવાની સગવડ કરવા લાગ્યા. કૅપ્ટન હાર્ડિંજ હર્બર્ટને લઇ ઉપર શિખરનું અવલોકન કરવા ઊપડયા.

આકાશ સ્વચ્છ હતું, તેથી રાત સુંદર લાગતી હતી. અંધારૂં પણ બહુ નહોતું. લગભગ વીસ મિનિટ ચાલ્યા પછી હાર્ડિંજ અટકયા. અહીં બંને શિખરોનો નીચેનો ભાગ મળી ગએલો હતો તેથી શિખર ફરતો આંટો ફરી હવે આગળ વધાય તેમ રહ્યું નહોતું. પણ સદ્‌ભાગ્યે ઉપર ચડવા માટે બીજો રસ્તો જડી આવ્યો.

બરાબર સામે જ એક મોટી ખાઇ જણાઇ. મૂળ તે જ્વાળામુખી પર્વતનું મુખ હતું. જ્વાળામુખી ફાટી નીકળ્યો હશે ત્યારે પથ્થર વગેરે નીચે પડી જવાથી ત્યાં પગથિયાં જેવું થઇ ગયું હતું. એના ઉપરથી ઉપલે શિખરે ચડવું સહેલું હતું.

આ બધું ક્ષણવારમાં જોઇ લઇને હાર્ડિંજે જરા પણ વાર ન લગાડતાં રાત્રિના અંધકારમાં જ હર્બર્ટ સાથે એ ખીણમાં પ્રવેશ કર્યો. પેલી તરફના ઊંચા શિખર ઉપર જવા માટે હજી બીજા હજારેક ફૂટ ચડવાનું હતું. હાર્ડિંજે તો નક્કી જ કર્યું હતું કે કોઇ ખાસ મુશ્કેલી ન પડે ત્યાં સુધી ખીણની અંદરના માર્ગે ચાલ્યા જ કરવું.

અત્યારે તો જ્વાળામુખીનું નામનિશાન પણ નહોતું.

જ્વાળા ઓલવાઇ ગઇ હતી;ધુમાડા સરખા પણ નીકળતા નહોતા, કશો અવાજ પણ નહોતો, ગર્જના યે નહોતી, કાંઇ જ નહોતું. જ્વાળામુખી સાવ ઠરી જ ગયો હતો.

હાર્ડિંજ અને હર્બર્ટ ખાઇમાંથી હવે ઉપર ચડવા લાગ્યા. અને આખરે તેઓ ઉપરની ટોચ પાસે આવી પહોંચ્યા. સાઇરિસ હાર્ડિંજે જ્યારે ઊંચા શિખર પર પગ મૂક્યો ત્યારે રાતના આઠ વાગી ગયા હતા.

ચારે કોર અંધકાર હતો. બે માઇલથી વધારે દૂર દૃષ્ટિ જઈ શકે તેમ નહોતું. આ તે બેટ હતો કે પ્રદેશ તેનો હજી કાંઈ ખુલાસો થઇ શક્યો નહોતો. સમુદ્ર તરફ નજર નાખતાં જાણે, સમુદ્ર દૂર આકાશ સાથે મળી ગએલો લાગતો હતો.

આકાશમાં એક તરફ પ્રકાશ જેવું લાગ્યું. હાર્ડિંજને લાગ્યું કે એ પ્રકાશ સમુદ્ર જળ ઉપર ફૂટી રહ્યો છે. આ પ્રકાશ ચંદ્રનો હતો અને જરા વારમાં જ તે અસ્ત થઇ જાય તેમ હતો. એટલા ઝાંખા પ્રકાશમાં પણ ક્ષિતિજની રેખા જોઇ શકાતી હતી.

હાર્ડિંજે હર્બર્ટનો હાથ પકડી કહ્યું: 'સમજાઇ ગયું છે. આ દેશ નથી, પણ દ્વિપ છે.' આટલું કહે છે ત્યાં તો ચંદ્ર મોજાંઓની નીચે અદ્દશ્ય થઇ ગયો.

લગભગ અરધા કલાક પછી હાર્ડિંજ અને હર્બર્ટ પોતાના બંને મિત્રો તથા નેબ પાસે પાછા ફર્યા.

બીજે દિવસે, ૩૦મી માર્ચની પ્રાતઃકાળે સૌ નાસ્તો પાણી કરી ઉપર ચાલ્યા. શિખર પર પહોંચ્યા પછી તેમની પાકી ખાતરી થઇ કે જ્વાળામુખી હમેશને માટે બંધ થઇ ગયો હતો. ઉપર ચડી રહેતાં સૌ એકસાથે બોલી ઊઠ્યા: 'સમુદ્ર! સમુદ્ર! ચારે બાજુ સમુદ્ર!'

સાઇરસ હાર્ડિંજે ધાર્યું હતું કે રાતના વખતમાં અંધારામાં દૂરનો ભલે કિનારો ન દેખાયો, પણ દિવસે તો જરૂર દેખાશે. પરંતુ અત્યારે બહુ બારીકીથી જોતાં પણ ચારે તરફ પચાસ પચાસ માઇલ સુધી ક્યાંય કિનારો નજરે પડતો નહોતો કે જતાં આવતાં વહાણોના સઢ પણ દેખાતા નહોતા. ચારે તરફ પાણી ને વચમાં આવેલો આ બેટ! જાણે પ્રશાંત મહાસાગરમાં કોઇ જળચર પ્રાણી ન પડ્યું હોય! દેખાવમાં આ બેટ વ્હેલ માછલીના આકારનો લાગતો હતો. ગીડિયન સ્પિલેટે તરત જ તેનો નકશો દોરી લીધો. બેટનો ઘેરાવો લગભગ એકસો માઇલને આશરે હોય તેમ લાગ્યું.

બેટના પૂર્વ તરફના છેડે, જ્યાં પ્રવાસીઓ બલૂનમાંથી ઊતર્યા હતા તે સ્થળે એક નાની ખાડી જેવું હતું. ત્યાંની જમીનનો એક છેડો લાંબી અણી થઇ ભૂશિર રૂપે સમુદ્રમાં દૂર જઇ સમાઇ જતો હતો. ઇશાન તરફ બીજા એવા જ બે છેડા ભૂશિર બની રહ્યા હતા અને ત્યાં ખાડી પૂરી થતી હતી.

ઇશાનથી નૈઋત્ય ખૂણા સુધીનો કાંઠો ગોળાકાર હતો. આ કાંઠાની લગભગ વચમાં જ ઠરી ગએલો જ્વાળામુખી હતો. બેટ બે બાજુથી સાંકડો હતો; એટલે કે ચીમની અને પશ્ચિમ કાંઠાની નદી સુધીની બેટની પહોળાઇ દસ માઇલની હતી, જ્યારે લંબાઇ ત્રીસ માઇલથી ઓછી નહોતી. પહાડથી માંડી દક્ષિણ તરફથી તે સમુદ્રકિનારા સુધી મોટું વન હતું. ઉત્તર તરફ સપાટ અને રેતાળ પ્રદેશ હતો. પણ મોટા આશ્ચર્ય સાથે તો સૌએ એ જોયું કે જ્વાળામુખી પર્વત અને પૂર્વ તરફના કિનારાની વચ્ચે એક સરો-

વિશ્વનાયી

• શંકરાભરણ •

તું મહાનાયી બની વિશ્વ વ્યાપી રહે।
લોહ લઈને વતું શું કરૂં હું?
અખિલ બ્રહ્માંડ કચ-હારી ઘૂમી રહ્યા
કર્તની વેંતની શું કરૂં હું?—તું૦

પ્રકૃતિ પદા પરે લોહ પુરુષાર્થનું
લઈ ઘસે માનવી ક્ષુદ્ર પેલા;
કર્મફળ-ધાર થકી સુખ-વતાં આદરે
સ્ખલન થાતાં રડે ધાવ-ઘેલા.—તું૦

જગપદારંથ કર્યાં ક્ષૌર ઉપકરણ સૌ,
પૃથ્વી આસન, કર્યું વ્યોમ કાચ;
સાત સમદર બન્યા જલ તણી વાટકી
વિશ્વનાયી ભવનમાં શી ટાંચ?—તું૦

મેઘવર્ષાં તણાં મુખ પરે સિંચનો,
દામિની લોહ કેરા ઝબાકા;
વાદળાં-ગોટનાં ફેન મુખ પર ફર્યાં,
ગર્જના કેશછેદન ઝડાકા.—તું૦

એક નાયી અખિલ વિશ્વનો તું વડો
વરદ તવ હસ્તની એક ચાટ;
શરણ બસ તુજ ચહું, વાસ સાન્નિધ્યમાં
નમું નમું વિશ્વનાયી વિરાટ!—તું૦

તનસુખ ભટ્ટ

વર છે અને તેના કાંઠા ઉપર ઝાડપાન છે. સમુદ્ર કરતાં સરોવરની સપાટી વધારે ઊંચી હોય એમ લાગતું હતું.

પેન્ક્રોફ્ટ: 'સરોવરનું પાણી મીઠું હશે કે ખારૂં?'

સાઇરસ: 'મીઠું જ. જોતા નથી કે સરોવરનું જ પાણી પર્વતના ઝરણા રૂપે નીચે વહ્યું આવે છે?'

હર્બર્ટ: 'એકાદ નાની નદી તો એ સરોવરમાં આવી પડતી નહિ હોય?'

હાર્ડિંજ: 'જો એમ જ હશે તો તો જરૂર તેનું વધારાનું પાણી સમુદ્રને ક્યાંક મળતું જ હશે. પાછા ફરતાં આપણે તે તપાસી લેવું પડશે.'

લગભગ એક કલાક શિખર પર રહીને સૌએ બેટનું બની શકે તેટલું બારીક નિરીક્ષણ કરી લીધું. હવે માત્ર એક જ પ્રશ્નના ઉત્તર પર અહીં આવી પડેલા પ્રવાસીઓના સારાનરસા ભવિષ્યનો આધાર હતો તે એ કે આ બેટ ઉપર ક્યાંય મનુષ્યનો વાસ છે કે નહિ?

આ પ્રશ્ન સ્પિલેટે ઊભો કર્યો. શિખર ઉપરથી જ ચારે તરફ જોવાથી આ પ્રશ્નનો ઉકેલ થતો નહોતો. અહીંથી તો એમ જ લાગતું હતું કે આ બેટ જનમાનવશૂન્ય પ્રદેશવાળો છે. મકાન, ઘર, ગામ કે ઝૂંપડું સરખું યે ક્યાંય દેખાતું નહોતું, તેમ ક્યાંયથી ધુમાડો પણ નીકળતો નહોતો. જે સ્થળેથી આ બધું જોયું તે સ્થળેથી બેટની સીમા ત્રીસ માઇલ ઉપર હતી. કદાચ સીમાડા પર કોઇ વસ્તી હોય તો હોય. પણ તે જોઇ શકાતું નહોતું.

વધારે શોધ ભવિષ્યમાં કરવાનો મનસૂબો રાખી હાલ તુરત તો સૌએ એમ જ માન્યું કે આ પ્રદેશ નિર્જન છે. ત્યાં વળી એક બીજો પ્રશ્ન ઊભો થયો. આસપાસ કોઈ સ્થળેથી ક્યાંયથી અહીં મનુષ્યો આવતા હશે ખરા? પણ પચાસ પચાસ માઇલ સુધી તો ક્યાંય બીજા દ્વિપનું કે દેશનું નામનિશાન પણ જણાતું નહોતું. પચાસ માઇલની પેલી પાર કદાચ દ્વિપ કે દેશ હોય તો ત્યાંનાં માણસોને વહાણમાં કે હોડીમાં બેસી અહીં આવવામાં મુશ્કેલી તો ન જ હતી. એટલે અત્યારની સ્થિતિમાં તો ભવિષ્યમાં કશી વિપત્તિ આવે તો તેની પણ ગણત્રી રાખી તેને માટે તૈયાર થઇ રહેવાનું હતું.

દ્વિપની તપાસ ખતમ થઇ. પાછા ફરતાં હાર્ડિંજે ગંભીર સ્વરે કહ્યું: 'કદાચ આ દ્વિપમાં આપણે લાંબો વખત રહેવું પડશે. જોકે ભાગ્યવશાત્ એકાએક કોઇ વહાણ આવીને ઊભું રહે તોપણ નવાઇ જેવું નથી. ભાગ્યવશાત્ એટલા માટે કહું છું કે આ દ્વિપ જ એવો છે કે જ્યાંથી વહાણોને ચાલવાનો રસ્તો જ નથી.'

સ્પિલેટ: 'હાર્ડિંજ તમે બરાબર કહો છો. પણ હવે તો ગમે તેમ હોય આપણે સૌ એક જ પિતા પરમેશ્વરનાં જ બાળકો છીએ અને તમારી ઉપર અમને સૌને સંપૂર્ણ શ્રદ્ધા છે. આપણે આ દ્વિપમાં જ હવે મકાન કરીને સ્થિર થઇ રહીશું.' બધાએ આમાં સંમતિ આપી.

પાછા ફરતાં પહેલાં હાર્ડિંજે કહ્યું: 'આપણે એક કામ કરીએ. પાછા જતાં દ્વિપના પહાડ, નદી, નાળાં, ખાડીઓ, ઉપસાગર વગેરે બધાનાં નામ પાડતા જઇએ.'

પેન્ક્રોફ્ટ: 'આપણા પહેલા નિવાસસ્થળનું નામ મેં ચીમની રાખ્યું છે. વાંધો ન હોય તો તે કાયમ રાખીએ.'


હર્બર્ટ: 'એમ કરોને, આપણા સૌના નામ ઉપરથી જ એકએક નામ પાડોને!' આ સાંભળીને નેબ હસવા લાગ્યો. તે કહે, 'શું મારા નામ ઉપરથી પણ નામ પાડવામાં આવશે?'

સૌ અમેરિકનો હતા તેથી હાર્ડિંજના કહેવા પ્રમાણે અમેરિકાનાં પ્રસિદ્ધ નામો લઇને બેટનાં જુદાં જુદાં સ્થળોનાં નામ પાડ્યાં. બંને મોટી ખાડીઓનાં નામ 'યૂનિયન બે' અને 'વૉશિંગ્ટન બે' રાખ્યાં; અને પર્વતનું નામ રાખ્યું 'ફ્રાંકલિન'. તળાવનું નામ રાખ્યું 'લેક ગ્રાન્ટ'. બેટની નૈઋત્ય તરફના દ્વિપકલ્પનું નામ 'સર્પેન્ટાઇન પેનિનશુલા' રાખ્યું. કારણકે તે દેખાવે સાપ જેવો હતો. બેટની બીજી તરફની ખાડીનું નામ 'શાર્ક ગલ્ફ' રાખવામાં આવ્યું, કેમકે તેના બે કાંઠાના છેડાનો દેખાવ જાણે શાર્ક મત્સ્યે મોટું મોં વિકાસ્યું હોય તેવો થતો હતો. એના બંને કાંઠાની બે ભૂશિરોનાં નામ 'ઉત્તર મેન્ડિબલ' ને 'દક્ષિણ મેન્ડિબલ' એવાં રાખ્યાં.

હજી બેટના છેક અગ્નિ ખૂણે આવેલી ભૂશિરનું નામ પાડવાનું બાકી હતું. નેબની સૂચનાથી તેનું નામ 'ક્લો કૅપ' રાખવામાં આવ્યું.

ચીમની ઉપર ગ્રેનાઈટ પથ્થરનો સીધો પહાડ હતો. તેના શિખર ઉપર જે સપાટ જમીન હતી તેનું નામ 'પ્રોસપેક્ટ હાઇટ' રાખ્યું. આ સ્થળેથી આખી ખાડી સ્પષ્ટ રીતે જોઇ શકાતી હતી. જે નદીનું પાણી તેઓ પીતા હતા તેનું નામ 'મર્સી નદી' રાખ્યું, તેમજ જે જગ્યાએ બલૂનમાંથી ઊતર્યા હતા તે સ્થળનું નામ 'સેઇફટી આઇલેન્ડ' રાખ્યું, અને છેવટે આખા બેટનું નામ 'લીંકન દ્વિપ' રાખ્યું.

(ચાલુ) **મોંઘીબેન**



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતની હરીફાઈમાં પ્રથમ આવેલું ભાઈ નટવર રાવતનું ચિત્ર જે આ અંકની પ્લેટ તરીકે છપાયું છે તે જોઈ કોઇને પણ લાગશે કે ચિત્રને ઉચિત વસ્તુયોજના તથા ભાવની તાદૃશતા તેમાં બરોબર ઊતર્યાં છે. ફોટોગ્રાફીની નજરે એક પણ રેખા કે પ્રકાશ અદૃશ્ય રહ્યાં નથી, અને પાણીના વમળોથી માંડી ભેંશોની કુતૂહલભરી છતાં પ્રમાદી આંખો સુધી બધું સ્પષ્ટ દેખાય છે. પાણીના પટના જ આધારે ચિત્રભૂમિ બંધાઇ રહી છે અને પ્રસંગને બહાર લાવવા પૂરતાં જ તત્ત્વો સાચવી લેવાયાં છે.

બીજા ઈનામને પાત્ર 'ઊગતો ખેલાડી' નામનું પ્રભુલાલ શેઠનું ચિત્ર (નં. ૩) થાય છે. ત્વરિત ફોટોગ્રાફી (સ્નૅપશૉટ)નો એ અચ્છો નમૂનો કહી શકાય. ફટકો લગાવ્યા પછી દડાની પાછળ જોઈ રહેલા આ બાલ ખેલાડીના કુદરતી પેંતરામાં સ્હેજ પણ છટા ગુમાવાઈ નથી, અને ચિત્ર આંખને રમ્ય લાગે છે. માત્ર ચિત્રને ઉપર નીચેથી જરા કાતરી નાખવાની અમને જરૂર જણાય છે જેનું સૂચન તેમાં કરેલું છે. ત્રીજું ઇનામ 'પ્રવૃત્તિમાર્ગે' નામના ચિત્ર (નં.૨) માટે ભાઈ અશ્વિન ઓઝાને મળે છે. સરસ વસ્તુ ને સારી ફોટોગ્રાફી છતાં સ્હેજ વિલંબ ખમી વસ્તુગૂંથણી પર ધ્યાન આપ્યું હોત તો પાત્રસમૂહ ઠીક રચાત. ગાડાં સીધા માર્ગે ચાલ્યાં જાય છે તેમાં આડા આવતાં બે સ્ત્રી પાત્રો છૂટાં પડી ન ગયાં હોત તો અગ્રભાગમાં પ્રધાન વસ્તુ તરીકે તે ચિત્રને સારો ઉઠાવ આપી શકત. પાડનારમાં તક સાચવવાની શક્તિ હોય તો આ વસ્તુ સહજ છે. ભાઇ અશ્વિનનું કામ આશાદાયક લાગે છે. ચોથું, ઉત્તેજન પારિતોષિક, પાટણવાળા ભાઇ બ. શાહને 'પ્લેટ ડેવેલપમેન્ટ' નામના ચિત્ર માટે આપીએ છીએ. તેમણે ચિત્રવિષય ગોઠવ્યો, પણ ચિત્રનું યોગ્ય વાતાવરણ ઉતાર્યું નહિ. તેમજ નામ બહુ લાંબું રાખ્યું છે. 'ફોટોગ્રાફી', 'ડાર્કરૂમમાં' કે 'ડેવેલપિંગ એવું ટૂંકું નામ બસ થાત. ડાર્કરૂમનો પ્રકાશ કેટલો આછો અને ગંભીર હોય તે લાવવા જોઇતો વિચાર થયો નથી.

ભાઇ અચરતલાલ ગાંધીનું 'કુવા કાંઠડે' અને ભાઇ રમેશચંદ્ર મહેતાનું 'પડછાયા' એ બંને ચિત્રો કેટલીક કાપકૂપથી સુધરી શકે તેમ છે તેનાં સૂચન સાથે તે અહીં છાપ્યાં છે. 'પડછાયા'ને બદલે અમે 'એકલ રાજહંસ' નામ સૂચવીએ.

નોંધપાત્ર ચિત્રોમાં ભાઇ અસદમિયાં સૈયદ (પાલણપુર)નાં 'મદારી' ને 'દોહતી વખતે', ભાઇ જગન્નાથ મહેતા (અમદાવાદ) નું 'કઠિયારા', ભાઇ કાન્તિ પરીખનું 'બાલારામ', ભાઈ ચીમનલાલ ઠાકરનું 'એકચિત્ત';—વગેરેમાં સારી ફોટોગ્રાફી છતાં જોઇતાં ચિત્રલક્ષણો નથી ઊતર્યાં.



માધુકરી

વિરાટનો હિંડોળો ઝાકમઝોર;
કે આભને મોભે બાંધ્યા દોરઃ—વિરાટનો૦
પુણ્યપાપ દોર, ને વિરાટનો હિંડોળો
ફરતી ફૂમતડાંની ફોરઃ
ફૂદડીએ ફૂદડીએ વિધિના નિર્માણમન્ત્ર
ટહુકે તારલિયાના મોરઃ—વિરાટનો૦

—કવિ નાનાલાલ

ટૉમસ બાટા

હાલની ગંજાવર ઉદ્યોગસ્થાપનામાં હેન્રી ફૉર્ડ જેટલો જ દષ્ટાંત રૂપ, ઝેકોસ્લોવાકિયાનો બીનતાજ નરપતિ અને દુનિયાનો બીનહરીફ 'શૂ કિંગ' (બાટા શૂઝનો નામાંચો કારીગર અને વેપારી) મિ. બાટા મૂળ એક અદનો જોડાનો વેપારી હતો. મોરાવિયા પ્રાંતમાં ઝ્લીન (Zlin) કરીને એક ગામ છે ત્યાં તેના પિતાની મોચીની દુકાન હતી. દીકરાએ તે ચાલુ રાખી. ધીમેધીમે તેમાંથી કારખાનું જમાવ્યું અને વખત જતાં તેનું કામ એટલું બધું વધી પડયું કે આજે દુનિયાના જુદાજુદા ભાગોમાં લગભગ ૨૦૦૦ સ્થળોએ તેનો માલ જવા લાગ્યો છે! તેણે અમેરિકા જઇને જથ્થાબંધ માલ કાઢવાનાં સાધનોનો અભ્યાસ કર્યો. આજે બાટા ફૅકટરીનાં પાંચપાંચ માળનાં કેટલાં યે મોટાં મકાનો થઇ ગયાં છે. તે દરેક એકએક કારખાનું છે. એકમાં અમેરિકાની બાનુઓના જોડા બન્યા કરે છે; બીજામાં માત્ર પૅકિંગનાં બાકસો જ બનતાં હોય; ત્રીજામાં વળી જોડા સુધારાતા હોય. માત્ર પાંચ જ વર્ષ પહેલાં આ કારખાનાનો ઉત્કર્ષ શરૂ થયો અને તે પછી તે કૂદકે ને ભુસ્કે વધી ગયું.

૧૯૨૩માં ૧૮૦૦ કામદારો મારફત તે રોજની ૧૮૦૦ જોડીઓ તૈયાર લેતો. આજે તેના કારખાનામાં ૧૭૬૦૦ જેટલા કામદારો છે અને રોજના ચામડાના જોડા ૯૦,૦૦૦, રબરના ૪૦,૦૦૦ અને સૂતી વખતે પહેરવાના સ્લિપરો ૪૦૦૦ બનાવી શકે છે. ઝ્લીન ગામની વસ્તી ૧૯૨૦માં ૪૫૦૦ની હતી. આજે તેથી પાંચ ગણી છે. એકલા ઝેકોસ્લોવાકિયા પ્રાંતમાં જ તેની ૧૯૪૬ છૂટક વેચાણ કરનારી દુકાનો છે. બાટાએ ગામના લોકો અને કામદારો માટે બે મોટાં મકાનો બાંધ્યાં છે, તેમાં તેમને જોઇતી સર્વ વસ્તુઓ મળી શકે છે. ત્યાંનું દૂધ પૂરૂં પાડનારૂં ખાતું બહુ જ લોકોપયોગી થઇ પડયું છે. એમ કહેવાય છે કે દુનિયાના કોઈપણ પ્રદેશ કરતાં અહીં જણ દીઠ દૂધનો ખોરાક વધારે છે.


બાટાના કારખાનામાં પક્ષપાતનો લાભ કોઇને મળતો નથી. કોઈપણ માણસ કામની લાયકાત બતાવી ગમે તેટલે ઊંચે વધી શકે છે. બાટા અઠવાડિયાના પાંચ દિવસો કામના રાખવાના મતનો હતો;—જોકે પોતે કદી કામ છોડતો નહિ. દર શનિવારે જુદાજુદા ખાતાના ૧૫૦ મુખીઓ ભેગા થઇને બીજા અઠવાડિયાના કામનો ઘાટ ઘડે છે અને છેલ્લા અઠવાડિયાના કામની તારવણી કાઢે છે. દરેક ખાતાના મુખીનો પગાર કામના પ્રમાણમાં ચૂકવાય છે. વધારે માલ કાઢે અથવા ઓછો ખર્ચ લાવે તે પ્રમાણે તેને લાભ મળે છે. કારખાના માટે વીજળીક બળ ઉત્પન્ન કરતું જંગી કારખાનું, તેનાં યંત્રો, ફૅકટરીનાં મકાનો તથા તે ઉપરાંત કામદારો માટે ઘરો, વિશ્રામગૃહો, દવાખાનું શાળાઓ, સીનેમા, ઉપાહારગૃહો વગેરે બાટા પોતાનાં જ ચલાવે છે.

દારૂને તે મોટી બદી અને ઉદ્યોગનો કટ્ટો શત્રુ માનતો હોવાથી તેનાં દૂષણો ને નુકસાન દર્શાવતાં ચિત્રો તથા પોસ્ટરો તેની ફૅકટરીમાં ઠારોઠાર ચોડાએલાં હોય છે. તેની સંસ્થાનું જ એક ન્યુસપેપર પણ નીકળે છે. તેમાં જે ખાતાએ અઠવાડિયા દરમ્યાન સરસ કામ કર્યું હોય તેની હકીકત આપી જ હોય.

પોતાનાં માણસોને મોંઘવારી નડે જ નહિ તે માટે ચોક્કસ ભાવે વસ્તુઓ વેચનારો એક મોટો સ્ટોર પણ કર્યો છે.

બાટાના ઔદ્યોગિક પરાક્રમ પર જર્મની, ઇંગ્લંડ વગેરે સ્થળે જાતજાતની કડવીમીઠી વાતો જોશભેર ચાલતી. એક જર્મન પુસ્તકે તો તેને 'The unknown dictator' અજ્ઞાત સરમુખ્યાર કહીને બાટાઇઝમ (બાટાશાહી) પર કેટલાક અપવાદો મૂકયા





ઝ્લિન ગામમાં વિસ્તરી રહેલાં બાટાનાં કારખાનાંઓ

હતા. આને માટે બાટાએ કેસ માંડી તે જાતની ચર્ચાઓ બંધ પાડી. બીજું પણ Europe versus Bata (યુરોપનો હરીફ બાટા), મોચીની દુકાનમાં બનેલો ઝેક ફોર્ડ, The Problum of Bata (બાટા શું કરશે?) વગેરે નામથી વિવિધ સાહિત્ય પ્રસર્યું છે. ઘણાં વર્ષોના ચિંતન પછી ૧૯૨૪માં તેણે પોતાના ધંધાનો સિદ્ધાંત જણાવ્યો કે 'આજસુધી કામ કરનારો પોતાના નિર્વાહની દૃષ્ટિએ જ મહેનત કર્યા કરતો, પણ તેના કામમાં ગ્રાહકોની જરૂરિયાત કે મુશ્કેલી શી છે તેનો વિચાર કરતો નહોતો. દરેક કારીગર કે કામદારના મગજમાં એ જવાબદારીનું ભાન થવું જોઇએ ને પોતાની મજૂરીનું ફળ માત્ર કમાણી જ નહિ પણ પોતે કામમાં બતાવેલો ગુણ, સંસ્કાર કે પાત્રતા પણ મુખ્ય છે તેનો પણ તેણે વિચાર કરવો જોઇએ. દરેક કામદારે પોતાનું કામ બીજા સાથીદારોની મહેનતમાં પૂર્તિ કરે એવું કરી આપવું જોઇએ. કહેવામાં આ જેટલું સહેલું લાગે છે એટલું ક્રિયામાં ઉતારવું અઘરું છે.'

બાટાએ તે સિદ્ધાંત ક્રિયામાં ઉતારી બતાવ્યો. તેના એક ખાતાએ તૈયાર કરેલો માલ નિયત ધોરણ પ્રમાણે બનેલો ન મળે તો તેનો આગળ ઉપયોગ કરનાર ખાતું, આપણે જેમ બજારમાંથી આવેલો માલ પસંદ ન પડતાં પાછો કાઢીએ તેની જ રીતે પાછો વાળી શકે છે અને દરેક ખાતાના હિસાબ પણ ખરીદી, વેચાણ, ઠરાવેલી કિંમત વગેરે સાથે ચોપડામાં પડે છે, અને કોઇપણ માલ બીજા ખાતાને અપાય છે ત્યારે તેને વેચાણ લખી એ ખાતા પર તેની રકમ ઉધરે છે. આમ દરેક ખાતું પોતાની ઉત્પાદક શક્તિ અને ખર્ચનો વિચાર કરી શકે છે અને પોતપોતાના ચોખ્ખા નફા પ્રમાણે ખાતાંઓ વચ્ચે એક જાતની સ્પર્ધા જામે છે; કેમકે દરેક ખાતાના નફાના પ્રમાણ ઉપર તેનો લાભ તેના મુખી તથા કામદારોને અપાય છે. આમ દરેક ખાતું એકબીજાથી સ્વતંત્ર અને અલગ વહીવટ સાચવતું હોવા ઉપરાંત સાથે બીજા વિભાગને જોઇતી સામગ્રી કે સહાયમાં વસ્તુની સંપૂર્ણતા અને સફાઇ પૂરાં કરી આપે છે. આમ એક મોટા ઝૂમખામાં સંકળાએલી સ્વતંત્ર સંસ્થાઓ પ્રમાણિક સ્પર્ધા કરતી જ રહે છે.

આ વિશાળ ગોઠવણના પરિણામે બાટાએ તૈયાર કરી બજારમાં મૂકેલા માલમાં ૮૦ ટકા તો પદાર્થનો જ ખર્ચ હોય છે,જ્યારે કોઇ હરીફ વેપારીઓ ૭૦ ટકા ઉપર વાપરી શકતા નથી.

ઝેકોસ્લોવાકિયાની સરકાર મજૂર પક્ષને ઘણું રક્ષણ આપી રહી છે,છતાં બાટાએ પોતાને ખર્ચે કારીગરોને પહેલા દરજ્જાની તાલીમ તથા પ્રગતિ તરફ વધવાને દરેક જાતનું પ્રોત્સાહન મળે એવી સંસ્થાઓ સ્થાપી છે તે સાથે નાલાયક કે અણઘડને બાજુ કરી નાખતાં યે ત્યાં વિલંબ થતો નથી.

મિ બાટાનો પુત્ર અને તેનાં બીજાં સગાંસંબંધીઓ કારખાનામાં કામદારોની માફક જ કામ કરે છે. તે છોકરાએ સત્તર વર્ષની ઉમરે જ વિમાનમાં ઊડવાનું શીખીને તેનું લાયસન્સ મેળવી લીધું, જેથી ધંધાની અભિવૃદ્ધિ માટે ખરીદેલાં ૧૧ ઍરોપ્લેનોમાંથી કોઇપણ તે વખત પડતાં ચલાવી શકે. મિ. બાટાને મન ધંધામાં કોઇ દેશમર્યાદા નહોતી દુનિયાનો જ ધંધો અને દુનિયા જ એક બજાર એમ તે માનતો.

થોડા જ વખત પહેલાં તેનું એક વિમાન અકસ્માત ભાંગતાં, પછડાયું તે સાથે તે મૃત્યુ પામ્યો. તેનાં ગંજાવર કારખાનાં અને દુકાનો તેનું નામ અમર રાખે એવાં છે. વ્યવસ્થિત યોજનાથી આ જમાનામાં ધંધો કેટલો વધારી શકાય તેનું તેણે ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. (ટ્રેઝર ચેસ્ટ)

સાહિત્યમાં નોબેલ પુરસ્કારના વિજેતાઓ

૧૯૦૧—સલી પ્રૂડોમ (Sully Prudhomme) પારીસ (ફ્રાંસ)
૧૯૦૨—મૉમ્સેન (Mommsen) બર્લિન (જર્મની)

૧૯૦૩—બ્યૉર્નસન (Björnsen) ઑસ્લો (નૉર્વે)
૧૯૦૪—મિસ્ટ્રાલ (Mistral) ફ્રાંસ
એશેગરાય (Echegeray) માડ્રિડ (સ્પેન)
૧૯૦૫—સિયેનકીવિચ (Sienkiewicz) વૉર્સો (પોલૅંડ)
૧૯૦૬—કારડુક્કી (Carducci) બોલોનિયા (ઇટલી)
૧૯૦૭—રડયાર્ડ કિપ્લિંગ (R. Kipling) લંડન (ઇંગ્લંડ)
૧૯૦૮—આર. યૂકન (R. Eucken) યેના (જર્મની)
૧૯૦૯—સેલ્મા લેગરલૉફ (Lagerlof) અપ્સલા (સ્વીડન)
૧૯૧૦—હાયઝે (Heyse) મ્યૂનિક (જર્મની)
૧૯૧૧—મૉરિસ મેટર્લિંક (Matterlink) બેલ્જીઅમ
૧૯૧૨—જી. હૉપ્ટમાન (G. Hauptman)
આગ્નેટેનડૉર્ફ (જર્મની)
૧૯૧૩—રવીન્દ્રનાથ ઠાકુર—શાંતિનિકેતન—કલકત્તા (હિંદ)
૧૯૧૪— . . . . .
૧૯૧૫—રોમાં રોલાં (Romain Rolland) પારીસ (ફ્રાંસ)
૧૯૧૬—હાઇડનસ્ટામ (Heidenstam) સ્વીડન
૧૯૧૭—જિલેરપ (Gjellerup) ડેન્માર્ક
પૉન્ટોપિડન (Pontoppidan) કોપનહાગન (ડેન્માર્ક)
૧૯૧૮— . . . . .
૧૯૧૯—સ્પિટલર (Spittler) લ્યૂસર્ન (સ્વિટ્ઝરલૅંડ)
૧૯૨૦—નટ હૅમ્સન (Knut Hamsun) નૉર્વે
૧૯૨૧—અનાતોલ ફ્રાંસ (A. France) પારીસ (ફ્રાંસ)
૧૯૨૨—જે. બેનાવાન્તે (J. Benavante) માડ્રિડ (સ્પેન)
૧૯૨૩—યીટ્સ (W. B. Yeats) ડબ્લિન (આયર્લૅંડ)
૧૯૨૪—રેમૉન્ટ (Reymont) પોલૅંડ
૧૯૨૫—જી. બર્નાર્ડ શૉ (G. B. Shaw) ડબ્લિન (આયર્લૅંડ)
૧૯૨૬—ગ્રાઝિયાદાલેદ્દા(Daledda)પેર્ટોમારીઝિયોસાર્ડિનિયા
૧૯૨૭—બેર્ગસૉ (Bergson) પારીસ (ફ્રાંસ)
૧૯૨૮—સીગ્રિડ અન્ડસેટ (S. Undset) ઑસ્લો (નૉર્વે)
૧૯૨૯—ટૉમસ માન (Thomas Mann) મ્યૂનિક (જર્મની)
૧૯૩૦—સિંક્લેર લૂઇ (Sinclaire Lewis) અમેરિકા
૧૯૩૧—કાર્લફેટ (Karlfedt) ઑસ્લો (નૉર્વે)
૧૯૩૨—જૉન ગાલ્સવર્ધી (J. Galsworthy) ઇંગ્લંડ

—નરેન્દ્રદેવ વિદ્યાલંકાર

સ્વ. જ્હૉન ગાલ્સવર્ધી



છેલ્લા (૧૯૩૨ના) વર્ષનું નોબેલ ઈનામ જ્હૉન ગાલ્સવર્ધીને મળ્યાનું હજી ત્રણ જ માસ પર (૧૦મી નવેમ્બરે) જાહેર થયું, ને આ વર્ષની ૩૧મી જાન્યુઆરીએ તો તેનું અવસાન થયું. તેની જે વિખ્યાત નવલમાળા 'ફોરસાઇટ સાગા' માટે એ પારિતોષિક મળ્યું તેના પહેલા પુસ્તક 'ધ મૅન ઑફ પ્રૉપર્ટી'નો સારાંશ આપતો તેની સાહિત્યકલાનો પ્રશસ્તિ લેખ 'કૌમુદી'ના જાન્યુઆરી અંકમાં પ્રગટ થયો છે તે ઇચ્છુકોએ વાંચવા જેવો છે.

જ્હૉન ગાલ્સવર્ધીની સાહિત્યકલાની કદર, ઘણા સાહિત્યકો માને છે તેમ, સ્વીડનની નોબેલ પારિતોષિક સમિતિએ, જરા મોડી કરી. અંગ્રેજી સાહિત્યમાં તો તેની કૃતિઓએ બહુ લાંબા કાળથી પ્રથમ પંક્તિની ગણાઇને તેનું ઉચ્ચ સ્થાન સ્થાપિત કર્યું છે. ઇ. ૧૮૬૭ના ઑગસ્ટની ૧૪મી તારીખે તેનો જન્મ થયો અને હૅરો તથા ઑક્સફર્ડમાં અભ્યાસ કરીને ૧૮૯૮માં તેણે બૅરિસ્ટરી પસાર કરી. પણ વકીલાત તેને ફાવી નહિ ને એ સાહિત્યક્ષેત્રમાં પડ્યો. જે નવલમાળા માટે તેને નોબેલ પારિતોષિક મળ્યું તેનું પહેલું પુસ્તક આજથી છેક એક પચ્ચીશી ઉપર ૧૯૦૬માં બહાર પડેલું ને ત્યારે જ વખણાએલું, ને ત્યાર બાદ બહાર પડતાં આવતાં એ માળાનાં બીજાં પુસ્તકોએ તેના કીર્તિલેખ ઉપર મહોર મારી. તે પછી ઇંગ્લંડે તેની પ્રતિભાને સદા સાભિમાન સત્કાર્યા જ કરી છે, અને તેના કળશ રૂપે એક વર્ષ પર ત્યાંની રાજ્યસત્તા તરફથી તેને ઓ. એમ. (ઑર્ડર ઑફ મૅરિટ)નો ઈલ્કાબ એનાયત થયો છે. નવલકથાઓ ઉપરાંત તેણે ટૂંકી વાર્તાઓ, નિબંધિકાઓ ને નાટકો પણ લખ્યાં છે; અને નાટકોએ તો તેની ખ્યાતિને એટલી ઉજ્જ્વલ કરી છે કે તેને 'સાહિત્યકાર અને નાટ્યકાર' એમ બેવડે નામે ઓળખાવીને એનું બહુમાન કરવામાં આવે છે. જૂની પ્રણાલિકાએ ચાલી આવતી નાટકિયા સંભાષણપદ્ધતિ બદલીને સ્વાભાવિક સંભાષણો નાટકોમાં ઉતારનાર એ પહેલો નાટ્યકાર છે.

ખેદની વાત એ છે કે આવો પ્રતિભાશાળી સાહિત્યક પોતાની પ્રતિભાનો ફાલ જગતને આપવાને તથા જગતે પોતાનું મોટામાં મોટું પારિતોષિક અર્પીને તેની કરેલી કદરશનાસી ભોગવવાને લાંબું ન જીવ્યો.

વર્ણોપચાર વિદ્યા

વર્ણોપચાર વિદ્યા પ્રમાણે જ્યારે શરીરમાંથી અમુક રંગ ઓછો થાય છે ત્યારે અમુક રોગ થાય છે. આ વિદ્યામાં ખાસ કરીને ભૂરો, રાતો, નારંગી, પીળો અને લીલો એટલા રંગોનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉપર જણાવેલા દરેક રંગની શીશીમાં પાણી ભરી ઓછામાં

ઓછી તે બે કલાક તડકામાં રાખવી. એથી વધારે રહે તો કાંઇ વાંધો નહિ. ચોમાસાની શરૂઆત પહેલાં ઉપર જણાવેલી રંગની શીશીઓમાં ખાંડેલી સાકર રાખી તેને પણ ઓછામાં ઓછી બે કલાક તડકામાં રાખવી, જેથી ચોમાસામાં જ્યારે વાદળાં હોય અને તાજું પાણી ન થઇ શકે ત્યારે તેનો ઉપયોગ થાય. આ પ્રમાણે થએલી દવાનો ઓછામાં ઓછા એક આંસનો ડોઝ બબ્બે કલાકે આપવો.

ભૂરો રંગ ઠંડો ને નરમ છે. તે શાંતિ ને પવિત્રતા શરીરમાં ફેલાવે છે ને લોહીને સુધારે છે. એનાથી લગભગ પચાસેક રોગ મટે છે. ભૂરું પાણી અને પ્રકાશ લેવાથી નીચેના રોગો મટે છે:

ગાંડપણ, મરડો, સર્પદંશ, અપચો, મૅલેરીઆ, તાજો સંધિવા (કળતર), છોકરાનું રડવું, દિલગીરી, ખરેરી, હડકવા, હેડકી, તરસ, મગજનો તાવ, ઇન્ફ્લ્યુએન્ઝા, મૂર્છા, માથું દુખવું, ભારે અવાજ, ઉધરસ (તાજી), કૉલેરા, ન્યૂમૉનિયા, ઉલટી, ટાઇફૉઇડ તાવ, માતાના તાવ, તાણ, આંચકી, શૂળ, ગળાનાં દર્દો, મોઢામાં ચાંદાં, પેઢાં ચઢવાં, ફેર ચડવા, અતિસાર, આંતરડાંનો રોગ, દુખતી આંખો, માંથામાં ગુમડાં, ધબકારા, એપેન્ડિસાઇટિસ, દાંત આવવા, પિત્ત, પેટમાં ચૂંક, પેશાબમાં મુશ્કેલી, કાનનો દુખાવો, ખસ, ઘા, ડામ, દાઝવું, ગુમડાં, કમળો, હરસ, આંજણી, બ્હેરાપણું, નસકોરી ફૂટવી, ટાલ વગેરે.

રાતો રંગ નરમ અને સખત છે અને તે જીવન, હિંમત તથા બળ આપનારો છે. નીચેના રોગો રાતા પાણી ને પ્રકાશથી મટે છે: સુસ્તી, પક્ષઘાત, સૂકાઇ જવું, તરસ, અગ્નિમાંદ્ય, ઊંઘ ઊડી જવી વગેરે.

તદ્દન પીળા રંગની શીશીઓ મળતી નથી તેથી ઝાંખા નારંગી રંગની શીશી વાપરવી. ઝાંખા નારંગી પાણી અને પ્રકાશથી માત્ર કોઢ એક જ મટે છે. ઘેરો નારંગી રંગ સામાન્ય રીતે શક્તિ આપનાર છે અને તેનાથી નીચેના રોગો મટે છે: થાકનો તાવ, જૂની ઉધરસ, આમ્લ પિત્ત, કબજિયાત, જૂનું કળતર, શરદીનો કફ, ઝાડામાં પાણી, ઓડકાર, સંધીવા, દમ, પેટમાં દુખવું, અપચો, ઊનવા વગેરે.

લીલા પાણી અને પ્રકાશથી નીચેના રોગો મટે છે: ગુમડાં ઘા, શરદી વગેરે. ચામડીનાં દરદો ઉપર પાણીનાં પોતાં મૂકવાં.

આમાંના ઘણાખરા અખતરાઓ મેં અજમાવી જોયા છે અને તે સફળ નીવડ્યા છે. —નરેન્દ્ર મહેતા

કૃત્રિમ ફૂલદાન

એક રકાબીમાં સ્ટીમકોલસનો ટુકડો રાખો. તેના ઉપર લૂગડાંમાં નાખવાની ગળી અને મીઠાના પાણીમાં કરેલા મિશ્રણના પાંચ મોટા ચમચા નાખો. ૪૮ કલાક પછી જુઓ કે શું બની રહ્યું છે. બે ત્રણ દિવસ બાદ એ જ મિશ્રણ તેના ઉપર ફરી નાખો; પણ અગાઉ કરતાં અરધું જ. પછી રહેવા દો. બીજે દિવસે જોશો તો કોલસા ઉપર તરેહવાર સુંદર રંગના પાસા નીકળ્યા હશે. રકાબીની કિનાર સુધી તે આવી ગયા હોય તો હળવેથી લૂછી નાખવા; નહિ તો બીજા કોઇ કપડાને ખરાબ કરશે. જે આકારો ઊગી આવે છે તે બહુ જ બારીક રજના બનેલા હોય છે તેથી જરા થડકો લાગતાં ઢગલો થઇ જશે; માટે રકાબીને ફેરવવી ન પડે તેમ જ ધક્કો વા પવન ન લાગે એવે ઠેકાણે પહેલેથી જ રાખવી. તેમાં બીજા રંગોની પણ ચટકી લાવવી હોય તો પીળો મર્ક્યુરો ક્રોમ (mercurochrome) રંગ પણ નાખી શકો. આથી સુંદર ફૂલ જેવા આકારો ઊપડશે ને આંખને બહુ આનંદ આપશે (અંગ્રેજી ઉપરથી)

ચોંટેલાં ઝાડ

અમેરિકાના નૉર્થ કૅરોલિનાના કાલ્ડવેલ પરગણામાં બે ઝાડ ૨૫ ફીટ ઊંચે ગયા પછી એકબીજાને ભેટતાં હોય તેમ ચોંટી ગએલાં ઊભાં છે. તેની આ વિચિત્રતાથી એ આખું જંગલ કાપતી વખતે તેને ખાસ બચાવી સંરક્ષવામાં આવ્યાં છે તેના વિષે જંગલશાસ્ત્રીઓ અનેક ખુલાસા આપે છે, પરંતુ એ પ્રાંતમાં તેના વિષે નીચેની દંતકથા પ્રચલિત છે.

ઘણાં વર્ષો પહેલાં ઇરોકી ઇન્ડિયનો (અમેરિકાના મૂળ વતની)ની બે ટોળીઓ વચ્ચે જીવલેણ વિગ્રહ ચાલતો હતો. તેનાથી બંને પક્ષનાં માણસોનો ક્ષય થતો જોઇને બંને તરફના સરદારોએ સંધિ કરવાનું ઠરાવ્યું તે માટે તેમનું પંચ આ જંગલમાં મળ્યું. હોકાપાણીની આપલે થયા બાદ સુલેહની શરતો નક્કી થઇ અને તેની પાકી યાદગીરી રાખવાને કંઇક સંકેતની જરૂર જણાઇ. એટલે દરેક પક્ષનો એક એક પઠ્ઠો જુવાન ટયુલિપનાં આ ઊગતાં ઝાડ પર ચડયો અને તેમને સામસામાં નમાવી હરણના ચામડાથી સજ્જડ બાંધી દીધાં. તે પછી બંને બાજુના આગેવાનોએ આ વૃક્ષોના સંબંધ આગળ પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી એ ઝાડ એકમેકને ચોંટ્યાં રહેશે ત્યાં સુધી તેઓ પરસ્પર યુદ્ધ કરશે નહિ. પછી વખત જતાં ઝાડો તો એમ ને એમ ચોંટી રહ્યાં અને એ ટોળીઓને કદી લડવું પડયું નહિ. (અંગ્રેજી ઉપરથી)

વનચરોનું સંરક્ષણ

જંગલી પ્રાણીઓનો શિકાર કરવામાં માત્ર બાલિશતા છે; પ્રૌઢ બુદ્ધિવાળા માનવીને એ છાજતું નથી; પ્રાણીની જિંદગી તરફ એ નાહકની ક્રૂરતા છે; એમાં કશું પરાક્રમ નથી. આ ગ્રાન્ડ ગ્રૅવેથ વેલ્સ નામના પ્રસિદ્ધ શોધક અને અરણ્યશાસ્ત્રીનાં વચનો છે. એ વળી કહે છે કે સિંહ, દીપડા, હાથી, હીપ્પો વગેરેને જગતભરમાં સાચવી રાખવાં જોઇએ. ચામડાં, દાંત, મોરાં વગેરેની લાલચ ખાતર મોટરોમાં ઊભી તાકાતની બંદૂકો લઈ નીકળનારા શિકારીઓને વારવા જોઇએ. ઉચ્ચ માનવસંસ્કૃતિના ન્યાયાસન આગળ તેનો કશો બચાવ ન હોઇ શકે.




મહારાષ્ટ્રીય સંતકવિ તુકારામને કર્કશા પત્ની જોડે પાનું પડેલું એક વાર શેરડીના સાંઠા લઇને તુકારામ ઘેર આવતા હતા ત્યાં માર્ગમાં થોડા રંક માણસો મળ્યા;તેમના પર દયા આવવાથી તેમને તે વહેંચ્યા અને બાકી એક વધ્યો તે લઇને ઘેર આવ્યા. તેમનાં પત્નીને આ ખબર પહેલેથી જ પહોંચ્યા હતા. એટલે જેવો તેમણે એ સાંઠો પત્નીને આપ્યો તેવું જ તેણે ચંડી રૂપ ધારણ કરી તે સંતના વાંસામાં એટલા તો જોરથી માર્યો કે સાંઠાના બે કટકા થઇ ગયા. છતાં સંત તો અદ્‌ભુત સહનશીલતાથી હસીને બોલ્યા: 'તેં ખરેખર સહધર્મિણીનો ધર્મ બજાવ્યો છે. મેં તને એકલીને ખાવા માટે આપ્યો, પણ તેં એકલાં ન ખાતાં ભાંગીને બે કટકા કર્યાં.'

કૅમેરાના લેન્સને મોંના શ્વાસની હવા આપી સાફ કરવાની ટેવ સારી નથી; ઘણાના શ્વાસમાં લેન્સના કાચને નુકસાનકારક રાસાયનિક તત્ત્વો હોય છે. તેના પર કપડું ઘસવું તે પણ ભૂલ છે. ખરી જરૂર લેન્સ પર ચોંટેલી રજ કાઢી નાખવાની છે, જે ઘસવાથી તો ઉલટી અંદર ભરાય. સાચો માર્ગ સુંવાળા વાળની ઝીણી પીંછી વડે સાફ કરવાનો છે.

મોરથુથુને થોડા જસતના કટકા સાથે પાણીમાં નાખી, બધું ઓગળી ગયે ઉપરનું પાણી કાઢી નાખવાથી નીચે જે ભૂકો રહે તે ઑકસાઇડ ઑફ કૉપર. દારૂખાનું બનાવવામાં તે બહુ ઉપયોગી છે.



હિંદમાં શિયાળામાં વહેતા વાયુના માર્ગો



દીવાદાંડીઓ સામાન્ય રીતે ૧૦૦થી ૨૦૦ ફુટ ઊંચી હોય છે. માત્ર કૅલિફૉર્નિયાના કિનારા પરની ૪૨૨ ફીટની દીવાદાંડી આજ સુધી ઊંચામાં ઊંચી ગણાતી હતી પરંતુ હવે તો હાવાઇ દ્વિપસમૂહમાંના લેહુઆ નામના ટાપુ પર ૧૯૩૧માં બંધાએલી આ દીવાદાંડી દુનિયાભરમાં ઊંચામાં ઊંચી ગણાય છે. પાસિફિકનાં પાણીથી એ ૭૦૭ ફીટ ઊંચી છે. એ ખડક ચઢવામાં અતિશય કપરો હોવાથી એ દીવાદાંડીમાં વિજળીની એવી સગવડ કરવામાં આવી છે કે એક આખું વરસ કોઇપણ માણસની જરૂર પડ્યા વિના અખંડ પ્રકાશ બળ્યા કરે.

રજમાત્ર સંચર થવા દીધા વિના-અતિશય ચુપકીદીથી ચાલવાની કલા અમેરિકન ઇંડિયનોએ એટલી હદે કેળવેલી કે ચાલતાંચાલતાં કંઇ પણ ભય જણાય કે તરત તે જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં (એક પગ મૂકેલો ને એક અરધો ઉપાડેલો હોય તો તેમ) પથ્થરના પૂતળા માફક તે સ્થિર થઇ શકતા. આ રીતે ચાલવાની કલા જંગલના વતનીઓ તથા શિકારીઓ ખાસ ખીલવે છે.



ઇંગ્લિશ ચૅનલનાં પાણી પર પગે ચાલીને તેને પાર કરનારો પહેલો માનવી કાર્લ નૉમેસ્ટ્નિક (Karl Naumestnik) નામનો એક ઑસ્ટ્રિયન શાળા-શિક્ષક છે. ઑસ્ટ્રિયામાં પાણી પર ચાલવા માટે પગે બાંધવાની 'સ્કિ' બહુ પ્રચલિત છે. ફ્રાન્સને કિનારેથી સ્કિ પહેરીને તે ઊપડ્યો ને પાણી પર ચાલતોચાલતો આઠ કલાકે ડોવરના કિનારે પગ મૂક્યો.

હાથલા થોરની રાખમાં ચોથા ભાગનો ગુંદર ભેળવવાથી ખાખી રંગ બને છે.

દોલો: 'ભૂસું શું કહેવાય ?'

ભોલો: 'મારા માસ્તર કહે છે કે મારા મગજમાં તે ભરેલું છે; પણ મેં એ જોયું નથી એટલે કેવી રીતે કહું ?

લસણની ફોલેલી કળીઓનો હાર ગળામાં પહેરાવી રાખવાથી મોટી ઉધરસ--ઉટાંટિયા--ની અસર વધતી અટકશે; અને બીજાને તેનો ચેપ નહિ લાગે.

પતંગિયું ઘરમાં આવે તેને જાપાનના લોકો તે કોઇ ગત સ્નેહીનો સંદેશો લાવ્યું હોય તેમ માને છે.



૬૬ ફૂટ લાંબાં ને ૩૮ ટન(લગભગ સવાબે હજારમણ) વજનનાં બ્રૉન્ટોસૉરસનામનાં આવાં જંગી ભૂચર પ્રાણીઓ આજથી આશરે છ કરોડ વર્ષ પર માનવીના ઉત્પન્ન થયા પહેલાં સૃષ્ટિના આદિ કાળમાં પૃથ્વી પર વસતાં. જુરાસિકના ખડકોમાં દટાએલા મળી આવેલા તેના અવશેષો પરથી પુરાવિદ્યા-વિશારદોએ તેનું આ સ્વરૂપ નક્કી કર્યું છે.